CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ ॐ ॥

ભામહકૃત કાવ્યદોષવિચાર
અને
નાટ્યોત્પત્તિ–કથા

લેખક :
વસન્તકુમાર મ. ભટ્ટ
નિદેશક, ભાષા-સાહિત્ય ભવન
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ – ૯.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ ॐ ॥

ભામહકૃત કાવ્યદોષવિચાર

અને

નાટ્યોત્પત્તિ–કથા

(नाट्यशास्त्रम् - अ० १)

લેખક :

વસન્તકુમાર મ. ભટ્ટ

નિદેશક, ભાષા-સાહિત્ય ભવન

ગુજરાત યુનિવર્સિટી,

અમદાવાદ – ૯.

૨૦૧૦

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ – ૧.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Bhāmaha's Kāvya Dośa–vimarśa
&
Nāṭyotpatti kathā

(First Chapter of Nāṭyaśastra)

Text, Translation, Explanation & Introduction

by

Prof. Dr. Vasantkumar M. Bhatt
Director, School of Languages
Gujarat University
Ahmedabad 380009.
bhattvasant@yahoo.co.in

© વિશ્વેશ વ. ભટ્ટ

પ્રકાશક :
શ્રી અશ્વિનભાઈ બી. શાહ
સરસ્વતી પુસ્તક ભંડાર
૧૧૨, હાથીખાના, રતનપોળ, અમદાવાદ – ૩૮૦૦૦૧.
ફોન : 079-25356692

પ્રથમાવૃત્તિ : જાન્યુઆરી, ૨૦૧૦

કિંમત : રૂા. ૬૫ – ૦૦

મુદ્રક :
શ્રી રામાનન્દ ઑફસેટ
કલોલિયાવાડી, કાંકરિયા રોડ,
અમદાવાદ – ૩૮૦૦૨૨.
M. : 98240 53772

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अस्मदीयं निवेदनम्

સંસ્કૃત ભાષાનો વ્યાકરણસમ્મત પરિશુદ્ધ વિનિયોગ કેમ કરાય તે જાણ્યા પછી અલંકારશાસ્ત્રની વિવિધ ચર્ચાઓથી શબ્દોનો સમુચિત અને અલંકૃત પ્રયોગ કોને કહેવાય—એ શીખવાનું હોય છે. વળી, આ શીખતાં પૂર્વે દોષહીન વાણી કેમ હોવી જોઈએ અને કાવ્યમાં કેવા કેવા દોષ હોઈ શકે/પ્રવેશી શકે—એની પણ શિક્ષા મળવી જોઈએ. આ આશયથી પ્રસ્તુત પુસ્તકમાં ભામહનો કાવ્ય-દોષવિચાર રજૂ કર્યો છે.

તથા, સંસ્કૃત નાટકોનો મહિમા વિશ્વ સાહિત્યમાં અંકિત થયેલો છે, ત્યારે તે નાટ્યની ઉત્પત્તિકથા કેવી છે ? — એ જાણવાનું કૌતુક થાય એ પણ સ્વાભાવિક છે. તેથી અહીં, ભરતમુનિના નાટ્યશાસ્ત્રના પ્રથમ અધ્યાયને રજૂ કર્યો છે અને તેની પ્રસ્તાવનામાં આ નાટ્યોત્પત્તિકથાનું મિથકીય અર્થઘટન પણ પ્રસ્તુત કરીને નવોદિત છાત્રોને નવું માર્ગદર્શન આપવાનો પ્રયાસ કર્યો છે. આશા છે કે સાહિયત્યશાસ્ત્રના સૌ-જિજ્ઞાસુઓને આ ગમશે.

આ પુસ્તકના પ્રકાશક પ્રિય શ્રી અશ્વિનભાઈ શાહનો હૃદયથી આભાર માનું છું; અને જેમના માટે આ પુસ્તક તૈયાર કર્યું છે તે મારા વ્હાલા વિદ્યાર્થી ભાઈ—બહેનોને શુભેચ્છાઓ પાઠવું છું.

૧ જાન્યુ. ૨૦૧૦ —વસન્તકુમાર મ. ભટ્ટ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનુક્રમણિકા

પ્રકરણ–૧ :	ભામહકૃત દોષવિચારની ભૂમિકા	૫ થી ૩૩
પ્રકરણ–૨ :	દોષ–નિરૂપણ (શ્લોક, અનુવાદ અને સમજૂતી)	૧૪ થી ૪૩
પ્રકરણ–૩ :	ભામહના દોષવિચારની સમીક્ષા	૪૪ થી ૪૫
પ્રકરણ–૪ :	નાટ્યોત્પત્તિકથાની પ્રસ્તાવના	૪૭ થી ૫૭
પ્રકરણ–૫ :	નાટ્યશાસ્ત્ર–પ્રથમ અધ્યાય (શ્લોક, અનુવાદ)	૫૮ થી ૭૯
પ્રકરણ–૬ :	હેતુલક્ષી પ્રશ્નો	૮૦ થી ૮૮

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ–૧

ભૂમિકા : અલંકારશાસ્ત્રમાં દોષવિચાર

(૧) વાણીનો મહિમા

મનુષ્ય એ બુદ્ધિશાળી પ્રાણી હોવા ઉપરાંત ભાષાનો ઉપયોગ કરતું પ્રાણી છે. મનુષ્યો જેવી સાર્થક ભાષાનો પ્રયોગ કરે છે તેવી ભાષાનો પ્રયોગ બીજું કોઈ કરતું નથી. આ તેની અનિતર–સાધારણ વિશેષતા છે. વાક્યપદીયમાં ભર્તૃહરિએ વાણીને પુણ્યતમ જ્યોતિ કહેલ છે. આ બ્રહ્માણ્ડમાં ત્રણ જ્યોતિઓ છે– (૧) સૂર્ય, (૨) આત્મા અને (૩) વાણી. સૂર્ય ના હોય તો સર્વત્ર અંધકાર ફેલાઈ જાય. પ્રાણીઓના શરીરમાં આત્મ રૂપ જ્યોતિ જો સ્ફુરાયમાણ ના હોય તો બહારના સૂર્યની કોઈ કિંમત નથી અને જો વાણી રૂપી જ્યોતિ મનુષ્યો પાસે ના હોય તો તે ગાય–ભેંસ વગેરે પશુઓથી કોઈ રીતે જુદો ના હોત. આથી ભર્તૃહરિ (અને તેમના ટીકાકાર હેલારાજે) વાણીને 'પુણ્યતમ' જ્યોતિ કહેલ છે.

આના જ અનુસંધાનમાં કાવ્યાદર્શકાર દણ્ડીએ કહ્યું છે કે –

इदम् अन्धं तमः जायेत भुवनत्रयम् ।
यदि शब्दाह्वयं ज्योतिरासंसारं न दीप्यते ॥

જો 'શબ્દ' નામનું જ્યોતિ આ સંસારમાં ન ચમકતું હોત તો બ્રહ્માણ્ડના ત્રણેય ભુવનોમાં ગાઢ અન્ધકાર ફેલાઈ ગયો હતો. આટલા વિચારોથી જ વાણીનો મહિમા એકદમ સ્પષ્ટ થઈ જાય છે.

મનુષ્યોની પાસે વાણીનું હોવું તે તો ખૂબ મહત્ત્વનું છે જ, પણ મહાભાષ્યકાર પતંજલિ કહે છે કે કેવી વાણીનો પ્રયોગ કેવું ફળ આપનારી બને છે ? **एकः शब्दः सम्यग् ज्ञातः, सुष्ठु प्रयुक्तः स्वर्गे लोके च कामधुग् भवति ।** (મહા. १–१–१) અર્થાત્ "ભાષાનો કોઈ એક જ શબ્દ જો સમ્યગ્ રીતે જાણી લીધો હોય અને યોગ્ય સંદર્ભમાં તમે એને વાપરી જાણો તો તે શબ્દ આ લોકમાં અને પરલોકમાં પણ તમારે માટે કામધેનુ સમાન (= ઈચ્છિત ફળ આપનાર) બની રહે છે."

આ વાણીનો મહિમા તો સૌના અનુભવનો વિષય છે. સત્ત્વગુણથી ભરેલી વાણી માણસોને રાગ–દ્વેષથી મુક્ત કરીને પરમાર્થના–ઈશ્વરના–દર્શન કરાવી શકે છે. રજોગુણથી પ્રેરિત વાણી માણસોને વિવિધ કર્મોમાં, આંદોલનમાં, દોડભાગમાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ધકેલી શકે છે. તો તમોગુણથી ગ્રસ્ત વાણી મનુષ્યોને યુદ્ધમાં. વિનાશમાં સપડાવી દે છે. આ થઈ વ્યવહાર–જગત્‌ની વાણીની વાત. જ્યારે કાવ્યજગત્‌માં વપરાતી વાણી ઓજ, પ્રસાદ અને માધુર્ય જેવા ગુણોથી ભરેલી અને અલંકૃત હોવી જોઈએ.

પરંતુ વ્યવહારમાં વપરાતી કે કાવ્ય–નાટકાદિમાં વપરાતી વાણીની શુદ્ધતા બાબતે કેટલાક નિયમો જળવાવા જરૂરી છે. આથી ભાષાની શુદ્ધતાના મુદ્દે કાળજી રાખવા માટે મહર્ષિ પાણિનિએ વ્યાકરણશાસ્ત્રની રચના છે. વ્યાકરણના નિયમોના જ્ઞાન વિના શબ્દના સાધુત્વ અને અસાધુત્વનો નિર્ણય થઈ શકતો નથી. ભાષાની શુદ્ધિ (= વ્યાકરણ સમ્મતતા)નો વિચાર પહેલાં વ્યાકરણશાસ્ત્ર કરી આપે, તે પછી કાવ્યમાં વપરાયેલો શબ્દ ઔચિત્યપૂર્ણ છે કે નહીં ? – યોગ્ય પ્રસંગ/સન્દર્ભમાં યોગ્ય શબ્દ પ્રયોજાયો છે કે નહીં ? – તેનો વિચાર કાવ્યશાસ્ત્ર રજૂ કરે છે. (આ સંદર્ભમાં કાવ્યશાસ્ત્રને 'વ્યાકરણનું પુચ્છ' = પરિશિષ્ટ ભાગ – ગણવામાં આવે છે.) દા.ત. ભાષામાં 'અવાજ'ના વાચક શબ્દો અનેક છે. જેમ કે – રવ, નાદ, નિનાદ, રણિત, કૂજિત, ગદિત, ભણિત, ગર્જિત, ઇત્યાદિ. પણ 'અવાજ'ના વાચક આટલા બધા શબ્દોમાંથી, ગમે તે પ્રસંગે ગમે તે શબ્દ વાપરવો તે ઉચિત નથી. આ મુદ્દાને સમજાવતાં રુદ્રટે પોતાના 'કાવ્યાલંકાર' ગ્રન્થમાં એક ધ્યાનાસ્પદ શ્લોક લખ્યો છે :

मंजीरादिषु रणितप्रायान्, पक्षिषु च कूजितप्रभृतीन् ।
भणितप्रायान् सुरते, मेघादिषु गर्जितप्रयान् ॥

'મંજીરાં રણકી ઊઠ્યાં', 'પક્ષીઓનું કૂજન સંભળાયું'; પ્રેમક્રીડાઓમાં રાસક્રીડામાં – "ભણતિ" જેવાં ક્રિયાપદ વપરાય અને "મેઘ કે સિંહની ગર્જના સંભળાય છે"– એમ કહેવાય તો જ તેમાં ઔચિત્ય છે. આથી વિપરીત રીતે કોઈ શબ્દપ્રયોગ કરે, જેમ કે, "સિંહરવ સંભળાયો." અથવા "મંડૂકનાદ થયો" – તો તે તદ્દન અનુચિત શબ્દપ્રયોગ છે. અહીં 'સિંહગર્જના અને 'મંડૂકરવ'– એવું જ બોલાવું જોઈએ. એવી જ રીતે, મ–ન–ણ જેવા કોમળ અનુનાસિક વર્ણો શૃંગારક્રીડાના વર્ણનમાં એક પ્રકારે શ્રુતિમાધુર્ય પેદા કરે છે; તો ટ–ઠ–ડ–ઢ જેવા શ્રુતિકટુ વર્ણો રૌદ્ર, ભયાનકાદિ રસની નિષ્પત્તિ કરવા વધુ સફળ બની રહે છે. આમ શબ્દોની સમ્યક્ પ્રયોગયોગ્યતા તપાસવાનું કામ અલંકારશાસ્ત્રનું છે.

કાવ્ય દ્વારા જે વિવિધ રસોનો આસ્વાદ થાય છે તે તો અનુભવની ક્ષણોમાં અને સહૃદયોના ચિત્તમાં થતો હોય છે. પણ કાવ્યમાં 'શબ્દ' અને 'અર્થ'નું જે સાહિત્ય (=સહ–ઉપસ્થિતિ) હોય છે, તે તો પ્રત્યક્ષસિદ્ધ હોય છે. આથી આરંભિક કાળમાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અલંકારશાસ્ત્રમાં કાવ્યમાં વપરાતા 'શબ્દ'માં કેટલા ગુણ અને અલંકાર હોઈ શકે, તથા કાવ્યગત શબ્દોના 'અર્થ'માં કેટલા ગુણ અને અલંકાર હોઈ શકે ? એની ચર્ચાઓ જોવા મળે છે. પરંતુ ગુણ કે અલંકારની ચર્ચાઓની પણ પૂર્વે કાવ્યમાં કોઈ પણ પ્રકારનો અને નાનામાં નાનો 'દોષ' તો ન જ હોવો જોઈએ– એ પણ ચર્ચાનો વિષય બનેલો જોવા મળે છે.

જેમ માણસમાં ગુણ ના હોય તો ચાલે, પણ કોઈ પ્રકારના દોષો તો ન જ હોવા જોઈએ. તેમ કાવ્યમાં પણ ગુણ કે અલંકારના હોવા વિશે પછી વિચાર કરવામાં આવે છે, પણ દોષ તો ન જ હોવો જોઈએ – એ વાત તમામ આલંકારિકોએ સૌથી પહેલાં જ કહી છે ! ટૂંકમાં, જ્યારથી ભારતીય માનસને વક્તાના મનમાં રહેલો અર્થ/વિચાર શ્રોતાના મનમાં સંક્રાન્ત કરવા માટે વાણીની અભૂતપૂર્વ ક્ષમતાનો બોધ થયો છે, ત્યારથી તે વાણીના યથાર્થ પ્રયોગની તેણે ચિંતા કરી છે. વ્યાકરણ દ્વારા ભાષાની શુદ્ધિ જાળવવી જરૂરી અને કાવ્યશાસ્ત્ર દ્વારા પ્રસંગોચિત અને અદોષ શબ્દપસંદગી હોવી જોઈએ – એ વિચારણા હાથ ધરવામાં આવેલી છે, શુદ્ધ અને પ્રસંગોચિત વપરાયેલી વાણી જ મનુષ્યોને માટે, કવિઓને માટે કામધેનુ સમાન બની રહે છે.

(૨) 'દોષ'નું સ્વરૂપ :

ભરતમુનિએ પહેલવહેલા કાવ્યના દશ દોષો ગણાવ્યા છે, પણ તેમણે દોષનું ચોક્કસ લક્ષણ આપ્યું નથી. એવી જ રીતે, પરવર્તી કાળમાં ભામહ અને દંડીએ પણ દોષનું કોઈ લક્ષણ આપ્યું નથી. ભરતમુનિએ તો દોષોના વિપર્યયને 'ગુણ' કહ્યા છે. અહીં વિપર્યયનો અર્થ 'અભાવ' લઈએ તો, ભરતમુનિના મતે દોષના અભાવને જ પહેલાં તો 'ગુણ' કહેવો જોઈએ. ભામહે તો નેયાર્થ, ક્લિષ્ટ વગેરે (૧–૩૭ માં) છ દોષો ગણાવીને, તરત જ કહી દીધું કે – આવા આવા (છ) દોષોવાળા શબ્દો/કાવ્યોને (**कवयो न प्रयुञ्जते** ।) "કવિએ પ્રયોજતા નથી." આમ ભામહે 'દોષ' કોને કહેવાય ? – તેનું લક્ષણ આપ્યું નથી. બીજી તરફ વામને કાવ્યાલંકારસૂત્રવૃત્તિમાં દોષનું સ્વરૂપ સૌથી પહેલી વખત બાંધતાં કહ્યું છે કે –

गुणविपर्ययात्मनो दोषाः । १–१–१

અહીં, ગુણોના વિપર્યયને દોષ કહ્યા છે; એમાં વિપર્યયનો અર્થ 'અભાવ' નથી લેવાનો; પણ 'વિરોધી' એમ લેવાનો છે. અર્થાત્ "ગુણોના જે વિરોધીઓ હોય તેને 'દોષ' કહેવાય છે."

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આગળ જતાં બીજા આલંકારિકોએ – કાવ્યમાં રસનો અપકર્ષ કરનારાં (રસાનુભવમાં વિલંબ કરનારા, રસાનુભવમાં અવરોધ ઊભો કરનારા અને રસનો વિઘાત કરનારા) તત્ત્વોને "દોષ" કહ્યા છે : **रसापकर्षकाः दोषाः ।**

ભામહે દોષવાળા કાવ્યને 'કુપુત્ર' કહેલ છે, જેનાથી કવિની અપકીર્તિ થાય છે. દંડીએ, કાવ્યમાં નાનો સરખો પણ દોષ હોય તો તેને સુન્દર શરીરમાં રહેલા કોઢના ડાઘ સમાન કહીને, તેને સર્વથા ત્યાજ્ય ગણાવેલ છે. આમ, દોષનું સ્વરૂપ ગુણ–વિરોધી, સૌન્દર્ય–વિઘાતક અને રસાપકર્ષક ગણવામાં આવ્યું છે. [અને આથી જ ભરતથી માંડીને જગન્નાથાદિ સૌ આલંકારિકોએ પોતપોતાના કાવ્યશાસ્ત્રીય ગ્રન્થમાં વત્તેઓછે અંશે દોષ–વિચારણા કરી જ છે; અને કાવ્યની અનેક શરતોમાંથી 'કાવ્યમાં દોષ ન હોવાની' (= કાવ્ય નિર્દોષ હોવાની) શરતને અનિવાર્ય ગણવામાં આવી છે.]

અલબત્ત, સૌન્દર્યદર્શી મહાકવિ કાલિદાએ દોષમાં પણ ક્યારેક સૌન્દર્યવર્ધક ગુણ રહેલો છે – એ વાત ન ભૂલવા તરફ અંગુલિનિર્દેશ કર્યો છે, જેમ કે, વલ્કલથી વીંટળાયેલી પણ શકુન્તલા અધિક સુન્દર લાગે છે એ વાતનું સમર્થન કરવા શશાંક ચન્દ્રમાની ઉપમા વાપરી છે– **मलिनमपि हिमांशोर्लक्ष्म लक्ष्मीं तनोति ।** (શાકુન્તલ–૨) "શીત કિરણોવાળા ચન્દ્રમાનો ડાઘો પણ સૌન્દર્યને વિસ્તારે છે." આ વિચાર ભામહ, આનંદવર્ધન, અભિનવગુપ્તાદિને આવ્યો છે. ભરતમુનિએ જે ૧૦ કાવ્યદોષો ગણાવ્યા છે, તેમાંના અમુક અમુક દોષો કયા સંજોગોમાં 'ગુણ' બને છે ? એને સમજાવતાં અભિનવગુપ્તપાદે કહ્યું છે કે – 'ગૂઢાર્થ' નામનો કાવ્યદોષ પ્રહેલિકા જેવા કાવ્યપ્રકારમાં 'ગુણ' બનીને આવે છે. 'અર્થહીન' નામનો દોષ જો પ્રહસન કે ભાણ જેવા રૂપકમાં પ્રયોજાય તો તે હાસ્યરસને ઉપકારક સિદ્ધ થાય છે. એ જ રીતે દોષ રૂપ ગણાતા 'ભિન્નાર્થ' કાવ્યને વિદ્વાન શ્રોત્રિય વક્તાના મુખે ઉચ્ચારાવાય તો તે 'ગુણ' બની જાય છે. આમ 'દોષના સ્વરૂપ'ની વિચારણા કરીએ ત્યારે તેમના અનિત્યત્વનો પણ વિચાર કરવો જોઈએ.

છેલ્લે અગ્નિપુરાણે દોષનું સ્પષ્ટ લક્ષણ આપ્યું છે તે નોંધીશું :– જે ઉદ્વેગજનક હોય તેને દોષ કહેવાય છે. દોષનું આ સામાન્ય લક્ષણ સર્વસંમત બને એવું છે.

(૩) દોષ–વિચારણાની ઉપયોગિતા :

કાવ્યશાસ્ત્રનો અપરપર્યાય જ જ્યારે 'અલંકારશાસ્ત્ર' છે, કે જેમાં કાવ્યના શોભાકર ધર્મો તરીકે વિવિધ અલંકારોની ચર્ચા થાય છે;(અને અલંકારની ચર્ચા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એટલે કાવ્યના સૌન્દર્યવર્ધક તત્ત્વોની ચર્ચા—એમ સમજાતું હોય) ત્યારે સીધો પ્રશ્ન થાય કે કાવ્યશાસ્ત્રીઓ—એ કેવળ સૌન્દર્યની – અલંકારની – જ ચર્ચા કરવી જોઈએ ને ? એમણે દોષોની વિચારણા કરવાની શી જરૂર છે ? – આનો સ્પષ્ટ ઉત્તર એટલો જ આપવામાં આવે છે કે કાવ્યમાં જો કોઈ દોષ પ્રવેશ્યો હોય તો તે સૌન્દર્યનો વિઘાતક બને છે. તથા તેઓ રસનો અપકર્ષ કરે છે. માટે સૌન્દર્યવર્ધકની ચર્ચા પછી કરી શકાય, પણ સૌન્દર્યવિઘાતક દોષોને તો પહેલા જ ઓળખી લેવા જોઈએ. આમ કાવ્યશાસ્ત્રીઓને દોષવિચારણાની ઉપયોગિતા પહેલી જ લાગે છે.

બીજું, કાવ્યશાસ્ત્રમાં જેમણે જેમણે આ દોષવિચારણા પ્રવર્તાવી છે તેમણે એને એક "કવિશિક્ષા"ના ભાગ રૂપે જોઈ છે. વ્યક્તિવિવેકકાર મહિમા ભટ્ટ તો સ્પષ્ટ કહે છે કે – 'કવિવર્ત્મારુરુક્ષુ'—કવિના માર્ગ ઉપર ચઢવાની ઇચ્છાવાળાઓને માટે આ દોષવિચારણા ઉપયોગી થશે એમ સમજીને આ દોષ—વિમર્શ મૂકવામાં આવે છે. એટલે કે નવાં કાવ્યો લખતી વખતે, પહેલેથી જો આ દોષો ઓળખી લીધાં હોય તો 'નિર્દોષ' કાવ્ય લખી શકાય – માટે આવી વિચારણા કરવી ઉપયોગી સિદ્ધ થઈ શકે છે.

ત્રીજું, મહિમા ભટ્ટ જેવા વિદગ્ધ આલંકારિકની દૃષ્ટિએ આ દોષ—વિચારણાનો ઉપયોગ કરીને, મહાકવિ, કે કવિકુલગુરુ કાલિદાસ જેવાનાં કાવ્યોની પણ 'પરીક્ષા' થઈ શકે છે. આમ જે કાવ્યો ભૂતકાળમાં લખાઈ ગયાં છે, તેની ઉપર આ દોષવિચારણાનો 'નિકષ' વાપરીને પ્રસિદ્ધ કાવ્યોની પરીક્ષા કરવાનો હેતુ પણ રહેલો છે ! (મહિમ ભટ્ટે પોતે આ દોષવિમર્શનો ઉપયોગ કરીને ધ્વનિનું પ્રતિપાદન કરતાં આનંદવર્ધનના જ પ્રસિદ્ધ શ્લોકમાં અનેકાનેક દોષો કાઢી બતાવ્યા છે; અને તે ધ્વનિકારિકાનું જોરદાર ખંડન પણ કર્યું છે !)

(૪) દોષ—વિચારણાનો ટૂંકો ઈતિહાસ :

કાવ્યશાસ્ત્રીય ગ્રન્થમાં દોષ—વિચારણા શરૂ થઈ તે પૂર્વે એટલે કે ઇ.સ. પૂર્વે ૫૦૦ માં ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં દશ કાવ્યદોષોનું નિરૂપણ કર્યું છે. જેમ કે—

निगूढमर्थान्तरमर्थहीनं भिन्नार्थमेकार्थमभिप्लुतार्थम् ।
न्यायादपेतं विषमं विसन्धिश्शब्दच्युतं वै दश काव्यदोषाः ।

– नाट्यशास्त्रम् (१७—८८)

આમ દોષ—વિચારનો સૌથી પહેલવહેલો આરંભ નાટ્યશાસ્ત્રમાં ભરતમુનિ દ્વારા થયો છે. તે પછી, ઇ.સ. ૬૦૦ માં ભામહના 'કાવ્યાલંકાર'માં આ વિષય થોડા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વિસ્તારથી થયો છે– ભામહે કુલ ૩૫ દોષો નિરૂપ્યા છે. દોષ–વિચારણાનો આ પ્રથમ તબક્કો ગણી શકાય. ભરતમુનિની અપેક્ષાએ ભામહે દોષોની સંખ્યા વધારી છે અને તેમની વિચારણાનું ફલક પણ ઘણું વ્યાપક છે. ભામહની વિચારણાને જ મોટે ભાગે અનુસરીને વામન, દંડી અને રુદ્રટે પણ દોષો વિચાર્યા છે.

બીજા તબક્કામાં ધ્વન્યાલોકકાર આનંદવર્ધન આવે છે. તેમણે કહ્યું કે દોષો બે પ્રકારના હોય છે : (૧) અવ્યુત્પત્તિકૃત દોષ અને (૨) અશક્તિકૃત દોષ. આ બન્ને પ્રકારના દોષના મૂળમાં અનૌચિત્ય રહેલું હોય છે – એમ તેઓ જણાવે છે. કોઈપણ કથાવસ્તુમાં આવતી ઘટનાઓનો જે પ્રસિદ્ધ એવો સમયાનુક્રમ હોય છે – તેમાં વ્યુત્ક્રમ ના થવો જોઈએ. આમ દેશ–કાળ વગેરેને ધ્યાનમાં રાખ્યા વિના જો કોઈ કવિ વર્ણન કરે તો તેમાં અવ્યુત્પત્તિકૃત દોષ પ્રવેશે છે. અલબત્ત, આવો દોષ થયો હોય તો પણ, કવિ જો પ્રતિભાશાળી હોય તો તેની પ્રતિભાથી ઢંકાઈ શકે છે, પણ આનંદવર્ધન કહે છે કે કવિમાં જો શક્તિ (=પ્રતિભા) નહીં હોય તો તેના થકી ઉભા થનારા દોષ તો તરત જ સહૃદયોને ધ્યાનમાં આવી જશે જ. આ સંદર્ભ આનંદવર્ધન એક મુદ્દો, ઉદાહરણ આપીને સમજાવે છે કે મહાકવિ કાલિદાસે કુમારસંભવમાં જે શિવ–પાર્વતીના સંભોગશૃંગારને વર્ણવ્યો છે તે અનુચિત જ છે. પણ તે કાલિદાસની પ્રતિભાને કારણે વાચકોના ધ્યાન ઉપર આવતું નથી, પણ બીજા કોઈ કવિએ આવું વર્ણન કરવું નહીં. કેમ કે પ્રતિભાના અભાવમાં તે દોષ તરત જ લોકોના ધ્યાનમાં આવી જ જશે. આનંદવર્ધનકૃત દોષવિચારણામાં જે બીજો મુદ્દો નોંધપાત્ર છે તે એ છે કે આનંદવર્ધને દોષને પણ રસાનુભવના અનુસન્ધાનમાં જ ચર્ચ્યા છે. શબ્દગત કે પદગત દોષો બહિરંગ છે અને પરોક્ષ રીતે (પરમ્પરયા) રસનો અપકર્ષ કરે છે. પણ અમુક રસગત દોષો અંતરંગ છે; અને તે રસાપકર્ષમાં સાક્ષાત્ કારણભૂત બને છે. આથી તેમણે કહ્યું કે – પ્રકૃત રસની વિરુદ્ધ હોય એવા વિભાવાદિની યોજના ન કરવી, તથા એકના એક રસની વારંવાર દીપ્તિ ના કરવી, ઉચિત પ્રસંગના અભાવમાં પણ મુખ્ય રસની વ્યંજના ન કરવી – એ બધા રસગત દોષો ગણાય છે. આવા અંતરંગ દોષો તો સર્વથા ત્યાજ્ય છે. કયા સ્થાયિભાવના નિરૂપણમાં કયા વિભાવાદિની જરૂર છે, કે ઔચિત્ય છે ?– તેની ચર્ચા કરીને, આનંદવર્ધન અને અભિનવગુપ્તે કાવ્યના અંતરંગ દોષો તરીકે જે રસગત દોષોની નિરૂપણા શરૂ કરી– તે કાવ્યશાસ્ત્રીય ગ્રન્થોમાં એક મહત્ત્વનું નવું પ્રસ્થાન બની રહ્યું છે.

ત્રીજા તબક્કામાં, મહિમા ભટ્ટ આવે છે. તેમણે આનંદવર્ધનના અભિવ્યક્તિવાદનું (=વ્યંજનાશક્તિનું) ખંડન કરવા માટે 'વ્યક્તિવિવેક'ની રચના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કરી. તેઓ દોષવિચારણાના સંદર્ભમાં એવું કહે છે ખરા કે કવિવર્ત્માંરુરુક્ષુને મારી દોષ–વિચારણા ઉપયોગી થશે; પણ તેમણે જે નવા પાંચ વાક્યગત દોષો શોધી કાઢ્યા છે તે પણ આનંદવર્ધનનું ખંડન કરવાના મુખ્ય હેતુ સાથે જ સંકળાયેલા છે ! અલબત્ત, તે પાંચ દોષો એવા શોધી કાઢ્યા છે કે, જે આનંદવર્ધનની ધ્વનિકારિકા ઉપર લાગુ પડવાની સાથે સમગ્ર કાવ્યસાહિત્ય ઉપર પણ લાગુ પડે એવા છે – તેથી મહિમ ભટ્ટની દોષ–વિચારણા એ પણ અત્યંત મહત્ત્વની અને અનુપેક્ષ્ય વિચારણા છે. તેમણે કાવ્યમાં રસનો સાક્ષાત્ અપકર્ષ કરનારા જે અંતરંગ દોષો આનંદવર્ધને બતાવ્યા હતા, તેનો સીધો સ્વીકાર કરી લીધો છે અને કોઈ પુનરુક્તિ કરી નથી કે વિવાદ કર્યો નથી. પણ કાવ્યના બહિરંગ દોષો તરીકે વાક્યગત પાંચ નવા દોષો શોધી બતાવ્યા છે. જેમ કે, (૧) વિધેયાવિમર્શ, (૨) પ્રક્રમભેદ, (૩) ક્રમભેદ, (૪) પૌનરુક્ત્ય અને (૫) અવાચ્યવચન દોષ. આ નવા દોષોની વિચારણાએ પરવર્તી આલંકારિકો ઉપર ઘેરો પ્રભાવ પાડ્યો છે. પણ આચાર્ય મમ્મટ જેવાએ પણ એમના નામનો ક્યાંય ઉલ્લેખ કર્યો નથી. પણ એ દોષોને સ્વીકાર્યા છે જરૂર ! મહિમ ભટ્ટે આ વિધેયાવિમર્શ વગેરે દોષો બતાવવા ઉપરાંત, એનાં ઉદાહરણ તરીકે મહાકવિ કાલિદાસનાં ઘણાં પદ્યોને ઉદ્ધૃત કર્યાં છે અને તેમાં નવાં પાઠાન્તરો–પાદાન્તરો–પદ્યાન્તરો રચીને તે તે દોષો કેવી રીતે દૂર થઈ શકે એ પણ બતાવ્યું છે. આમ કોઈ કવિના કાવ્યમાં ક્યાં કેવો દોષ છે ?– એટલું બતાવીને તેઓ અટક્યા નથી. તેમણે તે તે દોષોનું માર્જન કેવી રીતે થઈ શકે –એ બતાવવા દુષિત શબ્દોના સ્થાનમાં નવા ફેરફારો પણ સૂચવ્યાં છે. દોષવિચારણમાં આ તદ્દન નવી પદ્ધતિ હતી, જે પાછળથી મમ્મટાદિ માટે પણ અનુકરણીય બની છે. આમ મહિમ ભટ્ટની દોષવિચારણા બે રીતે નોંધપાત્ર બને છે.

ચોથા તબક્કામાં કાવ્યપ્રકાશકાર મમ્મટ આવે છે. તેમણે સર્વગ્રાહી દૃષ્ટિકોણ રાખીને, પોતાના પુરોગામી કાવ્યશાસ્ત્રીઓએ કરેલી સમગ્ર દોષવિચારણાનો નીચોડ રજૂ કરવાનો આશય રાખ્યો છે. દોષ–વિષયક ઉપલબ્ધ બધી ચર્ચાઓનો તેમણે સમાહાર કર્યો છે; અને તે સમાહાર ઘણો સુવ્યવસ્થિત છે. ભામહે ૩૫ દોષો–વિચાર્યા હતા, મમ્મટે જે ૭૦ની સંખ્યા ઉપર પહોંચાડ્યા છે. પણ મમ્મટનું વર્ગીકરણ તર્કબદ્ધ છે અને કવિશિક્ષા માટે ઉત્તમ પાઠ્યપુસ્તક બની શકે એવું છે. મમ્મટે આ દોષવિચારણા કાવ્યપ્રકાશના ૭ મા ઉલ્લાસમાં મૂકી છે.

મમ્મટ પછી થયેલા વિશ્વનાથ, હેમચન્દ્રાચાર્ય વગેરેએ મમ્મટનું જ પ્રાયઃ અનુસરણ/અનુકરણ કર્યું છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૫) કાવ્ય–લક્ષણમાં 'દોષ'નું સ્થાન :

ભામહાદિ આલંકારિકોએ શરૂઆતના ગાળામાં જ એ વાત જાણી લીધી છે કે કાવ્યમાં દોષનું હોવું વિપત્તિકારક છે. નાનો સરખો દોષ પણ સૌન્દર્ય–વિઘાતક છે. આથી તેમણે કાવ્યદોષોની ઓળખાણ શરૂ કરી દીધી હતી. પણ (ભરતે કે) ભામહે કાવ્યના લક્ષણમાં દોષવિષયક કોઈ મુદ્દો મૂક્યો ન હતો. ભામહે કાવ્યમાં દોષ હોય તો તેને અકવિત્વની નિશાની નહીં, પણ કુકવિત્વની નિશાની માની હતી. કાવ્યમાં એક પણ પદ દોષવાળું ઉચ્ચારવું નહીં, કેમ કે દોષવાળું કાવ્ય તો કુપુત્રની જેમ નિંદનીય બને છે (કા.લં. ૧–૧૧) એમ કહ્યા પછી ભામહે ઉમેર્યું છે કે –

नाकवित्वम् अधर्माय, व्याधये, दण्डनाय वा ।
कुकवित्वं पुनः साक्षात् मृतिम् आहुर्मनीषिणः ॥ (१–१२)

અર્થાત્ – "કોઈ વ્યક્તિમાં કવિત્વ નહીં હોય તો તેનાથી એને કશો અધર્મ થવાનો નથી, કે તેને કોઈ રોગ લાગુ પડવાનો નથી કે તેને કોઈ દંડ ફટકારવાનું નથી. પણ જો કુકવિત્વ હશે તો તે એને માટે સાક્ષાત્ મરણ જ હશે – એવું મનીષીઓ કહે છે."

આમ કાવ્યમાં દોષનું હોવું તેને ગંભીર ક્ષતિ/પાપ ગણવામાં આવ્યું છે; પણ કાવ્યનું લક્ષણ બાંધતી વખતે ભામહે એ મુદ્દાનો સમાવેશ કર્યો નથી. ભામહ પછી વામન જ્યારે પોતાનાં કાવ્યાલંકાર સૂત્રોની રચના કરે છે ત્યારે આરંભે જ કાવ્યલક્ષણમાં દોષ–વિચારને સ્થાન આપે છે. જેમ કે, એમના પહેલાં ત્રણ સૂત્રો જોઈએ :–

(૧) **काव्यं ग्राह्यम् अलङ्कारात् ।** १–१–१

(કાવ્યનું ગ્રહણ એમાં અલંકાર હોવાને કારણે થાય છે.)

(૨) **सौन्दर्यम् अलङ्कारः ।** १–१–२

(સૌન્દર્ય (માત્ર) નું નામ 'અલંકાર' છે.)

(૩) **सः दोषगुणालङ्कारहानादानाभ्याम् ।** १–१–३

(કાવ્યમાં એ 'અલંકાર' કવિએ કેવી રીતે સિદ્ધ કરવો ? તો વામન કહે છે કે – દોષનો ત્યાગ કરીને (**दोषहान**); તથા ગુણ અને અલંકારનું ઉપાદાન કરીને) **स खलु अलङ्कारो दोषहानाद्, गुणालङ्काराऽऽदानाच्च सम्पाद्यः कवेः ॥**

આમ વામને કાવ્યની સિદ્ધિ (=રચના) કરવામાં 'દોષહાન' (=દોષત્યાગ) ની વાત ઉપર સ્પષ્ટ ભાર મૂક્યો છે. પણ હજુ ભામહ અને વામનની દૃષ્ટિ દોષના સ્વરૂપ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બાબતે અડધી જ ખુલી હતી. કેમ કે એમણે 'દોષ'નું જે સ્વરૂપ જોયું હતું તે કાવ્યના બહિરંગ પાસા જોડે જ સંકળાયેલ હતું. પરંતુ આનંદવર્ધને કાવ્યના અંતરંગ (રસ) જોડે જ્યારે દોષોને સાંકળ્યા ત્યારે દોષને કારણે કાવ્યને કેટલી મોટી હાનિ પહોંચી શકે છે ? – એનો અંદાજ આવ્યો. તેથી મમ્મટે 'કાવ્યપ્રકાશ'માં જ્યારે કાવ્યનું લક્ષણ બાંધ્યું ત્યારે કહ્યું કે –

तद् अदोषौ शब्दार्थौ सगुणावनलङ्कृती पुनः कापि ॥ અર્થાત્ "તે શબ્દ અને અર્થને "કાવ્ય" કહેવાય છે, કે જે દોષરહિત હોય, ગુણયુક્ત હોય અને (જો રસાભિવ્યંજક હોય તો) અલંકૃત હોય કે ન પણ હોય." મમ્મટના આ કાવ્યલક્ષણમાં જે કહેવાયું છે કે કાવ્યના શબ્દો અને અર્થો **અદોષ** હોવા જોઈએ—એનો ગર્ભિતાર્થ એવો છે કે દોષો રસાપકર્ષક હોય છે, માટે તે મુદ્દો કાવ્યલક્ષણમાં સૌથી વધુ મહત્ત્વનો છે; અને તેથી તેનો ઉલ્લેખ સૌથી પહેલો જ કરવો પડે એવો છે. આમ સમગ્ર અલંકારશાસ્ત્રમાં જે વિવિધ પાસાઓની વિચારણા હાથ ધરાઈ છે તેમાં આ કાવ્ય-દોષવિચાર પણ પ્રથમ પંક્તિમાં જ ગોઠવવો પડે એવો છે !

● ● ●

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ–૨

ભામહકૃત કાવ્યદોષ–વિચાર

ઇ.સ. પૂર્વે ૪૦૦–૩૦૦ ના ગાળામાં ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં કાવ્યદોષોની વિચારણા રજૂ કરી હતી. (ના.શા.અ. ૧૭ માં) તે પછી ઇ.સ. ૬૦૦ માં ભામહ નામના અલંકારશાસ્ત્રીએ પોતાના 'કાવ્યાલંકાર' નામના ગ્રન્થમાં ઘણા વિસ્તારથી કાવ્યદોષની વિચારણા કરી છે. કાવ્યના સૌન્દર્યમાં કોઈ રીતે ઊણપ ના આવે, કે રસાનુભૂતિમાં ક્ષતિ ના પહોંચે માટે, લગભગ બધા જ અલંકારશાસ્ત્રીઓએ કાવ્યદોષોની વિચારણા કરી છે. ભામહના 'કાવ્યાલંકાર'માં કયાં કયાં આ કાવ્યદોષોની ચર્ચા આવેલી છે ? તેનો પહેલાં પરિચય કરી લઈએ :–

'કાવ્યાલંકાર'માં કુલ છ પરિચ્છેદ આવેલાં છે. (૧) પ્રથમ પરિચ્છેદમાં કાવ્યનાં પ્રયોજન, હેતુ, કાવ્યનું લક્ષણ અને તેના ભેદો–જેવા વિષયો મૂક્યા છે. (૨) બીજા પરિચ્છેદમાં કાવ્યમાં ઓજ, માધુર્ય અને પ્રસાદ જેવા 'ગુણો'; અને વિવિધ (ઉપમા વગેરે) અલંકારોનું નિરૂપણ કર્યું છે. (૩) તૃતીય પરિચ્છેદમાં પણ અલંકારોનું નિરુપણ છે. (૪) ચોથા પરિચ્છેદમાં કાવ્યદોષો; (૫) પાંચમા પરિચ્છેદમાં (તર્કશાસ્ત્રની દષ્ટિએ) ન્યાય–વિરોધી દોષો અને (૬) છેલ્લા છઠ્ઠા પરિચ્છેદમાં (વ્યાકરણની દષ્ટિએ) શબ્દશુદ્ધિ (=શબ્દસાધુત્વ)ની વિચારણા રજૂ કરી છે.

ભામહે પોતાના 'કાવ્યાલંકાર'ની રચના કારિકાબદ્ધ સ્વરૂપે કરી છે, જેમાં તેમણે સિદ્ધાન્ત અને ઉદાહરણોને પ્રાયઃ સાથે સાથે ગૂંથી લીધા છે. આવી કારિકાઓની સંખ્યા ૪૦૦ છે. ભામહે **शब्दार्थौ सहितौ काव्यम्** । "શબ્દ અને અર્થના સાહિત્યને (=સહભાવને) 'કાવ્ય' કહેવાય છે" એવું લક્ષણ આપ્યું છે. ભામહનું આ કાવ્યલક્ષણ પ્રથમ દષ્ટિએ તો અતિવ્યાપ્તિ દોષવાળું જણાય છે. કેમ કે વ્યવહાર જગત્ ની (બોલચાલમાં વપરાતી) ભાષામાં પણ શબ્દ અને અર્થ– તે બન્ને સાથે જ રહેતા હોય છે. આથી આ લક્ષણ મુજબ તો સામાન્ય ભાષામાં વપરાતાં કોઈપણ વાક્યને (કે જેમાં શબ્દ અને અર્થ રહેલા હોય તેને) 'કાવ્ય' કહેવું પડે. આથી ભામહે આપેલા આ કાવ્ય–લક્ષણની શી પૂર્વભૂમિકા હોઈ શકે – તે પણ વિચારણીય છે. તો એવું જણાય છે કે જો કોઈ એમ કહે કે – "કાવ્યમાં કેવળ શબ્દાલંકાર જ હોય છે" તો તે પૂરેપૂરું સાચું નથી. તથા "કાવ્યમાં કેવળ અર્થાલંકાર જ હોય છે"–એમ કોઈ કહે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તો તે પણ પૂરેપૂરું સાચું નથી. અર્થાત્ ભામહના મતે કાવ્યમાં બન્ને પ્રકારના અલંકાર રહે છે. આમ કવિઓએ 'શબ્દ' અને 'અર્થ' બન્નેને વિષે પૂરતું ધ્યાન આપવું જોઈએ. આમ ભામહની દૃષ્ટિએ શબ્દ અને અર્થના વિશિષ્ટ સાહિત્ય (=સાહચર્ય)ને 'કાવ્ય' કહેવાય છે. અથવા તો, ભામહના મતે કાવ્યમાં કેવળ શબ્દની શોભાનો જ મહિમા ગવાય તે પણ ઉચિત નથી; અને કાવ્યમાં કેવળ અર્થની રમણીયતા જ પ્રશંસનીય બની રહે તે પણ ઉચિત નથી. આથી ભામહે આગળ ઉપર એમ પણ કહ્યું છે કે – **वक्राभिधेय–शब्दोक्तिः इष्टा वाचाम् अलङ्कृतिः ।** (૧–૩૬) વક્ર (=વિશિષ્ટતાથી ભરેલ) અર્થ અને વક્ર (=વિશિષ્ટતાથી યુક્ત એવા) શબ્દની ઉક્તિ (=કથન) – તેને વાણીનો અલંકાર કહે છે. ટૂંકમાં શબ્દ અને અર્થની વક્રતાથી વાણીમાં ચમત્કાર સર્જાય છે. આવી ચમત્કારપૂર્ણ વાણીને જ "કાવ્ય" કહેવાય છે.

• • •

કાવ્યમાં શબ્દ અને અર્થના આવા વક્રતાયુક્ત (= ચમત્કાર સર્જક) સહભાવ (=સાહિત્ય)નો મહિમા પુરસ્કાર્યા પછી, ભામહે કાવ્યમાં વપરાયેલા શબ્દોમાં, અને તે શબ્દમાંથી પ્રાપ્ત થતા અર્થમાં ક્યાંય કોઈ પ્રકારનો દોષ ન હોવો જોઈએ એની વિચારણા હાથ ધરી છે. ભામહના મતે કાવ્યમાં કોઈપણ પ્રકારનો દોષ હોય તો તેવા કાવ્યની અપકીર્તિ થાય છે. તેઓ જણાવે છે કે –

सर्वथा पदम् अप्येकं न निगाद्यम् अवद्यवत् ।
विलक्ष्मणा हि काव्येन दुःसुतेनेव निन्द्यते ॥ – काव्यालंकारः (१–११)

"(કાવ્યમાં) જે દોષવાળું (**अवद्यवत्**) હોય તેવું એક પણ પદ કોઈપણ રીતે ઉચ્ચારવું/લખવું ન જોઈએ. કેમ કે (...), દોષરૂપ કલંકવાળું કાવ્ય તો કુપુત્રની જેમ નિંદનીય બને છે."

આવી જ વાત, બીજા શબ્દોમાં આચાર્ય દંડીએ પણ કરી છે :–

तदल्पमपि नोपेक्ष्यं काव्ये दुष्टं कथञ्चन ।
स्याद् वपुः सुन्दरमपि श्वित्रेणैकेन दुर्भगम् ॥ – काव्यादर्शः (१–६)

"[કવિએ] કાવ્યમાં નાના સરખાય કોઈ દોષની ઉપેક્ષા ક્યારેય ન કરવી જોઈએ; કેમ કે ગમે તેટલું સુન્દર શરીર હોય તો પણ કોઢના એક જ ડાઘથી તે કદરૂપું બની જાય છે."

આમ આલંકારિકોએ, બહુ આરંભિક કાળમાં જ એ વાત ધ્યાન ઉપર લીધી છે કે કાવ્યમાં દોષનું હોવું સર્વથા અસહ્ય અને અક્ષમ્ય છે.

• • •

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ભામહે 'કાવ્યાલંકાર' ગ્રન્થમાં કુલ ચાર જગ્યાએ દોષ–વિચારણા રજૂ કરી છે :–

(૧) પ્રથમ પરિચ્છેદની ૩૭ મી કારિકામાં ૬ દોષો ગણાવ્યા છે.

(૨) પ્રથમ પરિચ્છેદની ૪૭ મી કારિકામાં ૪ દોષો બતાવ્યા છે.

(૩) દ્વિતીય પરિચ્છેદની ૩૯ થી ૬૪ કારિકાઓમાં ૭ ઉપમાના દોષો કહ્યા છે.

(૪) ચોથા (અને પાંચમાના અંત સુધી)માં ન્યાયશાસ્ત્ર અને વ્યાકરણશાસ્ત્ર અનુસારી બીજા ૧૫ દોષો નિર્દેશ્યા છે.

[૧] પ્રથમ પરિચ્છેદમાં બતાવેલા ૬ કાવ્યદોષો નીચે મુજબ છે :–

नेयार्थं क्लिष्टम् अन्यार्थम् अवाचकम् अयुक्तिमत् ।
गूढशब्दाभिधानं च कवयो न प्रयुञ्जते ॥ (१–३७)

અર્થાત્ –

(સારા) કવિઓ ૧. 'નેયાર્થ', ૨. 'ક્લિષ્ટ', ૩. 'અન્યાર્થ', ૪. 'અવાચક', ૫. 'અયુક્તિમત્' અને ૬. 'ગૂઢશબ્દાભિધાન'વાળા હોય તેવા શબ્દોનો પ્રયોગ કરતા નથી.

1. 'નેયાર્થ' નામનો પહેલો કાવ્યદોષ :–

કાવ્યમાં વપરાયેલો કોઈ શબ્દ ભાષાના નિયમોને અનુકૂળ ના હોય, અને પરિણામે તેનો સુસંગત લાગે એવો અર્થ કાઢવા માટે, વિદ્વાનોને પણ બુદ્ધિ કસવી પડે અને ખેંચીતાણીને અર્થ કાઢવો પડે– તો તેવા શબ્દપ્રયોગને 'નેયાર્થ' કહેવામાં આવે છે.

કાવ્યમાં વપરાયેલા શબ્દનો અર્થ સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થવો જોઈએ, પણ જો આવું ન હોય તો ત્યાં કોઈ શબ્દનો અર્થ જો ખેંચીતાણીને કાઢવો પડે તો તેવા શબ્દને 'નેયાર્થ' કહેવાય છે; અને તેવા શબ્દપ્રયોગને કાવ્યદોષ ગણવામાં આવે છે.

ભામહે આનું એક ઉદાહરણ પણ આપ્યું છે :–

मायेव भद्रेति यथा सा चासाध्वी प्रकल्पना ।
वेणुदाकेरिति च तां नयन्ति वचनाद् विना ॥ (१–३९)

આ કારિકામાં આવેલ "माया इव भद्रा" इति (= માયાની જેમ ભદ્રા) એવા શબ્દોમાંથી કશો સંતોષકારક અર્થ સમજાતો નથી. આથી તેમાંથી ખેંચતાણ કરીને કોઈક અર્થ કાઢવો પડશે. (વળી, ખેંચીતાણીને કાઢેલો અર્થ પણ પાછો સર્વસંમત થતો નથી. દરેક વિદ્વાન જુદી જુદી રીતે માથાકૂટ કરીને, જુદો જુદો અર્થ કાઢી બતાવે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

છે !) એવી જ રીતે, આ જ કારિકામાંનો "**वेणुदाकेः इति**" (=વેણુદાકિના) એવો બીજો શબ્દ પણ સ્વાભાવિક રીતે – સ્વતઃ – સમજમાં આવતો નથી. વિદ્વાનોએ આ બે શબ્દોના અર્થ કાઢવા જે પ્રયાસો કર્યા છે, તે આ મુજબ છે : (૧) તાતાચાર્યના મતે વેણુદાકિ એ કોઈ નાયકનું નામ છે, અને **भद्रा** તે નાયિકાનું નામ છે. હવે તે બે શબ્દોનો ભેગો અર્થ "ભદ્રા એ વેણુદાકિની માયા સમાન હતી" એમ થશે. એટલે કે – જેવી રીતે માયાથી કોઈ મોહિત થઈ જાય, તેવી રીતે ભદ્રાએ વેણુદાકિને મોહિત કરી દીધો હતો." (૨) નાગનાથ શાસ્ત્રીના મતે **वेणुदाकेः** ની જગ્યાએ, ખરેખર **वेणुदारेः** હોવું જોઈએ. વેણુદારિ એ બાણાસુરના પુત્રનું નામ હતું. આ અસુરપુત્ર હોવાથી માયાનો પ્રયોગ કરવામાં નિષ્ણાત હશે. આમ તે બે શબ્દોનો સમુહિત અર્થ થશે :– "વેણુદારિની માયાની જેમ ભદ્ર = કલ્યાણકારક". (૩) શંકરરાય શાસ્ત્રીએ વેણુદાકિનો અર્થ 'કૃષ્ણ' કર્યો છે. **वेणुं दाकयति इति वेणुदाकिः** । એટલે કે વાંસળી વગાડનાર (કૃષ્ણ) ને 'વેણુદાકિ' કહેવાય. હવે, આવા વેણુદાકિની માયાએ જેમ દેવોનું અનેકવાર કલ્યાણ કર્યું છે તે – આવા ત્રણ ત્રણ અર્થો વિદ્વાનોએ ખેંચીતાણીને કરી બતાવ્યા છે. આ બે એવા શબ્દો છે કે જેમાંથી અર્થ નીકળતો નથી, પણ કાઢવો પડે છે; આથી તેને 'નેયાર્થ' શબ્દપ્રયોગ કહેવાય છે; જે કાવ્યમાં દોષરૂપ ગણાય છે.

2–3. 'ક્લિષ્ટ' અને 'અન્યાર્થ' નામના કાવ્યદોષો :–

કાવ્યમાં વપરાયેલા શબ્દમાંથી સીધો અર્થ ન નીકળે, પણ કશાક વ્યવધાન પછી અર્થ સમજાય તો તેને 'ક્લિષ્ટ' નામનો કાવ્યદોષ ગણવો. તથા કાવ્યના કોઈ શબ્દનો અર્થ કોઈ રીતે મળે જ નહીં (શબ્દમાંથી અર્થ નીકળે જ નહીં) તો તેને 'અન્યાર્થ'નામનો કાવ્યદોષ કહે છે.

(૧) **क्लिष्टं व्यवहितं विद्याद्; (२) अन्यार्थं विगमे यथा ।**
(१) **विजहुस्तस्य ताः शोकं; (२) क्रीडायां विकृतं च तत् ॥** (१–४०)

એટલે કે જ્યાં કાવ્યમાં અમુક શબ્દ સાંભળ્યા પછી એવો એક અર્થ સામે આવી જાય, કે જેથી મૂળ વિવક્ષિત અર્થની પ્રતીતિમાં તે (પ્રથમ અર્થ) વ્યવધાન રૂપ બની જાય, તો તેને 'ક્લિષ્ટ' (ક્લેશ પહોંચાડનારો) શબ્દપ્રયોગ કહે છે. તથા કોઈ શબ્દનો અમુક અર્થ ઊભો થઈ ગયા પછી, કવિનો અભિપ્રેત અર્થ દેખાય જ નહીં તો ત્યાં સાચા = ઇષ્ટ અર્થનો 'વિગમ' (=અપ્રાપ્તિ) થયો એમ કહેવાય—આને 'અન્યાર્થ' દોષ કહે છે.

આ બે પ્રકારના કાવ્યદોષનાં ઉદાહરણો, અનુક્રમે આ મુજબ છે : (૧) **विजहुस्तस्य ताः शोकम्** । "તે રમણીઓએ તે (નાયક)ના શોકનું વિહરણ કર્યું."

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અહીં **हृ →हरति ।** ધાતુનો અર્થ જ 'હરણ કરવું = દૂર કરવું' એવો થાય છે, પણ (અહીં) બીનજરૂરી **वि** ઉપસર્ગ વાપરી દેવાયો હોવાથી **वि + जहु** નો અર્થ થઈ જાય છે : "વિહાર કરવો."– આવો વિહાર રૂપ અર્થ એકવાર ઉપસ્થિત થઈ જાય, તે પછી કવિનો મૂળ અભીષ્ટ અર્થ (=દૂર કરવો) મેળવવો શક્ય રહેતો નથી. અહીં 'શોકને દૂર કરવો' એમ કહેવું જ અભીષ્ટ હોઈ શકે છે, 'શોકનો વિહાર કરવો' એ અસંગત અર્થ પ્રાપ્ત થઈ રહ્યો છે. અહીં 'વિકાર' એવો પ્રથમ અર્થ જે મળ્યો, તે અભીષ્ટ અર્થની પ્રાપ્તિમાં વ્યવધાન બનીને ઊભો રહે છે. આ ક્લિષ્ટ દોષ છે.

(૨) **क्रीडायां विकृतं च तत् ॥** "ક્રીડામાં તે વિકૃત થયું." અહીં, "તે (રમણી)ઓએ તે (નાયક)નું શોકહરણ ક્રીડામાં કર્યું"–એવું કંઈક કહેવાનો આશય જણાય છે; પણ **कृतम्** ને બદલે, અહીં પણ એક બીનજરૂરી **वि** ઉપસર્ગ વાપરીને, **विकृतं** શબ્દ વાપર્યો છે તેથી આ કાવ્યપંક્તિમાંથી કશો અર્થ જ નીકળી શકે એવું રહ્યું નથી. આમ અર્થનો વિગમ થતાં, તે 'અન્યાર્થ' નામનો કાવ્યદોષ બની રહે છે. [કાલક્રમે અલંકારશાસ્ત્રનો વિકાસ થતાં, પાછળથી મમ્મટે આને 'અવાચક' દોષ કહ્યો છે.]

4. 'અવાચક' નામનો ચોથો કાવ્યદોષ :–

વાચ્ય અર્થમાં જે નામ (=અભિધાન) રૂઢ ના થયું હોય, અને તો પણ તેનો પ્રયોગ થાય તો એવા શબ્દપ્રયોગમાં અવાચકતા નામનો દોષ પ્રવેશે છે.

हिमापहामित्रधरैर्व्याप्तं व्योमेत्यवाचकम् ।
साक्षाद् अरूढं वाच्येऽर्थे नाभिधानं प्रतीयते ॥ (૧–૪૧)

અર્થાત્ – "હિમ (=બરફ) નો નાશ કરનારના શત્રુને ધારણ કરનારાઓથી આકાશ વ્યાપ્ત છે"–આવા શબ્દપ્રયોગમાં 'અવાચક' નામનો કાવ્યદોષ રહેલો છે. (કેમ કે) વાચ્ય અર્થમાં જે શબ્દનું અભિધાન (=નામ) સાક્ષાત્ રૂઢ થયું હોતું નથી, તે (વાચ્યાર્થ)ની પ્રતીતિ થતી નથી." એટલે કે જે શબ્દ (= જે નામ) જે અર્થ આપવા માટે સાક્ષાત રૂઢ થયેલો હોય (=પ્રસિદ્ધ થયેલો હોય), તે અર્થનો જ તે વાચક બની શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો – જે અર્થ આપવા માટે જે શબ્દ રૂઢ ના થયો હોય, તેવો કોઈ શબ્દ કવિઓ વાપરે તો તે શબ્દ 'અવાચક' દોષવાળો ગણાય છે. ઉદાહરણ તરીકે – હિમ (= બરફ) નો અપહ (=નાશક) અર્થાત્ અગ્નિ; તે અગ્નિનો અમિત્ર (=શત્રુ), અર્થાત્ જળ; તે જળને ધારણ કરનાર; અર્થાત્ વાદળો; તેવાં વાદળોથી આકાશ વ્યાપ્ત છે. – આ કાવ્યપંક્તિમાં 'વાદળ'

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

એવો અર્થ કહેવા માટે જે શબ્દનો (**हिमापहामित्रधरैः = मेघैः**) પ્રયોગ થયો છે, તે અર્થમાં તે (શબ્દ)ની પ્રસિદ્ધિ (=રૂઢિ) નથી. આથી અહીં અવાચક દોષ બને છે. [કાલક્રમે અલંકારશાસ્ત્રનો વિકાસ થતાં, પાછળથી ભોજે સરસ્વતીકંઠાભરણમાં અને મમ્મટે કાવ્યપ્રકાશમાં આને 'ક્લિષ્ટ' દોષના ઉદાહરણ તરીકે ઉદ્ધૃત કરેલ છે.]

5. 'અયુક્તિમત્' નામનો પાંચમો કાવ્યદોષ :

ભામહે આ દોષને વર્ણવવા માટે ત્રણ કારિકાઓ લખી છે :–

अयुक्तिमद् यथा – "दूता जलभृन्मारुतेन्दवः ।
तथा भ्रमरहारीतचक्रवाकशुकादयः ॥ (१–४२)
अवाचोऽव्यक्तवाचश्च, दूरदेशविचारिणः ।
कथं दूत्यं प्रपद्येरन्निति युक्त्या न युज्यते ॥ (१–४३)
यदि चोत्कण्ठया यत्तदुन्मत्त इव भाषते ।
तथा भवतु भूम्नेदं सुमेधोभिः प्रयुज्यते ॥ (१–४४)

અર્થાત્ – "વાદળ, પવન, ચન્દ્રમા, ભમરો, હારીત – ચક્રવાક– પોપટ જેવાં પક્ષીઓ જ્યારે (કોઈ માણસના) દૂત બને ત્યારે તેવાં કાવ્યો 'અયુક્તિમત્' (=તર્કસંગત નહીં તેવા) કહેવાય છે. [ઉદાહરણ તરીકે મહાકવિ કાલિદાસનું મેઘદૂત કાવ્ય.]

કેમ કે, જે (વાદળ વગેરે) વાણી વગરના છે; અથવા તો જે (પક્ષી વગેરે) અસ્પષ્ટ વાણીવાળા છે – તેઓ દૂરદૂરના દેશોમાં જઈને કેવી રીતે દૂતકર્મ કરી શકે ? (આવા પદાર્થો માણસોના પ્રેમસંદેશાઓ કેવી રીતે પાઠવી શકે ?) માટે તે તર્કની દૃષ્ટિએ બુદ્ધિમાં બંધબેસતા નથી.

જો (યક્ષ જેવો કોઈ) ઉત્કંઠાને કારણે ઉન્મત્તની જેમ, જેમ– તેમ બોલવા લાગે – તો તેવું થઈ પણ શકે. કારણકે સારી મેધાવાળા (કાલિદાસ જેવા) કવિઓ એનો બહુશઃ પ્રયોગ કરે પણ છે."

ભામહે આ 'અયુક્તિમત' નામના પાંચમા કાવ્યદોષનું વર્ણન કરતી વખતે સ્પષ્ટપણે મહાકવિ કાલિદાસનું 'મેઘદૂત' અને તેના અનુકરણ રૂપે લખાયેલાં અન્ય દૂતકાવ્યોને નજર સામે રાખ્યાં છે. ભામહના વ્યક્તિત્વ ઉપર નૈયાયિકો અને વૈયાકરણોની ઘેરી અસર છે. તેથી તેમણે આ 'અયુક્તિમત' નામના કાવ્યદોષની ઉદ્ભાવના કરી છે. અલબત્ત, અહીં બે–ત્રણ વાત કહેવી જરૂરી છે : (૧) ભામહે 'અયુક્તિમત કાવ્ય' તરીકે કાલિદાસના 'મેઘદૂત' તરફ જ ચોખ્ખું નામ દીધા વગર

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અંગુલિનિર્દેશ કર્યો છે. પણ તેની લોકપ્રિયતા પણ તેમની ધ્યાન બહાર નથી. તેથી તેમણે **सुमेधोभिः प्रयुज्यते ।** કહીને, કાલિદાસને પોતાની ટીકાના દાયરામાંથી દૂર રાખ્યા છે. (૨) ભામહની દૃષ્ટિમાં, સંભવતઃ, 'મેઘદૂત'ની નકલ (અનુકરણ) રૂપે જુદાં જુદાં દૂતકાવ્યોનો રાફડો ફાટી નીકળ્યો હતો તે જ મુખ્યત્વે ટીકાને પાત્ર બન્યો છે. (૩) અયુક્તિમત કાવ્યને 'દોષ' રૂપે જોવા ઉચિત પણ નથી. કેમ કે **निरङ्कुशाः कवयः ।** એ ઉક્તિ મુજબ પ્રતિભાશાળી કવિઓ તો કોઈ પણ પ્રકારની કાવ્યસૃષ્ટિ રચી શકતા હોય છે. તેવાં કાવ્યો યુક્તિમત્ હોય પણ ખરાં, અને ન પણ હોય. કેમકે, ખરી પરીક્ષાનો વિષય તો એ જ હોય છે કે અયુક્તિમત જણાતું કાવ્ય પણ શ્રોતાના મન ઉપર ચમત્કાર કરી શકે છે કે નહીં ?– જો તે અયુક્તિમત કાવ્ય પણ શ્રોતાને "ન માની શકાય એવી વાતમાંય માનતો કરી દે" તો તે ચમત્કાર સિદ્ધ થતાં જ તે ઉત્તમકાવ્ય બની જશે, અને શાશ્વતકાળ સુધી આસ્વાદ્ય બની જશે. જેમ કે, વિક્રમોર્વશીયનો ૪ થો અંક અને મેઘદૂત.

6. 'ગૂઢશબ્દાભિધાન' નામનો છઠ્ઠો કાવ્યદોષ :

ભામહે આ દોષનું કોઈ લક્ષણ આપ્યું નથી. પણ સીધું જ એવું કહ્યું છે કે – ગૂઢશબ્દાભિધાનનો કોઈપણ રીતે પ્રયોગ ના કરવો જોઈએ. કેમ કે આવા શબ્દપ્રયોગથી બુદ્ધિશાળી (શ્રોતા)ઓની ઉપર પણ કોઈ ઉપકાર થઈ શકતો નથી. ભામહે આનું ઉદાહરણ (૧/૪૬માં) આપ્યું છે :–

गूढशब्दाभिधानं च न प्रयोज्यं कथञ्चन ।
सुधियामपि नैवेदम् उपकाराय कल्पते ॥ १–४५
"असितर्तितुगद्रिच्छित्स्वःक्षितां पतिरद्रिदृक् ।
अमिद्धिः शुभ्रदृग्दृष्टैर्द्विषो जेघ्नीयिषीष्ट वः ॥" १–४६

અર્થાત્ – "અગ્નિના પુત્ર, પર્વતને છેદનારા, દેવતાઓના સ્વામી, બાર નેત્રોવાળા (=કાર્તિકેય) તેમનાં ઉજ્જવળ નેત્રોની ભયંકર દૃષ્ટિથી તમારા શત્રુઓનો સમૂળ નાશ કરે."

અહીં ગમનાર્થક **ऋ (ऋच्छति → गच्छति)** ધાતુ ઉપરથી 'ऋति' શબ્દ બને છે, જેનો અર્થ 'માર્ગ' થાય છે. **असित** (=કાળો) + **ऋति** = **असितर्ति** = કાળા માર્ગવાળો, અર્થાત્ 'અગ્નિ' **तुक्** = સંતાન (= પુત્ર); અગ્નિનો પુત્ર એટલે કાર્તિકેય. આ કાર્તિકેયે પોતાના બાણથી ક્રૌંચ પર્વતને છેદી કાઢ્યો હતો, તેથી તેમને **असितर्तितुक् – अद्रिच्छित् ।** કહેવાય. હવે **स्वः** = સ્વર્ગ, **क्षिताम्** = નિવાસ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કરનાર, અર્થાત્ દેવતાઓ, તેમના તે **पति** = અર્થાત્ સ્વામી. આવા કાર્તિકેયને **अद्विदृक्** = 'જેમને બે આંખો નથી' તેવા કહેવાય છે. કેમ કે, કાર્તિકેયને બે નહીં, પણ બાર આંખો છે. આમ, અહીં કાર્તિકેય માટે જે જે વિશેષણો વપરાયાં છે તે બધાને 'ગૂઢશબ્દાભિધાન' કહી શકાય. આ શ્લોકના ઉત્તરાર્ધમાં જોઈએ તો – **मिदि स्नेहने** – **मिद्** ધાતુનો અર્થ ચિકાશ, ચિકણાપણું, હવે **अमिद्धिः** = જેમાં ચિકાશ નથી, અર્થાત્ જેમાં રુક્ષતા છે, ભયંકરતા છે તેવાં, **शुभ्रदृग्दृष्टैः** ઉજ્જવળ દૃષ્ટિઓ વડે, **वः** = **युष्माकम्** (તમારાં), **द्विषः** = શત્રુઓનો **जेघ्नीयिषीष्ट** (**हन्** ધાતુનું **यङन्त** રૂપ = પૌનઃ પુન્યાર્થક રૂપ, તેમાં આશીર્લિઙ્ પ્રથમ પુરુષ, એકવચનનું રૂપ) વારંવાર નાશ કરે. (અહીં પણ **हन्** ધાતુનું જે ક્રિયાપદ વપરાયું છે તે પણ કષ્ટસાધ્ય છે.) આવું પદ્ય કેવળ વિદ્વદ્ ભોગ્ય જ ગણાય.

(૨) પ્રથમ પરિચ્છેદની કારિકા–૪૭ માં વર્ણવેલા વાણીના બીજા ચાર દોષો :

श्रुतिदुष्टा–र्थदुष्टे च कल्पनादुष्टम् इत्यपि ।
श्रुतिकष्टं तथैवाहुर् वाचां दोषं चतुर्विधम् ॥ १–४७

વાણી (= ભાષાનું ઉચ્ચારણગત શ્રુતિગોચર અને બુદ્ધિગમ્ય સ્વરૂપ) માં ચાર પ્રકારના દોષ જોવા મળે છે : (૧) શ્રુતિદુષ્ટ, (૨) અર્થદુષ્ટ, (૩) કલ્પનાદુષ્ટ અને (૪) શ્રુતિકષ્ટ.

7. ભામહે 'શ્રુતિદુષ્ટ'નાં અનેક ઉદાહરણો આપ્યાં છે, પણ તેનું લક્ષણ આપ્યું નથી.

विड् – वर्चो – विष्ठित– क्लिन्न–छिन्न–वान्त–प्रवृत्तयः ।
प्रचार–घर्षितो–दुगार–विसर्ग–हद–यन्त्रिताः ॥ १–४८
हिरण्यरेताः सम्बाधः पेलवो–पस्थिता–ण्डजाः ।
वाक्काटवादयश्चेति – श्रुतिदुष्टा मताः गिरः ॥ १–४९

આ બે કારિકાઓમાં જે શબ્દોની યાદી રજૂ થઈ છે, તે બધા જ્યારે વાગ્વ્યવહારમાં બોલવામાં આવે છે, ત્યારે સાંભળનાર વ્યક્તિને તે જુગુપ્સાપ્રેરક કે અશ્લીલ અર્થની પ્રતીતિ કરાવે છે. માટે તેમને શ્રુતિદુષ્ટ = 'સાંભળવામાં દોષયુક્ત' શબ્દો કહ્યા છે. દા.ત. **विट्**–'વાણિયો' અને 'વિષ્ઠા' એવા બે અર્થ ધરાવે છે. **वर्चस** – તેજ અને વીર્ય; **विष्ठित** – વિશેષ રૂપે સ્થિત અને વિષ્ઠા – એવા બે અર્થ નીકળી શકે છે. એ જ રીતે, **क्लिन्न** એટલે 'ભીનું', અને 'લોહીથી ખરડાયેલ', **छिन्न** – કપાયેલ અને સૌભાગ્યના ચિહ્ન રૂપ મંગળસૂત્રનું તૂટવું, **वान्त** – બહાર નીકળવું

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અને ઉલટી થવી, **प्रवृत्ति** = ની તરફ વળવું અને કોઈક પ્રકારનો સ્રાવ, **प्रचार** – પ્રસાર અને પાયખાનામાં થતી હાજત, **घर्षित**– અપમાન અને સ્ત્રી ઉપર બળાત્કાર, **उद्‌गार** શબ્દમાંથી પણ બે અર્થ નીકળે છે : ઓડકાર અને ઉલટી (આમ બધે બીજો બીજો અર્થ જુગુપ્સાજનક કે અશ્લીલ છાંટવાળો છે.) **विसर्ग** – ત્યાગ અથવા ગૂદરવ, **हद्** – મળત્યાગ (રૂપ એક જ અર્થ), **यंत्रित**– નિબદ્ધ અને સંભોગમાં જોડાયેલ, **हिरण्यरेतस्**– અગ્નિ અને **रेतस्** શબ્દથી 'વીર્ય'નો પણ બોધ થાય છે. આમ 'સુવર્ણરંગી વીર્ય' એમ અર્થ થશે. **संबाध** – રગડવું અને યોનિ, **पेलव** – કોમલ અને મલોત્સર્ગ, **उपस्थित** – એટલે પ્રસ્તુત અને લિંગ, **अंडज** – એટલે પક્ષી અને અંડકોશ રૂપે જન્મેલ, **वाक्‌काटव** – વાણીની કટુતા અને '**काट**' એવા શબ્દાંશ થકી લિંગની પ્રતીતિ પણ થાય છે. (તાતાચાર્યે काट શબ્દનો અર્થ 'મડદાને બાંધવાની નનામી'–એવો કર્યો છે.) – આમ આ બધા શબ્દોના બબ્બે અર્થોમાંથી એક અર્થ અશ્લીલ કે જુગુપ્સાપ્રેરક જણાય છે. તેથી ભામહે તેમને 'શ્રુતિદુષ્ટ' કહ્યા છે.

8. (૨) **'અર્થદુષ્ટ' નામનો કાવ્યદોષ :** ભામહ કહે છે કે –

अर्थदुष्टं पुनर्ज्ञेयं यत्रोक्ते जायते गतिः ।
असभ्यवस्तुविषया शब्दैस्तद्वाचिभिर्यथा ॥ ૧–૫૦

અર્થાત્ – જે વાક્યમાંના શબ્દો વડે અસભ્ય વસ્તુવાળા અર્થની પ્રતીતિ જન્મે છે તેવા શબ્દોને 'અર્થદુષ્ટ' કહેવામાં આવે છે.

અગાઉ જે શબ્દોને 'શ્રુતિદુષ્ટ' કહ્યા હતા, તેમાં તે તે શબ્દોને સાંભળતાં વેંત અશ્લીલ અર્થની પ્રતીતિ થતી હતી, પણ ભાષામાં બીજા કેટલાક એવા શબ્દો પણ છે કે જેમાં તે શબ્દો ઉપર થોડો વિચાર કરતાં થોડીવાર પણ અશ્લીલ અર્થ નીકળી આવતો જણાય છે. ઉદાહરણ તરીકે –

हन्तुमेव प्रवृत्तस्य स्तब्धस्य विवरैषिणः ।
पतनं जायतेऽवश्यं कृच्छ्रेण पुनरुन्नतिः ॥ (૧–૫૧)

અર્થાત્ – "હનન કરવા માટે ઉદ્યત થયેલ, સ્તબ્ધ થયેલ અને છિદ્રાન્વેષીનું પતન અવશ્ય થાય છે, પણ તેની ફરીથી ઉન્નતિ મૂશ્કેલી થાય છે." આ શ્લોકમાં દુષ્ટ વ્યક્તિનું વર્ણન છે, પણ સાથે સાથે પુરુષલિંગની પણ પ્રતીતિ થાય છે, જે અશ્લીલ છે.

9. (૩) **'કલ્પનાદુષ્ટ' નામનો કાવ્યદોષ :**

બે અલગ અલગ રહેલા શબ્દો જ્યારે સન્ધિને કારણે ભેગા મળે છે ત્યારે તેમાંના કોઈક અંશને છુટો પાડીને (કલ્પીને) જોવામાં આવે તો ક્યારેક તે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અનિચ્છનીય અર્થ આપનારો પણ બની રહે છે. આને 'કલ્પનાદુષ્ટ' દોષ કહે છે.

पदद्वयस्य सन्धाने यद् अनिष्टं प्रकल्पते ।
तदाहुः कल्पनादुष्टं स शौर्याभरणो यथा ॥ (१–५२)

અર્થાત્ – બે પદોની સન્ધિ થતાં, (તે સન્ધિયુક્ત પદના અમુક અંશમાં) જે અનિષ્ટ શબ્દની કલ્પના કરવામાં આવે છે, તેને 'કલ્પનાદુષ્ટ' શબ્દ કહેવામાં આવે છે. દા.ત. **शौर्य + आभरण** । (આ બન્ને શબ્દો અલગ અલગ હોય ત્યારે સારો અર્થ આપનારા છે. પણ) જ્યારે તે બેની વચ્ચે સ્વરસન્ધિ થશે **शौर्याभरण** એવો નવો શબ્દ બનશે. હવે આવા સન્ધિયુક્ત પદમાં જે **याभ** એવો અંશ છે, તેને છુટો કલ્પીને જોવામાં આવે તો તે 'મૈથુન' નો વાચક બને છે. કવિઓએ બને ત્યાં સુધી, વિપરીત મતિવાળાઓને અવાંચ્છિત અર્થ કાઢવાની તક જ ના મળે એવો શબ્દપ્રયોગ કરવો જોઈએ.

10. (૪) 'શ્રુતિકષ્ટ' નામનો કાવ્યદોષ :

અગાઉ 'શ્રુતિદુષ્ટ' પ્રકારના શબ્દોની યાદી આપી છે, તેનાથી જુદા પ્રકારનો આ 'શ્રુતિકષ્ટ' નામનો દોષ બતાવવામાં આવે છે. આ દોષનું પણ ભામહે કોઈ લક્ષણ આપ્યું નથી. તેમણે આપેલી કારિકામાં કેવળ બે ઉદાહરણ આપ્યાં છે :–

यथा''ऽजिह्लदद्'' इत्यादि श्रुतिकष्टं च तद्विदुः ।
न तदिच्छन्ति कृतिनो; ''गण्डम्'' अप्यपदे किल ॥ १–५३

'अजिह्लदत्' (= ખૂશ કરવામાં આવ્યા) જેવું ક્રિયાપદ સાંભળવામાં સારું લાગતું નથી, તેથી તેને શ્રુતિકષ્ટ (શ્રુતિકટુ) કહેવામાં આવે છે. એવી જ રીતે બીજા લોકોને **'गण्ड'** શબ્દ પણ સાંભળવામાં કષ્ટદાયક છે. આથી સારા કવિઓ તેને કાવ્યમાં વાપરવાનું પસંદ કરતા નથી.

(૩) દ્વિતીય પરિચ્છેદમાં દર્શાવેલા ૭ ઉપમાદોષો :

ભામહે કાવ્યાલંકારના બીજા પરિચ્છેદમાં પહેલાં યમક વગેરે શબ્દાલંકારોનું નિરૂપણ કર્યા પછી, ઉપમા વગેરે અર્થલંકારોનું પણ નિરૂપણ કર્યું છે. આપણે પહેલાં ઉપમા–અલંકારનું ભામહે બતાવેલું સ્વરૂપ–લક્ષણ જોયા પછી, તેમાં જે ૭ દોષો બતાવ્યા છે તેનો અભ્યાસ કરીશું :–

विरुद्धेनोपमानेन देशकालक्रियादिभिः ।
उपमेयस्य यत्साम्यं गुणलेशेन सोपमा ॥ (२–३०)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

અહીં ઉપમા–અલંકારનું લક્ષણ આપતાં કહ્યું છે કે–દેશ,કાલ, ક્રિયા આદિ વડે (ઉપમેયથી ભિન્ન એવા) ઉપમાનની સાથે ઉપમેયનું ગુણલેશથી જે સામ્ય હોય, તેને 'ઉપમા' કહે છે. (કારિકામાં વપરાયેલા **विरुद्धेन** શબ્દનો અર્થ 'ભિન્નેન' એમ લેવાનો છે.) આ લક્ષણમાં સારભૂત વાત એ છે કે –ઉપમેય અને ઉપમાન રૂપે રજૂ થતી બે વસ્તુઓ ભિન્ન હોવા સાથે, એમનામાં જે (અમુક અંશે) સાદૃશ્ય હોય છે– તે સાદૃશ્યના નિરૂપણને 'ઉપમા' કહે છે. ઉપમેય અને ઉપમાન રૂપે રજૂ થતી વસ્તુઓમાં ભિન્નતા અનેક મુદ્દાઓને લઈને હોય છે. જેમ કે, દેશ, કાલ, ક્રિયા, સ્વરૂપ, સ્વભાવ વગેરેને લઈને તેમાં જુદાપણું હોય છે.

ભામહનું એમ કહેવું છે કે – બે વસ્તુઓ વચ્ચેના સામ્યને જ ઉપમા કહે છે; પણ તે બે વસ્તુઓ વચ્ચે બધી જ રીતે પૂરેપુરું સામ્ય હોય તે શક્ય જ નથી. જો "દમયન્તીનું મુખ કમળ જેવું છે"–એવા ઉપમાવાક્યને સાંભળ્યા પછી કમળમાં જેમ કોમળ ગુલાબી પાંદડીઓ હોય છે, તેમ દમયન્તીના મુખમાં પણ ગુલાબી પાંદડીઓ હશે–એમ કોઈ માને–શોધે તો તે સર્વથા અસંભવ છે. આમ જો કોઈ વ્યક્તિ ઉપમેય અને ઉપમાન વચ્ચે પૂરેપુરું, બધી રીતનું સામ્ય શોધવા જાય તો તો ઉપમાની શક્યતા ઉપર મીડું જ વળી જાય. આને માટે ભામહે **गुणलेशेन** (=વત્તાઓછા અંશે અમુક મુદ્દે) એવો શબ્દ મૂક્યો છે. એટલે કે–ઉપમેય અને ઉપમાનની વચ્ચે અમુક અમુક અંશે, થોડુંક પણ, ગુણસામ્ય મળી જાય તો ઉપમા–અલંકારનો પ્રયોગ કરવાની દિશા ખુલી જાય છે. ટૂંકમાં, બે પદાર્થો વચ્ચે ભલે પૂરેપુરું સામ્ય ન હોય, (જે મળવું શક્ય પણ નથી); પણ કેવળ આંશિક જ સામ્ય હોય તો પણ ઉપમા બાધિત થતી નથી. જેમ કે, 'દમયન્તીનું મુખ' અને 'ચન્દ્રમા'–તે બન્ને એકબીજાથી ઘણા ભિન્ન છે; પણ માત્ર તે બન્નેમાં જે 'આહ્લાદકત્વ' અને 'પ્રકાશકત્વ'નો ગુણ છે, તેના સામ્ય ઉપર જ ઉપમા–અલંકાર પ્રયોજી શકાય છે.

કોઈ વાક્યમાં જ્યારે ઉપમા–અલંકાર વપરાય છે ત્યારે તે ત્રણ રીતે જોવા મળી શકે છે :–

(क) यथा કે **इव** જેવા ઉપમા–પ્રતિપાદક શબ્દોથી સાદૃશ્ય બતાવાય છે. દા.ત. **तन्वी श्यामा लता यथा** । 'શ્યામા તન્વી લતા જેવી છે.'

(ख) यथा કે **इव** ના અભાવમાં, તે શબ્દોનું કામ સમાસથી પણ સાધી શકાય છે. દાં.ત. **कमलपत्राक्षी उर्वशी** । "ઉર્વશી કમળ–પત્રના જેવા (વિશાળ) નેત્રવાળી છે."

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(અહીં 'कमलपत्राक्षी' એવા સમાસ–માંથી જ સાદૃશ્યની પ્રતીતિ થઈ જાય છે; તેમાં यथा કે इव જેવા ઉપમા–પ્રતિપાદક શબ્દને વાપરવાની જરૂર રહેતી નથી.)

(ग) वत् પ્રત્યય દ્વારા પણ ક્રિયાનું સામ્ય પ્રદર્શિત કરી શકાય છે. દા.ત. (૧) **ब्राह्मणेन तुल्यम् अधीते । → ब्राह्मणवत् अधीते ।** (२) **गुरुणा तुल्यं शास्ति । गुरुवत् शास्ति ।** (३) **रामस्य इव कृष्णस्य व्यवहारः अस्ति । → रामवत् कृष्णस्य व्यवहारः अस्ति ।**

ઉપમા–અલંકારની આટલી સમજૂતી આપ્યા પછી ભામહે ઉપમાના દોષો નીચે મુજબ બતાવ્યા છે :–

हीनताऽसम्भवो लिङ्गवचोभेदो विपर्ययः ।
उपमानाधिक्यं च तेनासदृशताऽपि च ॥ २–३९
त एत उपमादोषाः सप्त मेधाविनोदिताः ।
सोदाहरणलक्ष्माणो वर्ण्यन्तेऽत्र च ते पृथक् ॥ २–४०

૧. હીનતા, ૨. અસંભવ, ૩. લિંગભેદ, ૪. વચનભેદ, ૫. વિપર્યય, ૬. ઉપમાનનું આધિક્ય અને ૭. ઉપમાનનું અસાદૃશ્ય —આ સાત ઉપમાના દોષો છે એમ મેધાવીએ કહ્યું છે. હવે લક્ષણ અને ઉદાહરણ સાથે એનું વર્ણન કરવામાં આવે છે :–

11. (૧) 'હીનતા' નામનો પ્રથમ ઉપમા–દોષ :

કોઈ કાવ્યમાં ઉપમેયની સંખ્યા વધુ હોય અને તેની સામે ગોઠવેલ ઉપમાનોની સંખ્યા ઓછી = અપૂરતી હોય તો તેને 'હીનતા' નામનો ઉપમાદોષ ગણાય છે : ઉદાહરણ –

स मारुताकम्पित–पीतवासा ।
बिभ्रत्सलीलं शशिभासम् अब्जम् ।
यदुप्रवीरः प्रगृहीतशार्ङ्गः सेन्द्रायुधो मेघ इवावभासते ॥ (२–४१)

अर्थात् – "પવનથી હાલતા પીતામ્બરવાળા, ચન્દ્રમા જેવા ઉજ્જ્વળ શંખ (=अब्ज = પાણીમાં જન્મેલ)ને લીલાપૂર્વક ધારણ કરનાર એવા યદુકુળના અગ્રેસર કે જેમણે શાર્ઙ્ગ ધનુષ્ય ધારણ કર્યું છે તે (શ્રીકૃષ્ણ) ઇન્દ્રધનુષ્યને ધારણ કરનાર વાદળ જેવા શોભી રહ્યા છે." આ શ્લોકમાં ઉપમા–અલંકારનો (**मेघ इव**) પ્રયોગ થયો છે, પણ તેમાં 'હીનતા'નો દોષ પ્રવેશેલો છે. તે કેવી રીતે ? – એ વિચારીએ. અહીં 'શ્રીકૃષ્ણ' ઉપમેય (= જેમને ઉપમા આપવાની છે તે વ્યક્તિ) છે; અને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

'વાદળ' તે ઉપમાન (જે પદાર્થની ઉપમા આપવાની છે, તે પદાર્થ) છે. હવે ઉપમેય રૂપ શ્રીકૃષ્ણને માટે કુલ ત્રણ વાત કહેવાઈ છે ૧. તેમણે પીતામ્બર (=પીળું વસ્ત્ર) પહેર્યું છે, ૨. તેમના હાથમાં શ્વેત શંખ છે, અને ૩. તેમણે શાર્ઙ્ગ ધનુષ્ય ધારણ કર્યું છે. ઉપમેય (શ્રીકૃષ્ણ)ની આ ત્રણ વિગતોની સામે જે ઉપમાન (વાદળ) ગોઠવ્યું છે તેને માટે એક જ વાત કહેવાઈ છે કે તે વાદળે ઈન્દ્રધનુષ્યને ધારણ કર્યું છે. વાદળ પાસે કૃષ્ણના પીતામ્બર જેવું શું છે ? અથવા કૃષ્ણના શ્વેત શંખ જેવું શું ? — તે બે વિગતોની કોઈ રજૂઆત નથી. આથી તે ઉપમામાં 'હીનતા' (કશુંક ઓછું હોવાનો) દોષ પ્રવેશ્યો છે — એમ કહેવાયું છે.

शक्रचापग्रहाद् अत्र दर्शितं किल कार्मुकम् ।

वासः—शङ्खानुपादानाद् 'हीनम्' इत्यभिधीयते ॥ (२—४२)

ભામહે આ હીનતા નામનો ઉપમાદોષ બતાવ્યા પછી એમ કહ્યું છે કે — પોતે જ અગાઉ કહ્યું હતું કે કોઈ પણ ઉપમાપ્રયોગમાં સર્વાંશે સામ્ય મળવું શક્ય જ નથી. પણ છતાંય કોઈ પણ વાચકને તરત જ ઉડીને આંખે વળગે, મનમાં ખટકે એવી ઉપમાનોની ઊણપ તો ન જ રાખવી જોઈએ; નહીં તો તે હીનતા—દોષ કહેવાશે જ. આપણને આપેલા ઉદાહરણમાં તે વાત સ્પષ્ટ છે કે કૃષ્ણને વાદળની ઉપમા આપો, તે પછી વાદળમાં કૃષ્ણના પીતામ્બરનું અને શંખનું (અનુક્રમે) પીતત્વ અને શ્વેતત્વ કેવી રીતે ઘટિત થશે ? એ તો કહેવાવું જોઈતું હતું જ. જે કહેવાયું નથી, માટે ત્યાં હીનતાદોષ પ્રવેશ્યો છે.

12. (૨) 'અસંભવ' નામનો બીજો ઉપમા—દોષ :

કાવ્યમાં રજૂ થયેલી કોઈ વિગત જો બુદ્ધિગમ્ય ના હોય (કેમ કે વિજ્ઞાનથી કે તર્કથી સિદ્ધ થાય એવી ના હોય) તો તે કાવ્યમાં 'અસંભવ' નામનો ઉપમાદોષ આવ્યો ગણાય છે. ભામહે આનું ઉદાહરણ નીચે મુજબ આપ્યું છે :—

निष्पेतुरास्यादिव तस्य दीप्ताः शरा धनुर्मण्डलमध्यभाजः ।

जाज्वल्यमाना इव वारिधारा दिनार्द्धभाजः परिवेषिणोऽर्कात् ॥

અર્થાત્ — "દિવસના અર્ધભાગે પહોંચેલ અને પરિવેષથી વીંટળાયેલા સૂર્યમાંથી (નીકળતી) સળગતી જલધારાઓની જેમ ધનુર્મણ્ડલના મધ્યભાગમાં રહેલ મુખમાંથી સળગતા બાણ નીકળી રહ્યા હતા." આ કાવ્યમાં જે ઉપમાનરૂપે વાત કહેવાઈ છે કે "સૂર્યમાંથી નીકળતી સળગતી જલધારાઓની જેમ"—તે કોઈ રીતે યુક્તિથી (=બુદ્ધિથી કે અનુભવથી) સિદ્ધ થાય એવી જ નથી. માટે તેને 'અસંભવ' પ્રકારનો

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

બીજો ઉપમાદોષ કહેવાશે. ભામહ અહીં ઉમેરે છે કે – કયો બુદ્ધિશાળી કવિ ચન્દ્રમાની તુલના અગ્નિની સાથે કરશે ? **को नाम वह्निना औपम्यं कुर्वीत शशलक्ष्मणः ।।** (૨–૪૯)

13-14. (૩) અને (૪) 'લિંગભેદ' અને 'વચનભેદ' નામના ઉપમા દોષો :

ભામહે નીચે આપેલા એક જ શ્લોકમાં ઉપર્યુક્ત બન્ને પ્રકારના દોષ ઊભા થયેલા છે :–

अविगाह्योऽसि नारीणाम् अनन्यमनसाम् अपि ।
विषमोपल–भिन्नोर्मिह् आपगेवो–त्तितीर्षतः ।। (૨–૫૩)

"(હે રાજન્ !) તમે અનન્ય મનવાળી (= માત્ર તમારામાં જ મનવાળી) સ્ત્રીઓને માટે પણ એવા અપ્રવેશ્ય છો, કે જેવી રીતે સામે કિનારે પહોંચવાની ઇચ્છાવાળાને (**उत्तितीर्षतः**) માટે વિષમ પત્થરોથી જુદી જુદી ધારાઓમાં વહેંચાઈ ગયેલી નદી (અપ્રવેશ્ય હોય)."

અહીં, 'રાજા' ઉપમેય છે, એમને માટે વપરાયેલ ઉપમાન 'નદી' (**आपगा**) છે. આથી પુંલિંગ 'રાજા'ને માટે વપરાયેલું ઉપમાન (નદી), સ્ત્રીલિંગમાં છે, તેથી તેને 'લિંગભેદ' નામનો ત્રીજો ઉપમાદોષ કહે છે.

એવી જ રીતે **नारीणाम्** (સ્ત્રીલિંગમાં રહેલ) ઉપમેયને માટે જે '**उत्तितीर्षतः**' એવું ઉપમાન વપરાયું છે, તે પુંલિંગમાં છે – માટે ત્યાં પણ લિંગભેદ નામનો ઉપમા–દોષ ફરીવાર ઊભો થયો છે. તથા **नारीणाम्** એ ઉપમેય બહુવચનમાં છે; જ્યારે **उत्तितीर्षतः** (તરવાની, સામે પાર જવાની ઇચ્છાવાળો તરવૈયો) – એ વર્તમાન કૃદન્તનું ષષ્ઠી વિભક્તિ એકવચનનું રૂપ છે. આથી અહીં 'વચનભેદ' નામનો ચોથો ઉપમા–દોષ પણ ઊભો થયો છે.

'લિંગ ભેદ' નામના ઉપમા–દોષની ચર્ચામાં, ભામહે એક રસપ્રદ શંકા–સમાધાનને (૨–૫૬) માં પાછળથી મૂકેલ છે, તે અહીં જોઈ લઈએ. કાવ્યસાહિત્યમાં ઘણી જગ્યાએ 'કરકમલ' (હાથને કમળની ઉપમા) કે અધર ઓષ્ઠને બિમ્બફળની ઉપમાઓ અપાય છે. તેમાં કર=હસ્ત પુંલિંગમાં રહેલો શબ્દ છે અને તેને માટે ઉપમાન રૂપે રૂપેં વપરાતું કમળ નપુંસકલિંગમાં છે. એવી જ રીતે અધર ઓષ્ઠ તે પુંલિંગ શબ્દ છે અને તેનું ઉપમાન 'બિંબફળ' નપુંસકલિંગ શબ્દ છે. આથી આવાં સ્થાનોએ પણ લિંગભેદ નામનો ઉપમાદોષ બને જ છે. પણ કવિઓ નિરંકુશ છે. આવી પરંપરા ચાલુ થઈ ગઈ છે – તેને કેવી રીતે રોકવી ? બીજી તરફ, કેટલાક

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આલંકારિકોનો એવોય મત છે કે પુંલિંગ–નપુંસકલિંગનો ભેદ હોય તો ચાલે; પણ પુંલિંગ ઉપમેયને માટે સ્ત્રીલિંગ ઉપમાન; અથવા તો સ્ત્રીલિંગ ઉપમેયને માટે પુંલિંગ ઉપમાનને ક્યારેય ન વાપરવું – એવો જ નિયમ કવિઓએ પાળવો જોઈએ. કેમ કે કાવ્યમાં સ્ત્રીલિંગ–પુંલિંગનો ભેદ ન જળવાય તો તે તરત જ વાચકને ખટકે છે. (પુંલિંગ અને નપુંસકલિંગનો ભેદ હોય તો તે બહુ ખટકતો નથી.)

આ સંદર્ભમાં કવિ કાલિદાસના ઉપમા–પ્રયોગને યાદ કરવો જોઈએ. કેમ કે બધા કવિઓમાંથી મહાકવિ કાલિદાસની ઉપમાઓ જ સૌથી વધુ ચઢિયાતી છે અને સૌથી વધુ વખણાઈ છે. આનું એક કારણ એ પણ છે કે કાલિદાસ એમની ઉપમાઓ (પ્રાયઃ) ક્યાંય ઉપમેય–ઉપમાનનો લિંગભેદ હોય તેવું નિરૂપણ કરતા નથી. રઘુવંશનો પ્રથમ શ્લોક જોઈએ તો –

वागर्थाविव सम्पृक्तौ वागर्थप्रतिपत्तये ।
जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ॥ રઘુ. (૧–૧)

"વાણી અને અર્થની પ્રાપ્તિને માટે, વાણી અને અર્થની જેમ પરસ્પરમાં જોડાયેલાં પાર્વતી અને પરમેશ્વર (શંકર)ને હું (કાલિદાસ) વંદન કરું છું." અહીં કવિએ ઉપમેય પાર્વતી (સ્ત્રીલિંગ) ને માટે ઉપમાન 'વાણી' (સ્ત્રીલિંગ શબ્દ)નો ઉપયોગ કર્યો છે; તથા ઉપમેય શંકરને (પુંલિંગને) માટે ઉપમાન તરીકે 'અર્થ' (પુંલિંગ શબ્દ) નો પ્રયોગ કર્યો છે. તથા ભાષામાં પહેલાં વાણી હોય છે અને પછી તેમાંથી અર્થ પ્રકટે છે; તો કવિએ પણ સમાસ (**पार्वती–परमेश्वरौ**) માં પહેલાં **पार्वती** શબ્દને, અને તેની પાછળ **परमेश्वर** શબ્દને ગોઠવ્યો છે. આથી લિંગ–વચન–ક્રમ વગેરેના સંતુલનને કારણે **उपमा कालिदासस्य** કહેવાયું છે.

15. (૫) વિપર્યય નામનો પાંચમો ઉપમા–દોષ :

આ પાંચમા ઉપમા–દોષના બીજા બે પેટાભેદ કરવામાં આવ્યા છે : **(क)** હીન–વિપર્યય અને **(ख)** અધિક વિપર્યય. ભામહે આ દોષોનું લક્ષણ આપ્યું નથી, પણ તેના બે ઉદાહરણો જ એવાં સ્પષ્ટ આપ્યાં છે કે જેથી એમનું કથયિતવ્ય તરત જ સમજાઈ જાય છે :–

(क) क्वचिद् अग्रे प्रसरता क्वचिद् आपत्य निघ्नता ।
शुनेव सारङ्गकुलं त्वया भिन्नं द्विषां बलम् ॥ (૨–૫૪)

અર્થાત્ – "ક્યારેક આગળ દોડીને, તો ક્યારેક પાછળ ફરીને પ્રહાર કરી રહેલા તમે (=રાજાએ) શત્રુસૈન્યને છિન્ન–ભિન્ન કરી નાંખ્યું, જેવી રીતે કોઈ કૂતરો

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હરણાંના ટોળાંને વેરવિખેર કરી નાંખે તેમ."—અહીં કવિએ ઉપમેય એવા રાજાને માટે ઉપમાન તરીકે કૂતરાને ગોઠવ્યો છે. તેથી રાજા જેવી મોટી વ્યક્તિ માટે વાપરેલું કૂતરા જેવું હલકું ઉપમાન—તેનાથી 'હીનવિપર્યય' નામનો ઉપમાદોષ બને છે.

(ख) अयं पद्मासनासीनश्चक्रवाको विराजते ।
युगादौ भगवान् ब्रह्मा विनिर्मित्सुरिव प्रजाः ॥ (૨—૫૫)

"કમળરૂપી આસન ઉપર બેઠેલું આ ચક્રવાક પક્ષી યુગના આરંભે નવી સૃષ્ટિનું સર્જન કરવા ઈચ્છતા ભગવાન બ્રહ્માની જેમ શોભી રહ્યું છે."—આ શ્લોકમાં કવિએ સૃષ્ટિના સર્જનહાર બ્રહ્માની ઉપમા એક સામાન્ય ચક્રવાક પક્ષીને માટે વાપરી છે. અહીં કવિએ ઉપમા વાપરવાના ઉત્સાહમાં એવો વિચાર ના કર્યો કે ક્યાં બ્રહ્માજી જેવા એક દેવતા અને ક્યાં એમણે બનાવેલું નાનું એક પંખીડું ? નાના પક્ષી ચક્રવાક જેવા ઉપમેયને માટે સૃષ્ટિના પ્રવર્તક બ્રહ્માજીને ઉપમાન બનાવવા તેમાં 'અધિક–વિપર્યય' નામનો ઉપમાદોષ ઊભો થાય છે.

16. (૬) 'ઉપમાનાધિક્ય' નામનો છઠ્ઠો ઉપમા–દોષ :

કોઈ કાવ્યમાં જ્યારે ઉપમેયની સંખ્યાની સામે ઉપમાનભૂત પદાર્થોની સંખ્યા વધારે હોય ત્યારે તેને 'ઉપમાનાધિક્ય' નામનો ઉપમા–દોષ કહેવાય છે. ભામહે નીચે મુજબનું એક ઉદાહરણ આપ્યું છે :—

स पीतवासाः प्रगृहीतशार्ङ्गो मनोज्ञभीमं वपुराप कृष्णः ।
शतह्रदेन्द्रायुधवान् निशायां ससृज्यमानः शशिनेव मेघः ॥ ૨—૫૮

અર્થાત્ – "પીળાં વસ્ત્રો પહેરેલા અને શાર્ઙ્ગ ધનુષ્ય હાથમાં લીધેલા શ્રીકૃષ્ણનું શરીર સુન્દર પણ લાગતું હતું અને ભયજનક પણ લાગતું હતું, જેવી રીતે રાત્રિમાં ચન્દ્રમાંથી યુક્ત બનેલ વાદળ વિજળી (**शतह्रदा**) અને ઈન્દ્રધનુષ્ય સહિતનું બન્યું હોય તેમ."

અહીં ઉપમેય શ્રીકૃષ્ણ છે, અને ઉપમાન વાદળ (**मेघः**) છે. કૃષ્ણ માટે કવિએ 'પીતામ્બર' અને 'શાર્ઙ્ગ ધનુષ્ય'ને વાપર્યા છે. પીતામ્બરથી કૃષ્ણ સુન્દર લાગે છે; તથા શાર્ઙ્ગ–ધનુષ્ય હાથમાં લીધું હોવાથી તે ભયંકર પણ લાગે છે. પણ સામે ઉપમાન રૂપે જે મેઘ અર્થાત્ વાદળને મૂક્યું છે, તેના પક્ષે ત્રણ પદાર્થો રજૂ કરવામાં આવ્યાં છે : જેમ કે, ૧. ચન્દ્રમા, ૨. વિજળી અને ૩. ઈન્દ્રધનુષ્ય. આમ ઉપમાન–ભૂત મેઘના પક્ષે એક (ચન્દ્રમા) પદાર્થનું આધિક્ય છે. તેથી આ કાવ્યમાં 'ઉપમાનાધિક્ય' નામનો છઠ્ઠો ઉપમા–દોષ બને છે. (અહીં વિચાર કરતાં બે વાત

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સૂઝે એવી છે : (૧) જો કવિએ 'પીતામ્બર'ની સામે 'વિજળી' અને શાર્ઙ્ગ ધનુષ્યની સામે ઈન્દ્રધનુષ્યને ગોઠવ્યું છે, તેમ એકલા પડી જતા (શ્વેત) ચન્દ્રમાની સામે, કૃષ્ણ પક્ષમાં તેમના હાથમાં (શ્વેત) શંખને મૂક્યો હોત – તો ઉપમાન–ઉપમેય બન્નેના ત્રણ ત્રણ પદાર્થોનું સંતુલન થઈ જાત. (૨) ખરેખર તો અહીં 'અસંભવ' નામનો દોષ પણ બન્યો છે, કારણકે રાત્રિમાં ચન્દ્રમા હોઈ શકે, વિજળી પણ હોઈ શકે, પરંતુ કોઈ દિવસ ઈન્દ્રધનુષ્ય ના હોય – એ વાત આ શ્લોક લખનાર કવિના ધ્યાનમાં રહી નથી !

17. (૭) 'અસદશતા' નામનો સાતમો ઉપમા–દોષ :

કોઈ પણ ઉપમાનો પ્રયોગ કરવો હોય તો ઉપમેય અને ઉપમાન વચ્ચે કોઈક પ્રકારનું સાદશ્ય તો હોવું જ જોઈએ. સાદશ્યના આધાર વિના ઉપમા શક્ય જ નથી. આ સંદર્ભમાં ભામહે 'અસદશ્યતા' નામનો દોષ બતાવ્યો છે. તેનું લક્ષણ નહીં આપતાં, ભામહે એનું સીધું ઉદાહરણ જ આપ્યું છે :–

वनेऽथ तस्मिन् वनितानुयायिनः प्रवृत्तदानार्द्रकटा मतङ्गजाः ।
विचित्रवर्हाभरणाश्च बर्हिणो बभुर्दिवीवामलविग्रहा ग्रहाः ॥ २–६३

અર્થાત્ – " તે વનમાં પોતાની વનિતાઓ (=હાથણીઓ)નું અનુગમન કરનારા અને ઝરતા મદ–જળથી ભીનાં બનેલા ગંડસ્થળોવાળા ગજરાજો; તથા (બીજી તરફ) વિવિધ વર્ણવાળાં પીંછાંઓથી શોભી રહેલા મયૂરો આકાશમાં રહેલા નિર્મળ ગ્રહોની જેમ શોભી રહ્યા હતા."

અહીં આકાશમાં રહેલા ગ્રહો (ઉપમેય)ને વનના હાથીઓ અને મયૂરપીચ્છની (ઉપમાન) ઉપમા આપવાનો પ્રયાસ થયો છે. પરંતુ ઉપમાનભૂત વનના હાથીઓની વિશાળતા કે ભયંકરતાનો કોઈ ગુણ (=સાદશ્ય) આકાશના ગ્રહોમાં નથી, એવી જ રીતે મયૂરપીચ્છની સોહામણી સુંદરતાનું સાદશ્ય પણ આકાશના ગ્રહોમાં કોઈ રીતે બંધબેસતું નથી.– આમ સાદશ્યની ગેરહાજરીમાં અહીં 'અસદશતા' નામનો ઉપમા–દોષ ઊભો થાય છે.

(૮) ચોથા અને પાંચમા પરિચ્છેદમાં બતાવેલા ન્યાયશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રની દષ્ટિએ થતા બીજા કાવ્યદોષો :

ભામહે કાવ્યાલંકારના ચોથા અને પાંચમા પરિચ્છેદમાં બીજા ૧૮ દોષોનું વર્ણન કર્યું છે. આ દોષોનાં નામ નીચે મુજબ છે :–

૧. અપાર્થ, ૨. વ્યર્થ, ૩. એકાર્થ, ૪. સસંશય, ૫. અપક્રમ, ૬. શબ્દહીન, ૭. યતિભ્રષ્ટ, ૮. ભિન્નવૃત્ત, ૯. વિસન્ધિ, ૧૦. દેશવિરોધી, ૧૧. કાલવિરોધી,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

૧૨. કલાવિરોધી, ૧૩. લોકવિરોધી, ૧૪. ન્યાયવિરોધી, ૧૫. આગમવિરોધી, ૧૬. પ્રતિજ્ઞાહીન, ૧૭. હેતુહીન અને ૧૮. દૃષ્ટાંતહીન. (આમાંના ૧ થી ૧૪ કાવ્યદોષો ચોથા પરિચ્છેદમાં બતાવ્યા છે, અને છેલ્લા ત્રણ કાવ્યદોષો પાંચમા પરિચ્છેદમાં મૂક્યા છે.)

18. (૧) 'અપાર્થ' નામનો કાવ્યદોષ :

વાક્યમાં બે પ્રકારનાં પદ હોઈ શકે છે : સુબન્ત (નામપદ) અને તિઙન્ત (=ક્રિયાપદ) હવે આ બે પ્રકારનાં પદોમાંથી, કોઈવાર એવું બને કે કશો અર્થ જ ના નીકળતો હોય એવું પદ કોઈ કવિ વાપરે તો તેવા પદને 'અપાર્થ' (**अपगतः अर्थः यस्मात्, सः अपार्थः** । જેમાંથી અર્થ ચાલ્યો ગયો છે, તેવા પદને અપાર્થ) કહે છે. ભામહે આનું લક્ષણ અને ઉદાહરણ નીચે મુજબ આપેલ છે :–

समुदार्थशून्यं यत्तदपार्थकम् इष्यते ।
"दाडिमानि दशापूपाः षड्" इत्यपि यथोदितम् ॥ (૪–૮)

જે વર્ણસમુદાય/પદસમુદાય/વાક્યમાંથી કશો જ અર્થ ના નીકળતો હોય તેને 'અપાર્થક' શબ્દ કહે છે. દા.ત. "દશ દાડમ અને છ માલપૂવા" (આમાં પ્રત્યેક પદ પોતપોતાની રીતે કોઈ અર્થ આપે છે, પણ) તેના સમુદાયમાંથી, સમ્મિલિત થયેલો કોઈ સુસમ્બદ્ધ અર્થ મળી શકતો નથી. આવા વાક્યને "અપાર્થક" દોષવાળું કહેવાય છે.

19. (૨) 'વ્યર્થ' નામનો દોષ : અહીં 'વ્યર્થ' શબ્દનો 'નિરર્થક' એવો અર્થ નથી; પણ વિરુદ્ધાર્થકને વ્યર્થ કહે છે.

विरुद्धार्थं मतं व्यर्थं विरुद्धं तूपदिश्यते ।
पूर्वापरार्थव्याघाताद् विपर्ययकरं यथा ॥ (૪–૯)

કાવ્યમાં શરૂઆતમાં નિરૂપાયેલો એક વિચાર, અને પછી પાછળથી નિરૂપાયેલો વિચાર જો પરસ્પરમાં વિરુદ્ધ જતો હોય તો તેને 'વ્યર્થ' (=વિરુદ્ધાર્થક) કાવ્યદોષ કહે છે.

ઉદાહરણ –

सखि, मानं प्रिये धेहि, लघुतामस्य मा गमः ।
भर्तुश्छन्दानुवर्त्तिन्यः प्रेम घ्नन्ति न हि स्त्रियः ॥

"અલી સખી ! તારા પ્રિયતમને વિશે માન ધારણ કર. એ (પ્રિયતમ)ના વિશે લઘુતા બતાવીશ નહીં. (= ખોટું લગાડીને બેસી જા.) જે સ્ત્રીઓ પોતાના પતિની

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઇચ્છાનું અનુસરણ કરે છે, તેમનો (જ) પ્રેમ નાશ પામતો નથી. (અર્થાત્ પતિ પ્રત્યે ખોટું લગાડીશ નહીં, રુસણાં ના લઈશ.)" અહીં પહેલી પંક્તિમાં જે કહેવાયું છે, તેનાથી તદ્દન વિરુદ્ધ બીજી પંક્તિમાં કહેવાઈ રહ્યું છે. આથી આને વ્યર્થ દોષવાળું કાવ્ય કહેવાય છે.

20. (૩) **'એકાર્થ' (= પુનરુક્ત) દોષ :** કાવ્યમાં વપરાયેલી બે પંક્તિઓનો અર્થ પરસ્પરથી જુદો ના હોય (= અભિન્ન હોય) તેને 'એકાર્થ' દોષ કહે છે. અલબત્ત, અહીં એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે માણસ જ્યારે ભય, શોક, અસૂયા, હર્ષ કે વિસ્મય જેવા ભાવોનો અનુભવ કરે છે ત્યારે સંભવ છે કે તેના બોલવામાં શબ્દોની પુનરુક્તિ થાય પણ ખરી. જેમ કે – "જાવ જાવ." અહીં પણ શબ્દકૃત પુનરુક્તિ છે, અને બન્ને શબ્દોનો અર્થ એક જ છે. તો પણ તેને 'એકાર્થ' દોષ કહેવો નહીં. કારણકે પૂર્વોક્ત નિયમમાં આ અપવાદ ગણવાનો છે કે માણસના મનમાં જો ભય, ક્રોધ, શોક જેવા ભાવો હોય તો તે સમાનાર્થક શબ્દોની પુનરુક્તિ કરવાનો જ છે. પણ આપણે તો કાવ્યશાસ્ત્રની દષ્ટિએ, સાહિત્યમાં જ્યાં અર્થની પુનરુક્તિ થતી હોય ત્યાં જ 'એકાર્થ' દોષ જોવાનો છે. ભામહે આને માટે નીચેની કારિકા આપી છે :–

भयशोकाभ्यसूयासु हर्षविस्मययोरपि ।
यथाह "गच्छ गच्छे"ति पुनरुक्तं न तद्विदुः ॥ २–१४
अत्रार्थपुनरुक्तं यत्तदेवैकार्थमिष्यते ॥

ટૂંકમાં, અર્થગત પુનરુક્તિને જ 'એકાર્થ' નામનો દોષ કહેવો.

ઉદાહરણ –

ताम् उत्कमनसं नूनं करोति ध्वनिर् अम्भसाम् ।
सौधेषु धनमुक्तानां, प्रणालीमुखपातिनाम् ॥ (४–१६)

"વાદળોમાંથી મહેલ ઉપર પડતાં પાણીઓના અવાજે; અને ધાબાના પાઈપમાંથી પડતાં પાણીઓના અવાજે તે (પ્રિયા)ના મનને ખરેખર ઉત્કંઠિત કરી દીધું." અહીં શબ્દો જુદા જુદા વપરાયા છે, પણ અર્થ તો એક જ છે કે પાણી પડવાના અવાજથી નાયિકાનું મન પ્રિયતમને મળવા ઉત્કંઠિત થઈ ગયું છે.

21. (૪) **'સસંશય' નામનો દોષ :** સંશય ભરેલું વાક્ય એટલે શું ? – તેને સમજાવતાં ભામહે કહ્યું છે કે, સાધારણ ધર્મો સાંભળવા મળે, પણ જો વિશેષ ધર્મો ન કહેવામાં આવે તો તેવા જ્ઞાનમાં નિશ્ચિતતા ઊભી થતી નથી, બલ્કે કશોક સંશય રહી જાય છે. આવા સંશય–ઉત્પાદક વાક્યને 'સસંશય' કહેવામાં આવે છે :–

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

श्रुतेः सामान्यधर्माणां, विशेषस्यानुदाहृतेः ।
अप्रतिष्ठं यदत्रैतज्ज्ञानं तत्संशयं विदुः ॥ ४–१७

ભામહે આ સસંશય દોષવાળા કાવ્યનું સુન્દર ઉદાહરણ નીચે મુજબ આપ્યું છે :–

व्यालवन्तो दुरारोहा रत्नवन्तः फलान्विताः ।
विषमा भूभृतस्तेभ्यो भयम् आशु प्रमादिनाम् ॥ ४–१९

આ શ્લોકમાં વપરાયેલ **भूभृत्** શબ્દ દ્વિ–અર્થી છે. **भूभृत्** શબ્દનો વ્યાકરણ મુજબ "પૃથિવીને ધારણ કરનાર" એવો અર્થ થાય છે. પણ વ્યવહારમાં 'પૃથિવીને ધારણ કરનાર' તરીકે બે વ્યક્તિનો બોધ થાય છે : (૧) રાજા અને (૨) પર્વત. હવે આ શ્લોકમાં વપરાયેલાં **व्यालवन्तः**, **दुरारोहा** વગેરે વિશેષણોના અર્થો પણ એવા છે કે જે એક તરફથી રાજાને પણ લાગુ પડી શકે છે, અને બીજી તરફથી પર્વતને પણ લાગુ પડી શકે છે. આથી શ્રોતાના મનમાં સંશય પેદા થાય છે કે આ શ્લોક દ્વારા રાજાનું વર્ણન થઈ રહ્યું છે કે પર્વતનું વર્ણન થઈ રહ્યું છે ? જેમ કે, (ક) 'વ્યાલવાન્' એટલે ૧. દુર્જનોથી ઘેરાયેલો રાજા, અથવા ૨. સર્પોવાળો પર્વત, (ખ) 'દુરારોહ' (=દુષ્પ્રાપ્ય) એટલે જેના સુધી પહોંચવું મુશ્કેલ છે તેવો રાજા, અને એ જ રીતે 'પર્વત'. (ગ) 'રત્નવાન્' એટલે રાજા પાસેય રત્નો હોય છે, અને પર્વતોની ખાણોમાં પણ રત્નો હોઈ શકે છે, (ઘ) 'ફળવાળા' એટલે યાચકોને મોટાં દાન આપનાર રાજા અને જાંબુ, કેરી વગેરે ફળોવાળાં વૃક્ષો જેની ઉપર છે તે પર્વત, (ઙ) 'વિષમ' એટલે રાજાઓ સ્વભાવે અસ્થિર હોય છે (ગમે ત્યારે રાજી થાય અને ગમે ત્યારે ગુસ્સે ભરાય), અને પર્વતનો પ્રદેશ ખાડાટેકરાવાળો હોવાથી વિષમ ગણાય છે,–આમ આ વિશેષણો દ્વારા રાજાના અને પર્વતના સાધારણ ધર્મો કહેવાયા છે, પણ બેમાંથી એકેયનો કોઈ વિશેષ–ધર્મ કહેવાયો નથી. માટે શ્રોતાને નિશ્ચિતતાપૂર્વક એની ખબર નથી પડતી કે આમાં **भूभृत्** શબ્દથી કેવળ રાજાનું વર્ણન છે કે પર્વતનું વર્ણન છે ? આમ આ શ્લોકને સસંશય દોષવાળો કહેવાશે.

22. (૫) 'અપક્રમ' નામનો દોષ : જે ક્રમથી વસ્તુઓનો પહેલાં નિર્દેશ શરૂ કર્યો હોય, તે જ ક્રમથી તત્સંબંધી વસ્તુઓનો નિર્દેશ કરવો જોઈએ. પણ જો તેમ ન કર્યું હોય તો તેવા કાવ્યમાં 'અપક્રમ' દોષ પ્રવેશે છે. ભામહે નીચેના શ્લોકોથી તેનું લક્ષણ અને ઉદાહરણ આપેલ છે :–

यथोपदेशं क्रमशो निर्देशोऽत्र क्रमो मतः ।
तदपेतं विपर्यासाद् इत्याख्यातम् 'अपक्रमम्' ॥ ४–२०

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(१) विदधानौ किरीटेन्दु, (२) श्यामाभ्रहिमसच्छ्वी । (३) रथाङ्गशूले बिभ्राणौ, पातां वः शम्भुशार्ङ्गिणौ ॥ ४–२१

અર્થાત્ – "કિરીટ અને ચન્દ્રમાને ધારણ કરનારા; શ્યામ અભ્ર (=વાદળ) અને હિમ (= બરફ જેવી શ્વેત) કાન્તિવાળા, તથા રથચક્ર અને ત્રિશૂળને ધારણ કરનારા એવા શંભુ અને શાર્ઙ્ગ ધનુષ્યધારી (= વિષ્ણુ) તમારું રક્ષણ કરો."

અહીં **किरीटेन्दु** સમાસમાંનો 'કિરીટ' (= મુકૂટ) શબ્દ વિષ્ણુનું આભૂષણ છે અને 'ઇન્દુ' (=બીજચન્દ્ર) શંકરનું આભૂષણ છે. તે પછી, શ્યામવાદળની કાન્તિવાળા તરીકે વિષ્ણુ અને હિમાલય જેવી કાન્તિવાળા તરીકે શંકરનો બોધ થાય છે. છેલ્લે, રથાંગ = ચક્ર = સુદર્શન ચક્રધારી તરીકે વિષ્ણુ અને ત્રિશૂલધારી તરીકે શંકરનો બોધ થાય છે. પણ શ્લોકની ચોથી પંક્તિમાં **शम्भु–शार्ङ्गिणौ** શબ્દમાં પહેલાં શંકર આવી ગયા અને વિષ્ણુ બીજા ક્રમે જતા રહ્યા–તેથી નિરૂપણમાં ક્રમભંગ થઈ ગયો એમ કહેવાશે. આને 'અપક્રમ' નામનો દોષ કહે છે.

23. (૬) 'શબ્દહીન' નામનો દોષ : ભામહ એક એવા આલંકારિક છે કે જેમણે વ્યાકરણને, વ્યાકરણના નિયમોને ઘણું મહત્ત્વ આપ્યું છે. અહીં 'શબ્દહીન'નો અર્થ થાય છે : શબ્દશાસ્ત્રની મર્યાદાને તોડનારો શબ્દપ્રયોગ, આને ભામહે દોષ ગણ્યો છે.

सूत्रकृत्–पदकारेष्ट–प्रयोगाद् योऽन्यथा भवेत् ।
तम् आप्तश्रावकासिद्धेः शब्दहीनं विदुर्यथा । ४–२२

"સૂત્રકાર (પાણિનિ), પદકાર (કાત્યાયન અને પતંજલિ)ને જે પ્રયોગ ઇષ્ટ (=માન્ય) હોય, તેનાથી વિરુદ્ધ પ્રકારનો જે શબ્દપ્રયોગ હોય તેને "શબ્દહીન" કહેવાય છે; કારણકે તે (ત્રણ વૈયાકરણો)ને આપ્ત = પ્રામાણિક (વ્યાકરણ) શાસ્ત્ર સંભળાવનારા છે." ટૂંકમાં, ભામહના મત મુજબ પાણિનીય વ્યાકરણશાસ્ત્રીને માન્ય ન હોય એવો શબ્દ કોઈ કવિએ વાપરવો નહીં. અપાણિનીય શબ્દપ્રયોગને 'શબ્દહીન' ગણવામાં આવે છે. ઉદાહરણ તરીકે –

स्फुरत्–तडिद्–वलयिनो विततामभ्भो–गरीयसः ।
तेजस्तिरयतः सौरं घनान् पश्य दिवोऽमितः ॥ ४–२३

અર્થાત્ – "ચમકતી વિજળીના વલય (કંકણ)ને ધારણ કરનાર, ચારે તરફ ફેલાયેલા (**वितत**) પાણીથી ભારે બનેલ વાદળો સૂર્યના તેજને જે ઢાંકી રહ્યા છે, તે (વાદળો)ને આકાશમાં બધે ઉમટેલાને જુઓ."

આ શ્લોકમાં **घनान्** = વાદળોનાં વિશેષણો તરીકે જે શબ્દો વપરાયાં છે તે વ્યાકરણશાસ્ત્રની દૃષ્ટિએ ખોટાં છે. અને 'શબ્દહીન' નાં ઉદાહરણો છે. દા.ત. (૧)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

स्फुरत् तडिद्वलयिनः । અહીં **स्फुरत्तडिद्वलयान्** (=**घनान्**) એમ બહુવ્રીહિ સમાસથી જ "ચમકતી વિજળીના વલયને ધારણ કરનાર" એવો અર્થ મળી રહેશે; તેમાં 'વાળો/વાળી/વાળું'નો અર્થ ઉમેરવા **इन्** પ્રત્યયને લગાડવાની જરૂર નથી. (= **वलयिनः** બનાવવાની જરૂર નથી.) (૨) **गरीयस्** શબ્દમાં લાગેલ **ईयसुन्** પ્રત્યય પણ જ્યાં **तर्–तम** (વત્તા–ઓછા) ભાવનો બોધ કરાવવાનો હોય ત્યારે જ થઈ શકે છે. અહીં જે વર્ણન ચાલે છે, તેમાં **विततामभसः** એટલું જ કહેવાની જરૂર હતી. (આમ અપ્રાસંગિક પ્રત્યય વપરાયાનો દોષ બને છે.) (૩) **दिवोऽभितः ।** માં '**अभितः**' અવ્યયના યોગમાં, "**अभितः परितः समया–निकषा–हा–प्रति–योगेऽपि ।**" એવા વાર્તિક–વચનથી, **द्यु** શબ્દનું બીજી વિભક્તિનું **द्याम्** રૂપ વપરાવું જોઈતું હતું, તેને બદલે **दिवः** એવું ષષ્ઠી વિભક્તિવાળું જે પદ વપરાયું છે, તે પણ અયોગ્ય છે. આમ એક નાના શ્લોકમાં ત્રણ જગ્યાએ 'શબ્દહીન'નો દોષ ઊભો થયો છે.

24. (૭) 'યતિભ્રષ્ટ' નામનો દોષ : પદ્યાત્મક કાવ્યમાં કોઈકને કોઈક છન્દ (=વૃત્ત) વપરાયો હોય છે. પ્રત્યેક છન્દમાં નિયત અક્ષરોની હારમાળામાં વચ્ચે વચ્ચે ક્યાંક વિરામ = 'યતિ' આવતા હોય છે, અને તેવા યતિનું સ્થાન પણ નિશ્ચિત હોય છે. પણ જો કોઈ કવિ તે યતિના સ્થાનનું પાલન ના કરે તો ત્યાં 'યતિભ્રષ્ટ' નામનો દોષ બને છે. ટૂંકમાં, છન્દોબદ્ધ પદ્ય ગાતી વખતે જો નિયતસ્થાનમાં 'યતિ' નહીં હોય, તો તેના ગાનમાં પદ્યનો લય તૂટે છે. આમ એક દોષ છે.

यतिश्छन्दोऽधिरूढानां शब्दानां या विचारणा ।
तद् अपेतं यतिभ्रष्टमिति निर्दिश्यते यथा ॥ ૪–૨૪

આનું ઉદાહરણ છે :–

"**विद्युत्वन्तस्तमालासितवपुषः इमे वारिवाहा ध्वनन्ति ॥**" એવી પંક્તિ સ્રગ્ધરા છન્દમાં લખાયેલી છે. ૭ × ૩ = ૨૧ અક્ષરવાળો આ છન્દ છે, તેમાં દરેક સાતમા અક્ષરે યતિ (=વિરામ) હોવી અપેક્ષિત છે. પણ **तमाल + असितवपुषः** માં સન્ધિ થવાથી **तमाला/सितवपुषः** એવી યતિ ગોઠવાય છે; જે પદની મધ્યમાં હોવાથી, 'યતિભ્રષ્ટ' ગણાય છે. (જ્યાં જ્યાં યતિસ્થાન કહેવાયું હોય ત્યાં પદનો અંતિમ વર્ણ આવવો જોઈએ. પદના મધ્ય ભાગમાં 'યતિ' આવે તો તે દોષ ગણાય.)

25. (૮) 'ભિન્નવૃત્ત' નામનો દોષ : 'વૃત્ત' એટલે 'છન્દ'. દરેક છન્દના અક્ષરોની સંખ્યા નિયત હોય છે; અને તે નિયત સંખ્યાવાળા અક્ષરોમાંય લઘુ–ગુરુની ગોઠવણ પણ સુનિશ્ચિત હોય છે. હવે કોઈક કવિ જો (૧) નિયત લઘુ–ગુરુનો ક્રમ તોડે તો

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તેને 'ભિન્નવૃત્ત' નામનો દોષ કહે છે. તથા (૨) જે તે છન્દના અક્ષરોની નિયત સંખ્યાનો નિયમ તોડે, એટલે કે નક્કી કરેલા અક્ષરોને બદલે ઓછા અક્ષર વાપરે કે વધારે અક્ષર વાપરે તો તેને પણ 'ભિન્નવૃત્ત' નામનો દોષ કહે છે. (આમ આ દોષ બે રીતે જન્મી શકે છે.) [આવી જ રીતે, જો માત્રામેળ છન્દ હોય તો તેમાંય નિયત સંખ્યાવાળી માત્રાઓને બદલે વધુ કે ઓછી માત્રાઓનો પ્રયોગ કરવામાં આવે તો તેને પણ 'ભિન્નવૃત્ત' નામનો દોષ કહેવાશે.] ઉદાહરણ –

भ्रमति भ्रमरमाला काननेषून्मदासौ ।

विरहितरमणीकोऽर्हति त्वाद्य गन्तुम् ॥ માલિની છન્દમાં આ શ્લોક લખાયો છે. જેમાં ૧૫ અક્ષર અને ન–ન–મ–ય–ય ગણના અક્ષરો હોવા જોઈએ. ન ગણમાં = UUU (ત્રણ લઘુ) હોવા જોઈએ. **भ्रमति**માં **ति** લઘુ છે, પણ પાછળ આવેલા **भ्रमर** શબ્દનો **भ्र** સંયુક્તાક્ષર હોવાથી **भ्रमति** નો **ति** 'ગુરુ' અક્ષર બની જાય છે. આમ આ પંક્તિમાં લઘુ–ગુરુનો ક્રમ તૂટે છે. તથા બીજી પંક્તિમાં પૂરા ૧૫ અક્ષર થતા નથી, તેથી નિયત અક્ષરસંખ્યા તૂટે છે. આમ બે રીતે 'ભિન્નવૃત્ત' દોષ બને છે.

26. (૯) 'વિસન્ધિ' નામનો દોષ : બે સ્વરો પાસે પાસે આવે કે બે વ્યંજનો પાસે પાસે આવે, અને તેને કારણે તેમની વચ્ચે ધ્વનિશાસ્ત્રના નિયમો મુજબ સન્ધિ થવી જોઈએ. પણ ત્યાં જો સન્ધિ ન કરી હોય તો તેને 'વિસન્ધિ' નામનો દોષ કહે છે.

27. (૧૦) 'દેશવિરોધી' નામનો દોષ : કાવ્યમાં જુદા જુદા પ્રકારનાં વર્ણનો આવે છે, જેમાં જુદા જુદા સ્થળ–કાળને અનુલક્ષીને યથાર્થ વર્ણનો કરવાં જોઈએ, જે વસ્તુ જે દેશમાં પેદા જ ન થતી હોય, ત્યાં તે વસ્તુ પેદા થાય છે– એવું નિરૂપણ ના કરવું જોઈએ. અથવા જે દેશમાં જે વસ્તુ નીપજતી હોય, પણ કવિ તે વસ્તુનું વર્ણન ના કરે તો તેવાં વર્ણનને 'દેશવિરોધી' કહે છે.

या देशे द्रव्यसम्भूतिरपि वा नोपदिश्यते ।

तत्तद्विरोधि विज्ञेयं स्वभावात् तद्यथोच्यते ॥ ૪–૨૯

દા.ત. મલય પર્વત ઉપર ચંદનનાં વૃક્ષો થાય છે; પણ જો કોઈ કવિ મલય ઉપર કાલાગુરુનાં વૃક્ષો થાય છે એમ લખે તો તે 'દેશવિરોધી' દોષ કહેવાય. એ જ રીતે, હિમાલય પર્વત ઉપર દેવદારુનાં વૃક્ષો થાય છે, પણ જો કોઈ મલયપર્વત ઉપર દેવદારુ વૃક્ષો શોભી રહ્યા છે–એમ વર્ણવે તો તે પણ 'દેશવિરોધી' વર્ણન કહેવાશે.

28. (૧૧) 'કાલવિરોધી' નામનો દોષ : ભારતની છ ઋતુઓમાં જે ફળો જુદી જુદી ઋતુમાં થતાં હોય – તેનું પણ કવિએ ધ્યાન રાખવું જોઈએ. જો કોઈ કવિ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વર્ષાઋતુમાં કેરીઓ ઉગી છે – એમ લખે તો તે 'કાલવિરોધી' નામનો દોષ કહેવાશે.

29. (૧૨) 'કલા–વિરોધી' નામનો દોષ : આ દોષ સમજતાં પહેલાં 'કલા' કોને કહેવાય છે તે સમજીશું. તો ભામહ કહે છે કે – **कला संकलना प्रज्ञा, शिल्पान्यस्याश्च गोचरः ।** એટલે કે સંકલન કરનારી બુદ્ધિને 'કલા' કહે છે. આવી કલાના વિષયો અનેક છે : સંગીત, ચિત્ર, મૂર્તિ, શિલ્પ વગેરે. આવી લલિતકળાના પણ પોત–પોતાના સ્વીકૃત નિયમો છે. એ નિયમોમાં જો ઉલટાસૂલટી કરી દેવાય તો તેને 'કલાવિરોધી' નામનો દોષ કહેવાય છે.

દા.ત. સંગીત કળામાં મુખ્ય સાત સ્વરો હોય છે : ૧. ષડ્જ, ૨. ઋષભ, ૩. ગાંધાર, ૪. મધ્યમ, ૫. પંચમ, ૬. ધૈવત અને ૭. નિષાદ. આને જ અનુક્રમે "સા–રે–ગ–મ–પ–ધ–ની" રૂપે ગવાય છે, ઓળખાય છે. હવે, સંગીતશાસ્ત્રના પ્રસિદ્ધ અને માન્ય નિયમોને તોડીને કોઈ કવિ કંઈક જુદું લખે તો તેને 'કલાવિરોધી' દોષ કહે છે.

30. (૧૩) 'લોક–વિરોધી' નામનો દોષ : તત્ત્વજ્ઞાનીઓએ 'લોક'ની ઓળખ બે પ્રકારે કહી છે : ૧. સ્થાવર લોક અને ૨. જંગમ લોક. હવે, કવિઓએ પણ કાવ્યજગત્ માં આ બે જ પ્રકારના લોકનો વ્યવહાર થતો બતાવવો જોઈએ. જો કોઈ કવિ આવી આમન્યા ના સ્વીકારે, અને કોઈ અપૂર્વ માન્યતાવાળા લોકનું વર્ણન કરે તો તેને 'લોકવિરોધી' વર્ણન કહેવામાં આવે છે અને તેને દોષ ગણવામાં આવે છે. ઉદાહરણ તરીકે–કોઈ કવિએ લખ્યું છે કે – તે હાથીઓના ગંડસ્થળમાંથી એટલો બધો મદ ઝરવા લાગ્યો કે તે મદમાંથી મોટી નદીનું નિર્માણ થયું અને તે મદજળની નદીમાં બીજા હાથી, ઘોડા અને રથો તણાઈ ગયા. અહીં, કોઈપણ હાથીને આટલી મોટી માત્રામાં મદ ઝરતો નથી, તેથી આ વર્ણનને 'લોકવિરોધી' કહે છે.

31. (૧૪) 'ન્યાયવિરોધી' નામનો દોષ : ધર્મ, અર્થ અને કામ–એવા ત્રણ પુરુષાર્થોનું વર્ણન કરનારાં શાસ્ત્રોને "ન્યાય" કહેવાય છે; તથા 'દંડનીતિ'ને પણ 'ન્યાય' કહે છે.

न्यायः शास्त्रं त्रिवर्गोक्तिर्दण्डनीतिश्च तां विदुः ।
अतो न्यायविरोधीष्टम् अपेतं यत्तथा यथा ॥ ४–૩૯

ભામહે આવા 'ન્યાયવિરોધી' કાવ્યોનાં ઉદાહરણો તરીકે ઉદયન–વાસવદત્તાનાં ઉપાખ્યાનોનો નિર્દેશ કર્યો છે. [આપણે જાણીએ છીએ કે ભાસે પોતાના

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

'સ્વપ્નવાસવદત્તમ્' અને 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ' નામનાં નાટકોમાં ઉદયન અને વાસવદત્તાની પ્રણયકથાનાં નિરૂપણો કર્યાં છે. કાલિદાસે પણ મેઘદૂતમાં અવન્તિકા દેશનું વર્ણન કરતી વખતે કહ્યું છે કે – **उदयनकथाकोविदग्रामवृद्धाः** । આમ નાટ્યકાર ભાસ અને કાલિદાસના સમયમાં (એટલે કે ઇ.સ. પૂર્વે ૧–થી ઇ.સ. ની ૪–૫ સદી સુધી) ઉદયનની કથા કાવ્યનો વિષય બની હતી. છઠ્ઠી સદીમાં થયેલા ભામહે આ કથા ઉપર આધારિત કાવ્યોને ઉદ્દેશીને 'ન્યાયવિરોધી' દોષવાળાં વર્ણનોનો ઉલ્લેખ કર્યો છેઃ] જેમ કે –

(૧) વત્સરાજ ઉદયનને બુદ્ધિશાળી, વિજયાભિલાષી અને દૂરદર્શી કહ્યા પછી, કોઈ કવિ અને ગુપ્તચર વિનાનો રાજા પણ કહે તો તે 'ન્યાયવિરોધી' નિરૂપણ કહેવાય. દંડનીતિમાં (એટલે કે રાજનીતિના વિષયમાં જે રાજા વિજયાભિલાષી હોય તેણે શત્રુસૈન્યની હિલચાલ જાણવા ગુપ્તચરો તો રાખવા જ પડે. જાસુસો વિનાનો રાજા નવા વિજય તો ના જ મેળવી શકે, પણ પોતાનું રાજ પણ ના ટકાવી શકે.)

(૨) ('પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ'માં જેનો ઉલ્લેખ છે તે–) ઉદયન ચામડાથી મઢેલો લાકડાનો મોટો હાથી ઓળખી ના શક્યો અને વીણાવાદનથી તે એને વશ કરવા એની નજીક એકલો પહોંચી ગયો, ત્યારે તે કૃત્રિમ હાથીના શરીરમાં સંતાયેલા સેંકડો સૈનિકોએ બહાર નીકળીને ઉદયનને પકડી લીધો – એવું જે વર્ણન છે, તે પણ 'ન્યાયવિરોધી' છે. અનેક સાચા જંગલી હાથીઓને પકડવાનો અભ્યાસી અને શોખીન એવો ઉદયન શું કૃત્રિમ હાથીને ના ઓળખી શકે ?– એ કેવી રીતે બને ?

ભામહની દૃષ્ટિએ, ઉદયન જે રીતે પકડાયો છે – તેના વર્ણનમાં 'ન્યાયવિરોધી' કહી શકાય એવી બીજી પણ ઘણી વિગતો છે. જેમ કે, રાજા ઉદયન કૃત્રિમ હાથીના મોહમાં અંદર ભરાઈને બેઠેલા સૈનિકો દ્વારા માની લો કે પકડાઈ ગયો; પણ આ આખા પ્રસંગમાં ઉદયનના મંત્રીઓ શું ઊંઘતા હતા ? એમાં એમની નિષ્ક્રિયતા જવાબદાર હતી કે એમનામાં સ્વામી–ભક્તિનો અભાવ હતો ? આવા પ્રશ્નો પણ ઊભા થાય છે.

ત્રીજું એ વર્ણન પણ 'ન્યાયવિરોધી' ગણાશે કે જ્યારે ઉદયનના શરીર ઉપર શત્રુ–સૈનિકોએ જે બાણવૃષ્ટિ કરી, તેનાથી એનું શરીર જરીકેય ક્ષત–વિક્ષત ના થયું ! આ કેવી રીતે બને ? પણ કવિઓએ આવાં 'ન્યાયવિરોધી' વર્ણનો પણ કર્યાં છે કે શત્રુઓનાં બાણ ઉદયનના શરીર ઉપર વાગ્યા વિના, સીધાં નીચે જમીન ઉપર સરકી ગયાં ! – ભામહ કહે છે કે આમ તમામ રીતે, ઉદયનકથાનાં કાવ્યો/નાટ્યોમાં જે નિરૂપણો થયાં છે તે બધાં 'ન્યાયવિરોધી' દોષથી ભરેલાં છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૧૫) 'આગમવિરોધી' નામનો દોષ :

32. ધર્મશાસ્ત્રો અને તેમનાથી ઊભી થયેલી લોકમર્યાદાને "આગમ" કહેવાય છે. હવે, ભામહ કહે છે કે આવા આગમ–વિધાનનું અતિક્રમણ કરનારાં વર્ણનોને 'આગમવિરોધી' દોષ કહે છે. ઉદાહરણ તરીકે –

भूभृतां पीतसोमानां न्याय्ये वर्त्मनि तिष्ठताम् ।
अलङ्करिष्णुना वंशं गुरौ सति जिगीषुणा ॥ ४–४९
अभार्योढेन संस्कारम् अन्तरेण हि जन्मना ।
नरवाहनदत्तेन वेश्यावान् निशि पीडितः ॥ ४–५०

अर्थात् –

"સોમરસનું પાન કરનાર અને ન્યાયમાર્ગ ઉપર ચાલનાર રાજાઓના વંશને અલંકૃત કરનાર અને પિતા જીવતા હોયને જ જે જીતવાની ઇચ્છાવાળા તથા સંસ્કાર વિના પણ દ્વિજત્વને ધારણ કરનારા અવિવાહિત નરવાહનદત્તે વેશ્યાવાન્‌ને રાત્રિના સમયમાં જ મારી નાખ્યો."

આ ઉદાહરણમાં આગમવિરોધી ગણી શકાય એવાં ચાર સ્થળો છે : (૧) ધર્મશાસ્ત્ર મુજબ ક્ષત્રિયો અને વૈશ્યો સોમપાન કરી શકતા નથી. પણ આ શ્લોકમાં ક્ષત્રિયોને સોમાપાન કરનારા કીધા છે. (૨) પિતાને દેખાડી દેવાની ભાવના રાખવી તે આગમવિરોધી છે. છતાંય આ શ્લોકમાં કહ્યું કે પિતાના જીવતાં જ, તે જિત મેળવવાની ઇચ્છા રાખતો હતો. (૩) ઉપનયન (જનોઈ) સંસ્કાર વિના દ્વિજત્વ મળે નહીં; તો પણ અહીં કહ્યું છે કે, આ ક્ષત્રિયો સંસ્કાર વિના જ દ્વિજત્વને ધારણ કરનારા હતા – આ કથન 'આગમવિરોધી' છે. (૪) અહીં નરવાહનદત્ત અવિવાહિત હતો, તે સ્થિતિમાં જ વેશ્યાને વીંટળાયેલા પુરુષને મારવા ત્યાં પહોંચે છે. આ વર્ણન પણ "આગમવિરોધી" છે.

●●●

આ ચતુર્થ પરિચ્છેદના અંતે ભામહે દોષ–નિરૂપણનું પ્રયોજન વર્ણવતાં લખ્યું છે કે –

न दूषणाय अलम् उदाहृतो विधिः
न चाभिमानेन किमु प्रतीयते ।

બીજા (કવિ)ઓના દોષો બતાવવાના આશયથી આ દોષ–નિરૂપણ કર્યું નથી, કે કોઈ અભિમાનથી પ્રેરાઈને પણ આ કર્યું નથી. કેવળ, કવિ બનવાની ઇચ્છાવાળાને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

માર્ગદર્શન મળી રહે માટે આ પ્રકરણ લખ્યું છે. આ પછી ભામહે પાંચમા પરિચ્છેદમાં અવશિષ્ટ ત્રણ દોષો (૧. પ્રતિજ્ઞાહીન, ૨. હેતુહીન અને ૩. દૃષ્ટાન્ત–હીન)ને સમજાવ્યા છે. આ ત્રણ દોષોને સમજવા માટે અનુમાન–પ્રમાણમાં વપરાતા પંચાવયવ વાક્યોને જાણવાં જરૂરી છે :–

(૧) પ્રતિજ્ઞા – **पर्वतो वह्निमान्** । 'પર્વત ઉપર અગ્નિ છે.'

(૨) હેતુ – **कस्मात् ? पर्वतो वह्निमान् धूमात्** । પર્વત અગ્નિવાળો છે, કારણકે તેની ઉપર ધૂમાડો છે.

(૩) દૃષ્ટાન્ત – **यत्र यत्र धूमः तत्र तत्र वह्निः । यथा–महानसे** । "જ્યાં જ્યાં ધૂમાડો હોય છે, ત્યાં ત્યાં અગ્નિ હોય છે. જેમ કે, રસોડામાં." (આને 'અન્વય' વાક્ય કહે છે.) **यत्र न वह्निः, तत्र धूमः अपि नास्ति । यथा–जलाशये** । જ્યાં અગ્નિ નથી હોતો, ત્યાં ધૂમાડો પણ નથી હોતો. જેમ કે, – જળાશયમાં,' (આને 'વ્યતિરેક' વાક્ય કહે છે.)

(૪) ઉપનયન – **अतः अस्मिन् पर्वते धूमः** ।

આથી આ પર્વત ઉપર ધૂમાડો છે.

(૫) નિગમન – **तस्मात् तथा** । આથી/નક્કી અનુમાન થાય છે કે આ પર્વત અગ્નિવાળો છે.

33. કોઈપણ અનુમાન ઉપર પહોંચવા માટે ઉપર દર્શાવ્યા છે તેવા તબક્કામાંથી આપણી વિચારણા પસાર થવી જોઈએ. અનુમાન–પ્રમાણને માટે આ જે પંચાવયવ વાક્ય વપરાય છે. તેને આધારે ભામહે કાવ્યમાં પણ (૧) પ્રતિજ્ઞાહીન, (૨) હેતુહીન અને (૩) દૃષ્ટાન્ત–હીન નામના દોષો હોઈ શકે છે–એની વિચારણા રજૂ કરી છે. ભામહ કહે છે કે– કાવ્યસાહિત્યમાં ત્રણ પુરુષાર્થ–મૂલક એટલે કે ધર્મમૂલક પ્રતિજ્ઞા, અર્થમૂલક પ્રતિજ્ઞા અને કામમૂલક પ્રતિજ્ઞા; ઉપરાંત ચોથી કોપમૂલક પ્રતિજ્ઞાની રજૂઆત કરી શકાય છે. (પણ એ સિવાયની જગ્યાએ પ્રતિજ્ઞાઓનું નિરૂપણ ન કરવું જોઈએ.) જેમ કે –

(૧) યયાતિ અને શર્મિષ્ઠાના પુત્ર પુરુએ એવી પ્રતિજ્ઞા કરી હતી કે – "હે પિતા ! હું તમારી વૃદ્ધાવસ્થા સ્વીકારી લઉં છું અને મારી યુવાવસ્થા તમને ભેટ ધરું છું–" આને ધર્મમૂલક પ્રતિજ્ઞા કહેવાય છે.

(૨) સુગ્રીવ જેવા સ્વામીના આદેશથી હનુમાનજીએ પ્રતિજ્ઞા લીધી હતી કે – " હું જાતે જ સીતાની શોધ કરી લાવીશ."– આને અર્થમૂલક પ્રતિજ્ઞાનું ઉદાહરણ ગણવામાં આવ્યું છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૩) વત્સરાજ ઉદયને પ્રતિજ્ઞા કરી હતી કે – "હું મહાસેન પ્રદ્યોતની પુત્રી વાસવદત્તાનું હરણ કરીશ"–તે કામમૂલક પ્રતિજ્ઞાનું ઉદાહરણ છે.

(૪) ભીમે પ્રતિજ્ઞા કરી કે–"યુદ્ધમાં દુર્યોધનની જાંઘ તોડીશ અને દુઃશાસનની છાતી ચીરીને તેમાંથી લોહી પીશ."–આ ક્રોધમૂલક પ્રતિજ્ઞા કહેવાઈ છે.

ભામહે આ ચાર સિવાયની પ્રતિજ્ઞાને કાવ્યમાં નિરૂપવી જોઈએ નહીં તેમ સૂચવ્યું છે. આ સિવાયની કોઈ પ્રતિજ્ઞા રજૂ થાય તો તેને 'પ્રતિજ્ઞાહીન' દોષ કહે છે. ભામહે આ ચતુર્વિધ પ્રતિજ્ઞાઓનો બાધ થતો હોય એવાં ઉદાહરણો પણ જૂના સાહિત્યમાંથી નોંધ્યાં છે. જેમ કે,

(૧) ચિત્રસેન નામનો ગંધર્વ એકવાર દુર્યોધનને હરાવીને, બાંધીને લઈ ગયો. અર્જુને તેને ચિત્રસેન પાસેથી છોડાવ્યો. તે પછી તેણે દુઃશાસનને રાજા બની જવાનો આદેશ કર્યો અને પોતે અનશનની પ્રતિજ્ઞા લઈ બેઠો. પણ કર્ણે તેને સમજાવ્યો એટલે ફરી પાછો તે હસ્તિનાપુરનો રાજા બની ગયો. આમ ધર્મપ્રતિજ્ઞાનો ભંગ થયો.

(૨) કૌરવોએ જુગાર રમવાનું પાંડવોને નિમંત્રણ મોકલ્યું. ત્યારે યુધિષ્ઠિર બોલ્યા હતા કે "જુગાર રમવા મને બોલાવશે, તો હું તેનો અસ્વીકાર નહીં કરું." અને તેઓ શકુનિ જોડે જુગાર રમવા બેઠા. – આવી પ્રતિજ્ઞાને અર્થબાધિની પ્રતિજ્ઞા કહે છે. (મહાભારત = સભાપર્વ)

(૩) "આજથી માંડીને હું બ્રહ્મચારી બનીને રહીશ, અને વિવાહ નહીં કરું"– એવી ભીષ્મે કરેલી પ્રતિજ્ઞા 'કામબાધિની' છે.

(૪) પરશુરામે પૃથિવી ઉપરના બધાય ક્ષત્રિયોને હણી નાખવાની પ્રતિજ્ઞા લીધી હતી, પણ રામે તેમને હરાવીને, તે પ્રતિજ્ઞા તોડાવી કાઢી હતી, આને કોપબાધિની પ્રતિજ્ઞા કહે છે.

34. (૨) 'હેતુહીન' નામનો દોષ :

પર્વતો બહ્નિમાન્, ધૂમાત્ । 'પર્વત ઉપર અગ્નિ છે, કેમ કે ત્યાં ધૂમાડો દેખાય છે.'–એ વાક્યમાં અગ્નિના અસ્તિત્વ હોવાનો 'હેતુ' (= કારણ) તે ધૂમાડો છે. કાવ્યમાં ક્યારેક કવિઓ પણ આવા હેતુનું પ્રદર્શન કરીને અમુક વર્ણનો કરતાં હોય છે. જેમ કે, "કુરરી નામના પક્ષીનું કૂજન અને કમળોની સુગંધથી જણાય છે કે આ વનપ્રદેશમાં વિશાળ સરોવર છે." અહીં સરોવરના અસ્તિત્વને માટે પક્ષીકૂજન અને કમળની ગંધ 'હેતુ' બને છે. પણ જ્યાં આવો હેતુ (અન્વય–વ્યતિરેકથી) બંધ ના બેસે ત્યાં 'હેતુહીન' નામનો કાવ્યદોષ બને છે. દા.ત. આ 'કાશ' નામનાં પુષ્પો છે,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કેમ કે તેની સુગંધ મનને મોહી લે છે. તથા જળની સમીપ રહેતું હોવાથી જણાય છે કે આ 'શરારિ' નામનું પક્ષી છે." અહીં પુષ્પો 'કાશ'ના છે – એમ કહેવા જે હેતુ અપાયો છે કે તે સુગંધવાળા છે–તે હેતુ ખોટો છે–કેમ કે 'કાશ'નાં ફુલોને સુગંધ હોતી નથી ! તથા 'જળ પાસે રહે છે' માટે આ 'શરારિ' પક્ષી છે – એમ કહેવું તે પણ "હેતુહીન" છે. કારણકે જળની પાસે તો બગલાં અને સારસ, હંસ વગેરે પણ રહે છે.

35. (૩) 'દૃષ્ટાન્તહીન' નામનો દોષ : અનુમાન પ્રમાણમાં જે વ્યાપ્તિવચન વપરાય છે (**यत्र यत्र धूमः, तत्र तत्र वह्निः, यथा – महानसे ।**) તેમાં એક દૃષ્ટાન્ત હોય છે જ. આના અનુસન્ધાનમાં ભામહ દૃષ્ટાન્તહીન દોષને સમજાવતાં લખે છે કે –

साध्यसाधनधर्माभ्यां सिद्धो दृष्टान्त उच्यते ।
तद्विपर्ययतो वापि तदाभस्तदवृत्तितः ॥ ૫–૨૬

અર્થાત્ – સાધ્ય અને સાધન એવા બે ધર્મોથી જે સિદ્ધ થાય તેને દૃષ્ટાન્ત કહે છે. આ વિપર્યયથી પણ બની શકે છે. (એટલે કે વ્યતિરેક વાક્યથી પણ 'દૃષ્ટાન્ત' સિદ્ધ થાય છે.) પણ જ્યાં સાધ્ય–સાધન નથી રહેતાં તેને 'દૃષ્ટાન્તાભાસ' કહે છે.

ભામહ કહે છે કે – દૃષ્ટાન્ત તો એવું હોવું જોઈએ કે જે સાધ્ય–સાધનથી યુક્ત હોય અને કથનને પ્રમાણિત કરે. દા.ત. મહાનસ (=રસોડું) એટલા માટે 'દૃષ્ટાન્ત' છે, કે તેમાં સાધ્ય–અને સાધન (= અગ્નિરૂપી સાધ્ય, અને ધૂમાડા રૂપી સાધન) બન્ને રહે છે. આનાથી વિપરીત જો કોઈ એમ કહે કે – પર્વત ઉપર અગ્નિ છે, જેવી રીતે આ પુસ્તકમાં (**यथा–पुस्तके**) તો અહીં પુસ્તકને 'દૃષ્ટાન્ત' કહી શકાશે નહીં. કારણકે એમાં સાધ્ય અગ્નિ નથી, અને સાધન સ્વરૂપ ધૂમાડો રહેલો નથી. – આમ 'દૃષ્ટાન્તહીન' નામનો કાવ્ય–દોષ ત્યાં ઊભો થાય છે કે જ્યાં 'દૃષ્ટાન્તાભાસ' હોય છે.

ઉપસંહાર :– આમ ભામહે નીચે મુજબના કાવ્યદોષો વર્ણવ્યા છે :–

૧. પ્રથમ પરિચ્છેદ (કારિકા–૩૭)માં છ દોષો,
૨. પ્રથમ પરિચ્છેદ (કારિકા–૪૭)માં ચાર દોષો,
૩. દ્વિતીય પરિચ્છેદમાં ઉપમાના સાત દોષો,
૪. ચતુર્થ પરિચ્છેદમાં (કારિકા – ૧–૨)માં પંદર દોષો અને
૫. પંચમ પરિચ્છેદના આરંભે પ્રતિજ્ઞાહીનાદિ ત્રણ દોષો.

આમ કુલ ૩૫ દોષો ભામહે દર્શાવ્યા છે. નાટ્યશાસ્ત્રમાં ભરતમુનિએ (ઇ.સ. પૂર્વે ૩૦૦) કેવળ ૧૦ કાવ્યદોષો કહ્યા હતા, તેની સામે ભામહે ૩૫ દોષોનું વર્ણન

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કર્યું. કાવ્યશાસ્ત્રમાં આગળ જતાં બધાને માટે આ એટલો બધો મહત્ત્વનો વિષય જણાયો છે કે ભામહોત્તરવર્તી દંડી, વામન, રુદ્રટ, આનંદવર્ધન, મહિમ ભટ્ટ, મમ્મટ અને પંડિતરાજ જગન્નાથ–સૌએ આ વિષયને વિસ્તારથી અને ઉદાહરણો દ્વારા બહુ રસ લઈને ચર્ચ્યો છે. ભામહે ૩૫ દોષો આપ્યા, પણ મમ્મટે કાવ્યપ્રકાશના ૭મા ઉલ્લાસમાં ૭૦ દોષો બતાવ્યા છે. અલબત્ત, આ બધા આલંકારિકોમાં મહિમા ભટ્ટ બહુ નોંધપાત્ર છે. કેમ કે તેમણે જે વિધેયાવિમર્શ વગેરે પાંચ વાક્યગત દોષો વિચાર્યા છે, તે સર્વથા નવીન છે અને મમ્મટના માર્ગદર્શક છે.

•••

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ – ૩

ભામહના દોષ–વિચારની સમીક્ષા

ભામહે રચેલા કારિકાબદ્ધ 'કાવ્યાલંકાર' ગ્રન્થમાં જે દોષવિચારણા રજૂ થઈ છે તે મહત્ત્વપૂર્ણ છે. તેમાં મુખ્યત્વે ૩૫ જેટલા દોષોનું નિરૂપણ છે : ૧. પ્રથમ પરિચ્છેદમાં ૬ + ૪ = ૧૦ દોષોનું; (૨) બીજા પરિચ્છેદમાં ૭ ઉપમાદોષોનું વર્ણન છે. તે પછી, (૩) ચોથા પરિચ્છેદમાં ૧૫ દોષો; અને (૪) પાંચમા પરિચ્છેદમાં પ્રતિજ્ઞાહીન, હેતુહીન અને દૃષ્ટાન્તહીન એવા ૩ દોષોનું વર્ણન છે. આમ ભામહે વિવિધ અલંકારોનું વર્ણન કરવાની સાથોસાથ પોતાના કાવ્યાલંકારમાં અડધો અડધ ભાગ દોષ–વિચારણાને માટે રોક્યો છે. પણ તેમણે રજૂ કરેલી આ દોષ–વિચારણા 'વ્યવસ્થિત' કહી શકાય એવી નથી. કેમ કે તેમાં તેમાં કોઈ ચોક્કસ વર્ગીકરણ જેવું દેખાતું નથી, તથા તે આખા ગ્રન્થમાં જુદી જુદી જગ્યાએ વિખરાઈને પડેલી છે.

ઉપર જે ૩૫ દોષો ગણાવ્યા છે, તે ઉપરાંત બીજા પણ કેટલાક "અત્યાજ્ય" તત્ત્વો તરીકે ગણાવ્યા છે. દા.ત. વૈદર્ભ અને ગૌડ માર્ગના નિરૂપણ દરમ્યાન અપુષ્ટાર્થતા, વક્રોક્તિહીનતા, ગ્રામ્યતા, આકુલતા (૨–૩૪, ૩૫) નામના દોષો કહ્યા છે. એ ઉપરાંત અહૃદ્યતા, અસુનિર્ભેદ્યતા અને અપેશલતા (અર્થાત્ અસુલભાર્થતા અને કર્કશતા); અને વિરુદ્ધપદ, અસ્વર્થ, બહુપૂરણ અને વ્યાયતા (૫–૬૭) ને પણ તેમણે નોંધેલા છે. આમ ભામહની દોષ–વિચારણા વિસ્તૃત છે; પણ વ્યવસ્થિત નથી.

(૨) ભામહે, ભરત મુનિની જેમ, 'દોષ' કોને કહેવાય ? એનું કોઈ સામાન્ય લક્ષણ આપ્યું નથી. (૩) જે જે દોષો નામશઃ બતાવ્યા છે, તેમાંય કોઈકનાં લક્ષણ આપ્યાં છે, તો તેમનાં ઉદાહરણો આપ્યાં નથી. દા.ત. ક્લિષ્ટ અને ગૂઢશબ્દાભિધાન. તો બીજી તરફ, જ્યાં ઉદાહરણો આપ્યાં છે, ત્યાં લક્ષણો આપ્યાં નથી. દા.ત. શ્રુતિકષ્ટ અને શ્રુતિદુષ્ટ. આમ, ભામહનું નિરૂપણ પૂરેપૂરું શાસ્ત્રીય કહી શકાય એવું નથી.

(૪) ભામહે પાંચમા પરિચ્છેદમાં જે છેલ્લા ત્રણ દોષો બતાવ્યા છે : ૧. પ્રતિજ્ઞાહીન, ૨. હેતુહીન અને ૩. દૃષ્ટાન્તહીન તે દોષો બીજા કોઈ આલંકારિકે બતાવ્યા નથી. દંડીએ તો આ ત્રણને 'કર્કશ' કરીને ઠુકરાવ્યા છે. પણ ભામહની દૃષ્ટિ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

વ્યાપક છે. તેઓએ કાવ્યમાં ક્યારેક શાસ્ત્રીય (ન્યાય, વ્યાકરણ વગેરે) રજૂઆતો થઈ શકે છે, એવી શક્યતા જોઈ છે. તેથી 'કવિના ભાર'ને ધ્યાનમાં રાખીને, તેમણે કવિઓને સાવધાન કર્યા છે કે તમારા કાવ્યમાં આવા શાસ્ત્રીય પ્રકારના દોષો ના પ્રવેશે એનું ધ્યાન રાખજો.

(૫) ભામહ એ વાતે પણ સભાન છે કે ક્યારેક કોઈક દોષ પણ અમુક સંજોગોમાં 'ગુણ' બની શકે છે. આમ, શાસ્ત્રકારો જ્યારે કોઈ એક મુદ્દાનું નિરૂપણ કરતાં હોય ત્યારે તેમને અપવાદ સ્થળોનું પણ ધ્યાન રહેવું જોઈએ—એ નિયમ ભામહમાં ચરિતાર્થ થાય છે. અને આથી જ આગળ જતાં કયા દોષો 'નિત્યદોષ' ગણવા, અને તેમાંના કયા કયા દોષો અમુક અમુક સંજોગોમાં ગુણ બની રહે છે – તેથી તેવા દોષોને 'અનિત્યદોષો' કહેવા જોઈએ—એવી વિચારણા પણ જન્મી છે. (દા.ત. ૧–૫૪, ૫૫ જુઓ) ભોજે તો સરસ્વતીકંઠાભરણમાં—આવા ગુણરૂપ બની જતાં દોષોને 'દોષગુણો'નું નામ આપીને, 'વૈશેષિક ગુણ' પણ કહ્યા !

(૬) ભરતમુનિએ દોષવિચારણાની શરૂઆત કરતાં જે દશ દોષો બતાવ્યા હતા, તેમાંના ઘણા ભામહમાં પણ મળે છે. પરંતુ આપણે નોંધવું જોઈએ કે તેમાંના ઘણાનું નામમાત્રથી સાદશ્ય છે; બાકી તે દોષોની જે વિભાવનાઓ તે બે આચાર્યોએ રજૂ કરી છે તેમાં ઘણો ફરક છે.

(૭) ભામહે દોષવિચારણા દરમ્યાન જે ઉદાહરણો આપ્યાં છે, તે પ્રાયઃ એમણે પોતે નવાં સર્જેલાં છે; પણ ક્યારેક નામ દીધા વિના તેમણે ભાસ અને કાલિદાસ જેવા સુપ્રસિદ્ધ કવિઓનાં કાવ્યોમાં પણ દોષદર્શન કરાવવાની હિંમત દાખવી છે. (અને આ પરંપરાએ આગળ જતાં ઘણું જોર પકડ્યું છે; અને જેના દુષ્પરિણામ સ્વરૂપે કાલિદાસનાં કાવ્યોનો મૌલિકપાઠ બદલવાની – ....કુચેષ્ટા પણ શરૂ થઈ છે !)

(૮) ભામહે મુખ્યત્વે ૩૫ દોષો વર્ણવ્યા, જે આગળ જતાં વધ્યા, અને મમ્મટે (કાવ્યપ્રકાશના ૭મા ઉલ્લાસમાં) ૭૦ જેટલા દોષોનું નિરૂપણ કર્યું. આમ અલંકારશાસ્ત્રના એક મહત્ત્વના વિવેચ્ય મુદ્દાને ઉપસાવવામાં ભામહનું યોગદાન મહત્ત્વનું કહી શકાય.

(૯) ભામહે જે વિભિન્ન પ્રકારના દોષો શોધી બતાવ્યા છે તેમાંથી જ પ્રેરણા લઈને, પછીના સમયના આલંકારિકોએ જે નવી ઉદ્ભાવનાઓ રજૂ કરી છે તેનાં કેટલાંક ઉદાહરણો જોઈએ તો –

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ક) ભામહે દેશવિરોધી, કાલવિરોધી, કલાવિરોધી અને આગમવિરોધી કાવ્યદોષો બતાવ્યા છે, તેના જ સમુદિત સ્વરૂપ તરીકે આનંદવર્ધને બતાવેલ 'અવ્યુત્પત્તિકૃત દોષ'ને જોઈ શકાય.

(ખ) ભામહે જે 'શબ્દહીન' નામનો કાવ્યદોષ આગળ ધરીને, વ્યાકરણ સમ્મત શબ્દો જ કાવ્યમાં વપરાવા જોઈએ – એવો જે દઢાગ્રહ વ્યક્ત કર્યો છે, તેમાંથી પ્રેરણા લઈને જ મમ્મટાચાર્યે 'ચ્યુતસંસ્કૃતિ' દોષ મૂક્યો છે. અને આવા દોષને સર્વથા અસહ્ય અને ત્યાજ્ય કહ્યો છે.

(ગ) ગંડ, હદ–જેવા અશ્લીલ શબ્દોના પ્રયોગનો બાધ જે કહેવાયો તેમાંથી વામને ઘણી પ્રેરણા લીધી છે. એ જ પ્રમાણે ભામહની વ્યાકરણ વિષયક જે ચર્ચાઓ છે, તેનાથી પ્રભાવિત થઈને વામને પ્રાયોગિક પ્રકરણ આખું મૂક્યું !

• • •

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ – ૪

નાટ્યોત્પત્તિ – કથા

પ્રાસ્તાવિક

(૧) ભૂમિકા : – ગૌરવશાળી વેદસંસ્કૃતિનો ભવ્ય વારસો ધરાવતા આપણા ભારતદેશમાં વેદ, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદોની રચના/દર્શન થયા પછી 'રામાયણ' અને 'મહાભારત' જેવા વીરચરિત રૂપ આર્ષ મહાકાવ્યો (Epic) ની રચના થઈ. પરંપરાગત રીતે આ બે આર્ષમહાકાવ્યોને 'ઇતિહાસ' ગ્રન્થો પણ કહેવાય છે. આ બન્નેની રચના ઇ.સ.પૂર્વે ૪૦૦–૩૦૦ની આસપાસની ગણાય છે. પરંતુ ભારતદેશમાં ઈશ્વરના અવતારોનું વર્ણન કરતાં આવાં ધર્મપ્રધાન કાવ્યોનું સર્જન થવાની સાથે જ, એટલા જ પ્રાચીનકાળથી સંગીત, નૃત્ય, નાટ્ય અને ચિત્રાદિ કળાઓ પણ વિકસી હતી. જેના પારિપાક રૂપે જ ભરતમુનિએ 'નાટ્યશાસ્ત્ર'ની રચના કરી છે. ભરતમુનિનો સમય પણ ઇ.સ. પૂર્વે ૫૦૦–૪૦૦થી શરૂ કરીને ઇ.સ. પૂર્વે ૧ લી સદી સુધીનો અનુમાનવામાં આવ્યો છે.

જો કે ભરતમુનિના સ્થળ અને કાળ વિશે કશી પ્રમાણસિદ્ધ ઐતિહાસિક વિગતો આપણી પાસે નથી. પણ વાલ્મીકિના રામાયણમાં (ઉત્તરકાણ્ડમાં) એવા સ્પષ્ટ ઉલ્લેખો છે કે વાલ્મીકિએ પોતાના રામાયણકાવ્યનું ગાન સીતાના પુત્રો – લવ અને કુશ – ને શીખવીને, અયોધ્યાનગરીના માર્ગો ઉપર તેનું ગાન કરવા મોકલ્યા હતા. – આ ઘટનાને આધારે જ સંગીતકારોને માટે "કુશીલવ" જેવો શબ્દ ભાષામાં પ્રચારમાં આવ્યો છે. ઇ.સ. પૂર્વેની ત્રીજી સદીના આ ઉલ્લેખની પણ પૂર્વે ઇ.સ. પૂર્વે ૬૦૦ સદીમાં થઈ ગયેલા વ્યાકરણકાર પાણિનિએ પણ पाराशर्य–शिलालिभ्यां भिक्षु–नटसूत्रयोः । 4–3–110, અને कर्मन्द–कृशाश्वाद् इनिः । 4–3–111 એ બે સૂત્રોમાં 'શિલાલિ' અને 'કૃશાશ્વ' નામનાં આચાર્યોએ લખેલાં "નટસૂત્રો"નો ઉલ્લેખ કર્યો છે. આથી પાણિનિના સમય (ઇ.સ.પૂર્વે ૬૦૦)માં નાટ્યવિદ્યા હતી – તેવા ઉલ્લેખ મળે છે. બીજી તરફ સમ્રાટ્ અશોકે (ઇ.સ. પૂર્વે ૨૫૦માં) બ્રાહ્મીલિપીમાં કોતરાવેલા શિલાલેખોમાં પણ "સમાજ" (ભોજન સમારંભ કે નાટ્યપ્રયોગે ભેગા થતાં લોકો) નો ઉલ્લેખ કર્યો છે. તેથી નાટ્યપ્રયોગો પણ ઇ.સ. પૂર્વે ૩૦૦ સદીમાં પ્રવર્તમાન હતા – તેવા નક્કર પુરાવા મળે છે. આમ સંસ્કૃત નાટ્યકૃતિઓ, નાટ્યસૂત્રો (=નાટ્યશાસ્ત્ર) અને નાટ્યપ્રયોગો

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

— આ ભારતદેશમાં ઘણા જૂના સમયથી (ઇ.સ.પૂર્વે ૪૦૦–૫૦૦માં) વિદ્યમાન છે એ શંકાતીત વિગત છે.

(૨) ભરતમુનિ અને 'નાટ્યશાસ્ત્ર' :

ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝ (એમ.એસ. યુનિ.ઓફ બરોડા)માંથી (૧૯૨૬માં) જ્યારે 'નાટ્યશાસ્ત્ર'ની સમીક્ષિત આવૃત્તિ બહાર પડી ત્યારે, તેના પ્રધાન સંપાદક – શ્રી રામકૃષ્ણ કવિએ લખ્યું છે કે – બ્રહ્માજીએ ચાર વેદોની રચના પછી, પાંચમો "નાટ્યવેદ" રચ્યો હતો, તે ૩૬,૦૦૦ શ્લોકવાળો હતો. પણ એના સંક્ષેપ રૂપે દ્વાદશસાહસ્રી (=૧૨,૦૦૦) શ્લોકવાળું નાટ્યશાસ્ત્ર બનાવાયું; અને કાલક્રમે ષટ્સાહસ્રી (૬,૦૦૦) શ્લોકવાળું નાટ્યશાસ્ત્ર ભરતમુનિએ બનાવ્યું છે; (જે આજે આપણી વચ્ચે છે). આ સંદર્ભમાં નાટ્યશાસ્ત્રના પ્રમુખ ટીકાકાર અભિનવગુપ્તપાદે લખ્યું છે કે નાટ્યવિવેચન કરનારા ત્રણ આચાર્યો છે : (૧) બ્રહ્મા, (૨) સદાશિવ અને (૩) ભરતમુનિ. આમાંથી સદાશિવે પાર્વતીને સંવાદાત્મક રીતે નાટ્યશાસ્ત્ર કહ્યું હતું – તે ૧૨,૦૦૦ શ્લોકવાળું હતું. આનાથી સ્હેજ જુદું વિધાન શારદાતનય નામના નાટ્યશાસ્ત્રીએ કર્યું છે. તેમનો મત છે કે – આજે મળતા ભરતમુનિના 'નાટ્યશાસ્ત્ર'ની પૂર્વે વૈદિક 'આદિભરત' અને 'વૃદ્ધભરતે' પણ નાટ્યવિષયકશાસ્ત્રની રચના કરી હતી, અને તેનું નામ પણ "નાટ્યશાસ્ત્ર" જ હતું; અલબત્ત તે આદિભરત કે વૃદ્ધભરતના નાટ્યશસ્ત્રનું કદ ૧૨,૦૦૦ શ્લોકવાળું હતું.

પરંતુ આજના અભ્યાસીઓની સામે છત્રીસ હજાર કે બાર હજાર શ્લોકવાળા નાટ્યશાસ્ત્રની એક પણ પ્રત મળતી નથી, માત્ર ભરતમુનિની ષટ્સાહસ્ત્રી (=૬,૦૦૦ શ્લોક)વાળું 'નાટ્યશાસ્ત્ર' જ છે. પરંતુ ઉપરની ચર્ચા ઉપરથી કોઈના મનમાં એવો વિચાર આવશે કે તો શું ભરતમુનિ જુદા અને 'આદિભરત' તથા 'વૃદ્ધ ભરત' પણ જુદા વ્યક્તિઓ છે ?! આ વિશે કશું નિશ્ચિત સાધાર કહી શકાય એમ નથી. અલબત્ત, શ્રી પી.વી.કાણે અને ડૉ. એસ.કે.દે જેવા ધુરંધર વિદ્વાનોનું એવું માનવું છે કે અનુગામી ગ્રન્થકારોએ – શારદાતનયે – 'ભરતમુનિ' અને 'આદિભરત'ને જુદા ગણાવ્યા છે, પણ ખરેખર તેમ નહીં હોય. 'ભરત' શબ્દ સામાન્ય રીતે 'નટ' નો પણ વાચક છે. તેથી ૬,૦૦૦ શ્લોકવાળા 'નાટ્યશાસ્ત્ર'ના રચયિતા ભરતમુનિને જ (સામાન્ય નટથી જુદા પાડવા) પરંપરામાં પાછળથી 'આદિભરત' કે 'વૃદ્ધભરત' કહ્યા હશે.

(૩) "નાટ્યશાસ્ત્ર"નો પરિચય :

પં. બટુકનાથ શર્મા અને પં. બલદેવ ઉપાધ્યાયે સંપાદિત કરેલ 'નાટ્યશાસ્ત્ર' (ચૌખમ્બા ઓરિએન્ટાલીઆ, વારાણસી, વિ.સં. ૨૦૩૭)માં ૩૬ અધ્યાય આવેલા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

છે. તેનો ટૂંકમાં પરિચય કરીએ તો – (૧) પ્રથમ અધ્યાયમાં 'નાટ્યશાસ્ત્રની ઉત્પત્તિ', (૨) માં પ્રેક્ષાગૃહલક્ષણ, (૩) માં રંગદેવતાપૂજન, (૪) માં તાંડવ નૃત્યનું લક્ષણ, (૫) માં પૂર્વરંગવિધિ, (૬)માં રસવિકલ્પ, (૭) માં ભાવવ્યંજન, (૮) માં ઉપાંગ વિધાન, (૯) હસ્તાભિનય, (૧૦) માં શરીરાભિનય, (૧૧) માં ચારીવિધાન, (૧૨) માં મંડલવિધાન, (૧૩) માં ગતિપ્રચાર, (૧૪) માં પ્રવૃત્તિધર્મવ્યંજન, (૧૫) માં વાચિકાભિનયમાં છન્દોવિભાગ, (૧૬) માં વૃત્ત, (૧૭) વાગ્ – અભિનય (જે GOSમાં ૧૬ મો અધ્યાય છે) [અને આ અધ્યાયમાં ભરતમુનિએ અલંકાર કાવ્યદોષ, ગુણની પણ ચર્ચા કરી છે.]; (૧૮) માં ભાષાવિધાન, (૧૯) માં કાકુસ્વરવ્યંજન, (૨૦) માં દશ રૂપકોનું વિધાન (જે GOSમાં ૧૯ મો અધ્યાય છે.), (૨૧) માં સન્ધ્યંગોનો વિકલ્પ, (૨૨) માં વૃત્તિવિકલ્પ, (૨૩) માં આહાર્ય અભિનય, (૨૪) માં સામાન્ય અભિનય (જેમાં નાયિકાના ભેદો પણ ચર્ચ્યા છે), (૨૫) માં બાહ્યોપચાર, (૨૬) માં ચિત્રાભિનય, (૨૭) માં સિદ્ધિ વ્યંજન, (૨૮) માં આતોદ્ય વિધિ, (૨૯) માં તત – આતોદ્ય વિધાન, (૩૦) માં સુષિર આતોદ્ય વિધાન, (૩૧) માં તાલવ્યંજન, (૩૨) માં ધ્રુવા વિધાન, (૩૩) માં વાદ્યવિધાન, (૩૪) માં પ્રકૃતિવિચાર, (૩૫) માં ભૂમિકા – પાત્ર વિકલ્પ અને (૩૬) માં નાટ્યાવતાર.

(૪) 'નાટ્યશાસ્ત્ર' ના પ્રથમ 'નાટ્યોત્પત્તિ(કથા)' અધ્યાયનું વિશ્લેષણ

ભરતમુનિ – પ્રણીત 'નાટ્યશાસ્ત્ર'ના પ્રથમ અધ્યાયમાં ૧૨૭ શ્લોકો આવેલા છે; અને તેનું નામ "નાટ્યોત્પત્તિ" એવું આપવામાં આવ્યું છે. આ અધ્યાયમાં મુખ્યત્વે ચાર મુદ્દાઓનું નિરૂપણ થયું છે : –

(ક) નાટ્યવેદ (ગ્રન્થ– Text–)ની ઉત્પત્તિ

(ખ) પ્રથમ નાટ્ય-પ્રયોગની કથા (તેનો ઇતિહાસ)

(ગ) [નવા – પહેલા] નાટ્યગૃહ [નિર્માણની કથા.]

(ઘ) 'નાટ્ય'ના સાચા સ્વરૂપની સમજ.

આમ "નાટ્યોત્પત્તિ" નામના અધ્યાયમાં 'નાટ્ય' એટલે કે 'નાટ્યશાસ્ત્ર'ની ઉત્પત્તિ અને 'નાટ્યગૃહ'ની ઉત્પત્તિ વર્ણવી છે. સાથે સાથે 'નાટ્યગૃહ' ના નિર્માણની જરૂર કયા સંજોગોમાં પડી – તે સ્પષ્ટ કરવા માટે ભરતે બ્રહ્માની આજ્ઞાથી જે સૌથી પહેલો નાટ્યપ્રયોગ (=પ્રથમ ભજવણી) કરેલ તે વખતની દુર્ઘટનાનો ઇતિહાસ પણ તેમાં (ત્રીજા મુદ્દા તરીકે) નિરૂપાયો છે. તથા છેલ્લે દૈત્યોની ગેરસમજ દૂર કરવા 'નાટ્ય'ના સાચા સ્વરૂપની સમજ પણ આપી છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ક) નાટ્યવેદ (ગ્રન્થ)ની ઉત્પત્તિ :

આત્રેય વગેરે ઋષિમુનિઓએ એકવાર ભરતમુનિ પાસે જઈને જિજ્ઞાસા વ્યક્ત કરી કે – તમે જે વેદસંમિત નાટ્યવેદ (=નાટ્યશાસ્ત્ર)ની રચના કરી છે, તેની મૂળમાં/ખરેખરી ઉત્પત્તિ કેવી રીતે થઈ હતી ? – તે અમને કહો. આવી જિજ્ઞાસા સાંભળીને ભરતમુનિએ નાટ્યવેદની ઉત્પત્તિ અસલમાં કેવી રીતે થઈ હતી, તેની કથા વિસ્તારથી નીચે મુજબ કહી છે : –

પહેલાંના સમયમાં કૃતયુગ (=સતયુગ)માં સ્વાયંભુવ મન્વન્તર પૂરો થયો અને પછી ત્રેતાયુગ શરૂ થયો. તેમાં મનુના વૈવસ્વત સંવત્સરમાં પ્રજાજનોમાં ગ્રામ્ય ધર્મ ફેલાઈ ગયો. લોકો કામ, લોભ તથા ઈર્ષ્યા–ક્રોધાદિના વશમાં આવી ગયા; અને પરિણામે સુખદુઃખનો અનુભવ કરવા લાગ્યા. આ જોઈને ઇન્દ્ર વગેરે દેવોએ બ્રહ્માજી પાસે જઈને કહ્યું કે અમને એક એવું 'ક્રીડનીયક' (રમકડું) જોઈએ છે કે જે 'દશ્ય (=જોવા લાયક) અને 'શ્રવ્ય' (સાંભળવા યોગ્ય) પણ હોય. ઋગ્વેદ વગેરે ચાર વેદો તો બધા વર્ણોની પ્રજા દ્વારા સાંભળી શકાય એવો નથી, માટે તમે સાર્વવર્ણિક હોય તેવો પાંચમો વેદ બનાવી આપો.

ત્યાર પછી, ઇન્દ્ર વગેરે દેવોની માંગણી મુજબ બ્રહ્માજી પાંચમા વેદ તરીકે નાટ્યવેદની રચના કરવા બેઠા. તેમણેં મનમાં પહેલા નાટ્યના સ્વરૂપની જે કલ્પના કરી હતી તે આ મુજબ હતી : – ધર્મ્ય (ધર્મને અનુકૂળ ઉપદેશ કરનાર), અર્થકારક, યશપ્રદ, ઉપદેશને માટે અનુકૂળ અને (ઋગ્વેદાદિ કરતાં) ગ્રહણ કરવામાં જે સરળ હોય; તથા ભવિષ્યના લોકોને પણ બધા પ્રકારનાં કર્મોનો માર્ગદર્શક હોય તેવો 'નાટ્ય' નામનો પાંચમો વેદ બનાવવાનું નક્કી કર્યું. વળી, આ નાટ્યમાં બધાં શાસ્ત્રો અને બધાં શિલ્પો, અર્થાત્ વિવિધ કળાઓનો સમન્વય કરી શકાય એમ હોય; તથા જે 'ઇતિહાસ'યુક્ત હોય (અર્થાત્ આખ્યાનકથા કે દશવિધ રૂપકોવાળું હોય) તેવું નાટ્યનું સ્વરૂપ તેમણે મનોમન વિચાર્યું છે.

આવા નાટ્યવેદની રચના કરવા માટે, અર્થાત્ પ્રતિપાદ્ય વિષયની સામગ્રીનું ગ્રહણ કરવા માટે તેમણે ચારેય વેદોનું સ્મરણ કર્યું. હવે તેમણે ઋગ્વેદમાંથી 'પાઠ્ય' (=વાચિક અભિનય)નું ગ્રહણ કર્યું, યજુર્વેદમાંથી (આંગિક અને આહાર્ય જેવા) અભિનયો લીધા, સામવેદમાંથી ગીત લીધું અને અથર્વવેદમાંથી શૃંગાર, હાસ્ય, કરુણ વગેરે રસોને લીધા. આમ વિવિધ પ્રકારના અભિનયોથી યુક્ત અને ગીત-નૃત્યથી સંયોજાયેલું 'નાટ્ય' દર્શનીય અને શ્રવણીય બન્યું; તથા પ્રેક્ષકોને રસાનુભવ કરાવનારું 'નાટ્ય' તૈયાર થયું. આ છે નાટ્યવેદની ઉત્પત્તિ કથા.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(ખ) પ્રથમ 'નાટ્યપ્રયોગ'ની કથા :

બ્રહ્માએ નાટ્યવેદ (Text)ની રચના પૂરી કર્યા પછી ઈન્દ્રાદિ દેવોને બોલાવ્યા અને તેનો 'પ્રયોગ' (=ભજવણી) કરવા સૂચના આપી. અલબત્ત, બ્રહ્માજીએ આ નાટ્યને ગ્રહણ કરવા, ધારણ કરવા અને ભજવવા કોણ સુયોગ્ય ગણાય ? – એ પણ કહ્યું : જે કુશળ, વિદગ્ધ, પ્રગલ્ભ અને જિતશ્રમ હોય તેને જ 'નાટ્ય' શીખવી શકાય. ઈન્દ્રે આ સાંભળીને કહ્યું કે આવી યોગ્યતા તો દેવોમાં છે જ નહીં ! (દેવો તો નિત્ય સુખમાં રહેનારા છે; 'પરિશ્રમ શું હોઈ શકે ?' – એની તેમને ખબર નથી !) માટે તમે નાટ્યનો પ્રયોગ કરવાનું ઋષિમુનિઓને કહો.

નાટ્યપ્રયોગને વિશે દેવોની અયોગ્યતા સાંભળીને બ્રહ્માજીએ તે કામ (મનુષ્યલોકના) ભરતમુનિને સોંપ્યું. વળી, ભરતમુનિ પાસે તેમના પોતાના ૧૦૦ પુત્રો હતા, એટલે નટમંડળીનો પ્રશ્ન ઊભો થવાનો ન હતો ! આ શાંડિલ્ય, વાત્સ્ય, કોહલ, દત્તિલ વગેરે પુત્રોમાંથી કેટલાક દેખાવની દૃષ્ટિએ, કેટલાક અમુક અમુક કુશળતાની દૃષ્ટિએ, અમુક કલાની દૃષ્ટિએ – એમ જુદી જુદી રીતે યોગ્યતાવાળા હતા. તેમને નાટ્યવેદ (=અભિનયાદિ) શીખવીને ભરત મુનિએ તૈયાર કર્યા. જે પુત્રમાં જે પાત્ર ભજવવાની ક્ષમતા હતી કે જે પુત્ર જે કર્મ કરવાને યોગ્ય હતો – તે બધું જોઈને ભરતે, 'ભારતી' (વાગ્‌વૃત્તિ), 'આરભટી' (કાયિકવૃત્તિ), 'સાત્ત્વતી' (મનોવ્યાપાર રૂપાવૃત્તિ) – એવી ત્રણ વૃત્તિઓ સાથે નાટ્યપ્રયોગ ભજવવા માટેની તૈયારી કરી.

ત્યારે બ્રહ્માજીએ કહ્યું કે – "આ ત્રણ વૃત્તિઓની સાથે ચોથી 'કૈશિકીવૃત્તિ'ને પણ ઊમેરવામાં આવે તો સારું." ભરતમુનિએ આ કૈશિકીવૃત્તિનો ઉપયોગ ભગવાન નીલકંઠ શંકરના નૃત્યમાં જોયો હતો. આ વૃત્તિ થકી જ શૃંગાર રસ જન્મી શકે છે, તથા બીજી વૃત્તિઓમાં પણ સૌન્દર્ય ઉમેરાય છે. પણ ભરત મુનિ બ્રહ્માને જણાવે છે કે આ કૈશિકીવૃત્તિ એકલા પુરુષોથી (=એકલા મારા પુત્રોથી) ભજવી શકાય એવી નથી; એને માટે તો સ્ત્રીપાત્રો (=નટીઓ) હોવી જરૂરી છે. આથી બ્રહ્માજીએ મંજુકેશી, સુકેશી, મિશ્રકેશી, સુલોચના વગેરે ૨૪ અપ્સરાઓનું નિર્માણ કરીને, ભરત મુનિને સોંપી. વળી, બ્રહ્માજીએ ભાણ્ડ (વાજીંત્રો) અને ગન્ધર્વવેદના જાણકાર નારદાદિ ગન્ધર્વોને પણ આપ્યા. આમ, હવે નાટ્યની ભજવણીની બધી તૈયારીઓ થઈ ગઈ.

પણ, આવું નાટ્ય કયા પ્રસંગે ભજવવું ? – તે પ્રશ્ન હતો. આ સંસારમાં સૌથી પહેલીવાર (ખુલ્લા આકાશ નીચે) નાટ્યપ્રયોગ કરવાનો હતો, તો બ્રહ્માજીએ એને માટે (મહેન્દ્રનો ધ્વજારોહણ પ્રસંગ) 'ઈન્દ્રધ્વજપૂજન પ્રસંગ' યોગ્ય છે – એમ જણાવ્યું. આથી મહેન્દ્રવિજયોત્સવના ભાગ રૂપે જે 'ધ્વજમહઃ' (=ધ્વજપૂજન) ગોઠવાયું હતું

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તેમાં ભરતે નાટ્યપ્રયોગ શરૂ કરાવ્યો. તેમાં પહેલાં આઠ પદવાળી નાન્દી કરી. તેની પાછળ "દૈત્યોને હરાવીને દેવો જીતી ગયા" – એવા કથાનકવાળી 'અનુકૃતિ' રજૂ કરાઈ. જેમાં 'સંફેટ' =રોષ ભરેલાં વાક્યો, મારઝૂડ, તોડફોડવાળી ઘટનાઓ હતી. – આ જોઈને બ્રહ્મા વગેરે દેવો તો પરિતુષ્ટ થયા અને ભરતના પુત્રોને, નાટ્યસામગ્રી તરીકે કામ લાગે એવાં જુદાં જુદાં ઉપકરણો ભેટ આપવા લાગ્યા.

આવી બધી નવી નાટ્યસામગ્રી સાથે, એ નાટ્યપ્રયોગ આગળ વધ્યો ત્યારે દૈત્યો ખળભળી ઊઠ્યા. દૈત્યોને લાગ્યું કે આ નાટ્યપ્રયોગમાં અમારો પરાજય થતો બતાવીને અમારું અપમાન કરવામાં આવી રહ્યું છે. તેથી દૈત્યોનો અગ્રેસર જે વિરૂપાક્ષ હતો, તેણે દૈત્યોને અને વિઘ્નોને ઉશ્કેર્યા. તેમણે બુમાબુમ કરીને જાહેર કર્યું કે અમે આ નાટ્યપ્રયોગને નહીં સાંખી લઈએ. દૈત્યોએ માયા (મેલીવિદ્યા)નો આશ્રય લીધો અને ભરતના પુત્રો, કે જેઓ નટ બન્યા હતા, તેમના વાણી, ચેષ્ટા અને સ્મૃતિને તેમણે સ્તંભિત કરી દીધા. દૈત્યોએ મારામારી પણ કરી, જેથી તે પ્રયોગનો સૂત્રધાર બેભાન થઈને રંગભૂમિ ઉપર પડી ગયો.

નાટ્યપ્રયોગને એકદમ અટકી પડેલો જોઈને ઇન્દ્રે 'જર્જર' નામનું આયુધ (લાંબો વાંસડો) લીધું અને બધા દૈત્યોને ખોખરા કરી દીધા. પણ આવી ઘટનાથી ભરતમુનિ હતપ્રભ થઈ ગયા; અને બ્રહ્માજી પાસે જઈને "નાટ્યની કોઈક (જુદી) રીતે રક્ષા કરવી જરૂરી છે" – એવી વિનંતી મૂકી. આમ ખુલ્લા આકાશ નીચે યોજાયેલા પ્રથમ નાટ્યપ્રયોગને વચ્ચેથી અટકાવાયો, જે એક પ્રકારની નિષ્ફળતા હતી. – પ્રથમ નાટ્યપ્રયોગની કથા આવી છે.

(ગ) નાટ્યગૃહ – નિર્માણની કથા :

નાટ્યશાસ્ત્રના પહેલા અધ્યાયમાં આવતો આ ત્રીજો મુદ્દો છે : ઉપર જોયું તેમ ભરત મુનિએ જે પહેલો નાટ્યપ્રયોગ કર્યો, તે દૈત્યોએ ઊભા કરેલાં વિઘ્નોથી સ્થગિત કરવામાં આવ્યો હતો, તેમાં એક રીતની નિષ્ફળતા હતી. આથી ભરતમુનિ બ્રહ્માજી પાસે જઈને વિનંતી કરે છે કે – આ દૈત્યો તો નાટ્યપ્રયોગનો વિનાશ કરવા હજુય કટિબદ્ધ છે (ઇન્દ્રે જર્જરનો જે ઉપયોગ/ઉપાય કર્યો તે તત્કાળ પૂરતો હતો.) તેથી કોઈ કાયમી અને દૃઢ વ્યવસ્થા કરવાની જરૂર હતી. હવે ભરતની વિનંતીથી બ્રહ્માએ વિશ્વકર્માને બોલાવ્યા અને તેમને આજ્ઞા કરી કે સર્વલક્ષણસંપન્ન એવા "નાટ્યવેશ્મ" (નાટ્યગૃહ)નું તમે નિર્માણ કરો. (ખુલ્લા આકાશ નીચે ભજવાયેલો પહેલો 'પ્રયોગ' દૈત્યો વડે અટકાવાયો હતો, તેથી હવે ચારે તરફથી બંધ/સુરક્ષિત હોય તેવા નાટ્યગૃહની આવશ્યકતા સમજાઈ ગઈ હતી.) મહામતિ વિશ્વકર્માએ નવા નાટ્યગૃહનું થોડાક

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સમયમાં જ નિર્માણ કરી આપ્યું. ઈન્દ્ર વગેરે સૌ દેવોથી વીંટળાયેલા બ્રહ્માજી તેને જોવા આવ્યા. પણ તેમણે આ નવનિર્મિત નાટ્યગૃહની વધુ દૃઢ સુરક્ષા ઊભી કરવા દેવોને કહ્યું કે તમારે બધા એ પણ ભેગા મળીને થોડે થોડે, અંશે આ નાટ્યગૃહની રક્ષા કરવી જોઈશે.

આમ બ્રહ્માએ નાટ્યપ્રયોગની રક્ષા કરવા નવા નાટ્યગૃહનું વિશ્વકર્મા પાસે નિર્માણ તો કરાવ્યું જ; પણ તેનું બીજી કઈ રીતે રક્ષણ કરવું એની દેવોને સલાહ પણ આપી. તથા સાથોસાથ તેમણે તે સલાહનો અમલ પણ શરૂ કરાવ્યો. જેમ કે ચન્દ્રમા, લોકપાલો, મરુતો, સૂર્ય, વરુણ વગેરે દેવોને નાટ્યમંડપ/નાટ્યગૃહના જુદા જુદા ભાગ ઉપર નિયુક્ત કરી દીધા અને તે તે ભાગની રક્ષા કરવાની એમને જવાબદારી સોંપી દીધી. આ છે પહેલા 'નાટ્યગૃહ'ના નિર્માણની કથા.

(ઘ) નાટ્યશાસ્ત્રના પ્રથમ અધ્યાયનો ચોથો અને છેલ્લો મુદ્દો છે : 'નાટ્ય' ના સાચા સ્વરૂપની સમજણ.

નાટ્યપ્રયોગ (ભજવણી)ને નિર્વિઘ્ન પાર પાડવા (બંધ હોય તેવા) 'નાટ્ય-ગૃહ'ની આવશ્યક્તા પડી. તે સાથે એના પ્રત્યેક ભાગને સૌ દેવોએ ભેગા મળી ચોકી પૂરી પાડવાની ગોઠવણ પણ વિચારાઈ. — અહીં ભરતમુનિના કહેવાથી 'નાટ્યગૃહ' બંધાવાયું; અને પછી બ્રહ્માની સલાહથી સૌ દેવોને ચોકીપહેરાનું કામ સોંપાયું. છતાંય દૈત્યો તરફથી ફરીથી — ભવિષ્યમાં — વિઘ્નો નહીં જ ઊભા થાય — એની કોઈ ખાતરી નથી લાગતી. તેથી હવે, દેવોએ પણ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને બ્રહ્માને દૈત્યો સાથે વાટાઘાટો શરૂ કરવાનું સૂચવ્યું. શત્રુપક્ષને ડામવા નીતિશાસ્ત્રે સામ — દામ — ભેદ અને દંડ જેવા ચાર ઉપાયો કહ્યા જ છે, તો શા માટે દૈત્યો સાથે આ 'સામ' ઉપાયનો પણ ઉપયોગ ના કરી જોવો ? આથી, બ્રહ્માએ દેવોની ઉપયોગી વાત સ્વીકારીને દૈત્યો સાથે 'સામ'થી (= સમજાવટથી) કામ લેવાનું શરૂ કર્યું. (નાટ્યગૃહનું બાંધકામ મજબૂત હોય કે તેને ફરતો લોખંડી પહેરો ગોઠવ્યો હોય, તેના કરતાંય વધુ કામયાબ રસ્તો તો એ જ હતો કે શત્રુપક્ષને જ સમજૂતીથી જીતી લેવામાં આવે ! કલ્યાણકારી માર્ગે વાળી લેવામાં આવે !) વાટાઘાટો દરમ્યાન જ એ જાણવા મળ્યું કે — દૈત્યોને ભરતના પહેલા નાટ્યપ્રયોગ, કે જેમાં દેવોની જીત અને દૈત્યોનો પરાજય—કથાવસ્તુ તરીકે નિરૂપાતું હતું, તેનાથી એવી ગેરસમજ બંધાઈ હતી કે — અમારું (દૈત્યોનું) અપમાન કરવા આ નાટ્યપ્રયોગ રજૂ થઈ રહ્યો છે. જે નાટ્યપ્રયોગને 'પાંચમા વેદ' તરીકે, અને તેય પાછો "સાર્વવર્ણિક વેદ" તરીકે બનાવવાનો આશય હતો,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તે નિષ્ફળ જાય એવી આ મૂલોચ્છેદક ગંભીર સ્થિતિ હતી. જો દૈત્યોને થયેલી ગેરસમજ બીજાઓને પણ થાય તો, ભવિષ્યમાં બીજું એકેય નાટ્ય ભજવી શકાય જ નહીં; અને સુખ-દુઃખમાં સપડાયેલા મનુષ્યલોકને 'ક્રીડનીયક' (મનોરંજન) મેળવી આપવાનો દેવોનો ઉપક્રમ જ મૂળથી ઉખડી પડે – તેવી આ સ્થિતિ હતી. એટલે 'નાટ્ય' એ ખરા અર્થમાં શું છે ? એ જો ન કહેવાય તો ક્યારેય દેવોની કે નાટ્યગૃહની સલામતી ઊભી જ ના થાય. અને, અંતતોગત્વા નાટ્યપ્રયોગ સદાયને માટે વિલુપ્ત થઈ જાય. આમ, પ્રથમ અધ્યાયના અંત ભાગે, છેલ્લા મુદ્દા તરીકે 'નાટ્ય' ના સાચા સ્વરૂપની સમજણ આપવી અનિવાર્ય હતી. નાટ્યોત્પત્તિની કથાનો આ મુદ્દો પાછળથી કહેવાયો છે. પણ તે અનિવાર્ય એવો મુદ્દો છે.

દૈત્યોના મોંઢેથી એમને થયેલી ગેરસમજ સાંભળીને, બ્રહ્માને પણ લાગ્યું કે – દૈત્યોની વાત સાચી તો છે, દૈત્યોને થયેલી ગેરસમજ બીજા દર્શકોને પણ થઈ શકે; અને ગેરસમજથી પ્રેરાયેલા દૈત્યો જો વિઘ્ન ઊભા કરે તો એમાં એમનો કોઈ દોષ નથી. આથી બ્રહ્માએ એમને (દૈત્યોને) અનઘાઃ "નિષ્પાપ" વ્યક્તિઓ તરીકે સંબોધન કર્યું છે; અને પછી, નાટ્ય વિશેની સાચી સમજણ આપતાં કહ્યું કે –

नैकान्ततोऽत्र भवतां देवानां चानुभावनम् ।
त्रैलोक्यस्यास्य सर्वस्य नाट्यं भावानुकीर्तनम् ॥१०७॥

"(હે નિષ્પાપ દૈત્યો !) આ (નાટ્ય)માં તમારું કે દેવોનું પૂરેપુરું સાવ અનુકરણ જ રજૂ કરવામાં આવ્યું છે એવું નથી; આ નાટ્ય તો ત્રણેય લોકના ભાવોના અનુકીર્તન સ્વરૂપ છે."

નાટ્યપ્રયોગ દરમ્યાન નટો જે ઐતિહાસિક રામ-સીતા વગેરેનાં પાત્રોને ભજવે છે, તે ભજવણીને = અભિનયને જો 'અનુકરણ' માનવામાં આવે તો તે મત ખોટો છે; અગ્રાહ્ય છે. અભિનવગુપ્તપાદાચાર્ય કહે છે કે જે નાટ્ય છે, તે અનુકરણ નથી; અનુકીર્તન છે. કોઈ એક વ્યક્તિ અમુક ખાસ રીતે બોલવા-ચાલવાની ક્રિયા કરતો હોય તો તેને જોઈને બીજી વ્યક્તિ જ્યારે તેની નકલ કરે છે = અનુકરણ કરે છે ત્યારે તેવી નકલ જોનારો વ્યક્તિ જો તટસ્થ હોય તો તેને માટે એવું અનુકરણ હાસ્ય જન્માવે છે, પણ એ અનુકરણને જોનારો માણસ મૂળ વ્યક્તિ જ હોય (=જેનું અનુકરણ થઈ રહ્યું છે તે વ્યક્તિ) તો તેને પોતાની કોઈ મશ્કરી કરી રહ્યું છે – એવો ભાવ જન્મે છે; અને પરિણામે તેમાંથી ઝઘડો જ ઊભો થાય છે. (જેવું અહીં, એટલે કે ભરતમુનિના પ્રથમ નાટ્યપ્રયોગમાં થયું. દૈત્યોને લાગ્યું કે રંગભૂમિ ઉપર નટોએ=ભરતના પુત્રોએ જે ભજવણી કરી છે : – અમને હારી જતાં, દેવો દ્વારા

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પરાસ્ત થતાં નિરૂપ્યા છે – તેમાં અમારી મશ્કરી કરવાનો જ આશય છે. તેથી તેમણે નાટ્યપ્રયોગમાં વિઘ્ન ઊભું કર્યું.) પણ આવી, એટલે કે નાટ્યપ્રયોગ દ્વારા કોઈનું અનુકરણ રજૂ થાય છે – તેવી ગેરસમજ દૂર કરવા બ્રહ્માએ એ વાત ભાર દઈને સ્પષ્ટ કરી કે આ નાટ્ય તો "ભાવોનું અનુકીર્તન" છે. 'અનુકીર્તન' શબ્દનો વ્યાકરણજનિત અર્થ 'શબ્દ દ્વારા પુનઃકથન' એવો થાય છે. અલબત્ત, અભિનવગુપ્તપાદે આ 'અનુકીર્તન' શબ્દથી વ્યક્ત થતા અર્થમાં સાધારણીકરણના ખ્યાલનો ઉમેરો કર્યો છે – તે પણ જાણવું જોઈએ. રંગભૂમિ ઉપર નટો જે કથાનકનું અનુકીર્તન કરે છે તેમાં વ્યક્તિવિશેષના નામે (પુનઃ) કહેવાયેલી વાત પણ વ્યક્તિવિશેષની રહેતી નથી; તે વાત સર્વકાળના અને સર્વસ્થળના કોઈ પણ વ્યક્તિની બની જતી હોય છે – એટલે કે તે વાત સર્વ સાધારણવ્યક્તિની બની જતી હોય છે. દા.ત. સીતાનું અપહરણ થઈ ગયા પછી મૂળ રામે જે વિલાપ કર્યો હતો – તે કથાનું નટો જ્યારે રંગભૂમિ ઉપર અનુકીર્તન (શાબ્દિક પુનઃકથન) કરે છે ત્યારે તે વાત વ્યક્તિવિશેષની (=રામની) રહેતી નથી, તે તો કોઈ પણ વ્યક્તિની વાત બની જાય છે. એટલે કે જેની પણ પ્રિય પત્નીનું અપહરણ થયું હોય, તે વ્યક્તિ આવો=રામ જેવો જ વિલાપ કરે એવી પ્રતીતિ જન્મે છે. તે સાધારણીકરણ છે. આવા નાટ્યપ્રયોગને નિહાળી રહેલા પ્રેક્ષકો પણ રામમય બનીને – સ્વયં રામ સ્વરૂપ બનીને – પોતાની સીતાનું અપહરણ થયું છે તેવો શોકાતુર બનેલાનો ભાવ અનુભવે છે. આવા જુદા જુદા ભાવોના અનુકીર્તનને જ 'નાટ્ય' કહેવાય છે. ટૂંકમાં, બ્રહ્માજીએ એ વાત ફોડ પાડીને કહી કે 'નાટ્ય'ને કોઈના અનુકરણ રૂપ માનશો નહીં; અહીં કોઈની મશ્કરી કે ઉપહાસ કરવાનો આશય નથી. ભરતમુનિએ રજૂ કરેલા નાટ્યપ્રયોગમાં કથા તો જરૂર દૈત્યોના પરાજયની રજૂ થઈ હતી – પણ એના દ્વારા પ્રેક્ષકોમાં એવી પ્રતીતિ જન્માવવી અભિપ્રેત હતી કે દેવોને શુભ કર્મોનું ફળ શુભ(વિજય) મળ્યું; અને દૈત્યોએ અશુભ કાર્યો કર્યાં તો તેનું અશુભ ફળ (=પરાજય) મળ્યું. આ નાટ્યપ્રયોગથી દૈત્યોની દુષ્ટતાને ઉપસાવવાનો પ્રયાસ ન હતો, કે દૈત્યોની દુષ્ટતાનું અનુકરણ કરીને, તેમની મશ્કરી કરવાનો; કે દેવોના હાથે દૈત્યોને મરાતા દેખાડીને – તેમનો ઉપહાસ કરીને પ્રેક્ષકોમાં હાસ્ય પ્રેરવાનો આશય ન હતો. **(भवतां देवतानाञ्च शुभाशुभविकल्पकः । १–१०६)** – આવી, "નાટ્ય એ જુદા જુદા ભાવોનું અનુકીર્તન છે" – તેવી સાચી સમજણ આપીને, બ્રહ્માજીએ દૈત્યોના મન જીતી લીધા. હવે, ગેરસમજ દૂર થવાનું સીધું ફળ એ જ હતું કે હવે પછી નાટ્યપ્રયોગમાં કોઈ વિઘ્ન ઊભું થશે નહીં. આમ, કેવળ નાટ્યગૃહ જ નહીં, પણ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સંસારના સકળ નાટ્યપ્રયોગને પણ સાચી સુરક્ષા મળી.

ભરત મુનિના પ્રથમ નાટ્યપ્રયોગમાં દૈત્યો તરફથી ઊભા થયેલા વિઘ્નોની જે કથા નાટ્યશાસ્ત્રમાં રજૂ થઈ છે – તે દેખાવમાં તો કોઈ પૌરાણિક કથા હોય – મિથકીય વાર્તા હોય – તેવું લાગે છે. કેમ કે એક તરફ પૃથિવી લોકના ભરતમુનિ; અને બીજી તરફ દેવો, દૈત્યો, બ્રહ્માજી, વિશ્વકર્મા, શિવ, વિષ્ણુ, સરસ્વતી, નારદ – આ બધા સ્વર્ગસ્થાનીય વ્યક્તિઓ – આમ એક તરફ પૃથિવીલોકની વાસ્તવિક વ્યક્તિ અને બીજી તરફ કેવળ કાલ્પનિક વ્યક્તિઓ – તેમનો સંવાદ એક 'મિથક' છે ! પણ આ આખા નિરૂપણમાં દૈત્યો (સજીવ વ્યક્તિ)ની સાથોસાથ 'વિઘ્નો' (નિર્જીવ ખ્યાલ)નો પૃથક્ (=સ્વતન્ત્રપણે) ઉલ્લેખ સતત થતો રહ્યો છે – તે સૂચક છે. [સંસ્કૃત શ્લોકાવલીમાં વિઘ્નાઃ (૧ – ૬૫,૬૬,૬૮,૭૧) શબ્દનો પ્રયોગ જોવા અનુરોધ છે.] એટલે કે આ નાટ્યોત્પત્તિની કથામાં દૈત્યો એ તો કોઈકને કોઈ પ્રકારની ગેરસમજ અને વિઘ્નોના જ પર્યાયવાચી શબ્દ છે એમ સમજવાનું છે; તથા જેમણે સામ-દામ આદિ ઉપાયોનું સ્મરણ કરાવ્યું તે દેવો એક પ્રકારના શાણપણનો અપર પર્ય્યાય છે; પણ બ્રહ્મા એ તો સાક્ષાત્ જ્ઞાનના પર્યાય છે (કેમ કે એમણે નાટ્યના સાચા સ્વરૂપની સમજણ આપી) એમ જોવાનું છે. હવે આ સમગ્ર મિથકનું રહસ્યોદ્‌ઘાટન એ જ છે કે –

નાટ્યના સ્વરૂપની બ્રહ્માએ આપેલી સાચી સમજણ જો / જ્યારે નહીં હોય તો/ ત્યારે આવા 'દૈત્યો' અર્થાત્ – કોઈકને કોઈ પ્રકારનાં વિઘ્નો આવી પડવાની સર્વકાલીન શક્યતા તરફનો એ ઈશારો છે ! આમ નાટ્યશાસ્ત્રના આરંભે પૌરાણિક / મિથકીયના અંચળા હેઠળ કહેવાયેલી આ નાટ્યોત્પત્તિની કથામાં એક સર્વયુગીન અને સાર્વભૌમ વાસ્તવિકતાનો સીધો સંસ્પર્શ રહેલો છે !

•••

નાટ્યશાસ્ત્રના પ્રથમ અધ્યાયમાં ઉપર મુજબની ચાર મુખ્ય વાતોનું નિરૂપણ થયું છે, પણ એ ઉપરાંત બીજી ચાર આનુષંગિક વિગતો પણ નોંધાઈ છે. જેમ કે, (૧) શ્લોક – ૧૦૮થી૧૧૨ સુધીમાં; નાટ્યના કથાવસ્તુમાં શેનો શેનો સમાવેશ થઈ શકે એની વિગતો આપી છે. (૨) શ્લોક ૧૧૩ થી ૧૧૫ સુધીમાં નાટ્યપ્રયોગ થકી કયા કયા પ્રયોજન સાધી શકાશે – એનું નિરૂપણ છે. તથા (૩) શ્લોક–૧૧૬માં નાટ્યપ્રયોગનો વ્યાપ કહેવાયો છે. નાટ્યમાં બધા પ્રકારના જ્ઞાન, શિલ્પ, વિદ્યા, કલા, યોગ અને સકલ કર્મસમૂહને પ્રદર્શિત કરી શકાય છે. (૪) ઉપર જે નાટ્યગૃહ – નિર્માણની કથા પણ આવી ગઈ છે, તેના અનુસન્ધાનમાં એક આનુષંગિક વિગત તે રંગપૂજનને લગતી છે. આ રંગપૂજનની અનિવાર્યતાનો મુદ્દો પણ પ્રથમાધ્યાયના અંતભાગે મૂકવામાં આવ્યો છે. આમ આ પ્રથમ અધ્યાયમાં ચાર મુખ્ય મુદ્દાઓ અને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ચાર આનુષંગિક મુદ્દાઓ પણ ગૂંથી લેવામાં આવ્યા છે.

(૫) ભરતસમ્મત નાટ્યગૃહમાં 'મત્તવારિણી'નું સ્થાન :

નાટ્યશાસ્ત્રના પ્રથમ અધ્યાયમાં નાટ્યવેદ (Text) ની ઉત્પત્તિ, ભરતના પ્રથમ (વિઘ્નગ્રસ્ત) નાટ્યપ્રયોગની અને પ્રથમ – નવા – નાટ્યગૃહનિર્માણની કથાનું પ્રાધાન્ય છે. તેમાં નવનિર્મિત નાટ્યગૃહના જુદા જુદા ભાગોની રક્ષા કરવા માટે વિવિધ દેવોને કામ સોંપવામાં આવ્યું – એવી વિગતો શ્લોક – ૮૩ થી ૯૮ સુધીમાં આપી છે. તેમાં શ્લોક – ૯૦ માં 'મત્તવારિણી'નો પણ ઉલ્લેખ છે, કે જેનું રક્ષણ 'વિદ્યુત્' ને સોંપવામાં આવ્યું છે. આથી વિદ્યાર્થીઓની જિજ્ઞાસા સંતુષ્ટ કરવા નીચે ભરતસમ્મત 'નાટ્યગૃહ' નું એક ચિત્ર આપવામાં આવે છે કે જેમાં 'મત્તવારિણી'નું સ્થાન ક્યાં હોય છે ? – તે દર્શાવ્યું છે : –



Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ—૫

॥ ॐ ॥

भरतमुनिप्रणीतं

नाट्यशास्त्रम् ।

प्रथमोऽध्यायः ।

प्रणम्य शिरसा देवौ पितामहमहेश्वरौ ।
नाट्यशास्त्रं प्रवक्ष्यामि ब्रह्मणा यदुदाहृतम् ॥१॥

દેવ પિતામહ (બ્રહ્માજી) અને મહેશ્વર (શિવ)ને મસ્તક વડે પ્રણામ કરીને, જે નાટ્યશાસ્ત્ર બ્રહ્માજી વડે કહેવાયેલું છે, તે હું (ભરતમુનિ) તમને કહીશ. (૧—૧)

समाप्तजप्यं व्रतिनं स्वसुतैः परिवारितम् ।
अनध्याये कदाचित्तु भरतं नाट्यकोविदम् ॥२॥

मुनयः पर्युपास्यैनमात्रेयप्रमुखाः पुरा ।
पप्रच्छुस्ते महात्मानो नियतेन्द्रियबुद्धयः ॥३॥

જેમણે જપ (જપવાના) પૂરા કર્યા છે તેવા વ્રતધારી અને પોતાના પુત્રોથી વીંટળાયેલા નાટ્યના ભારે જાણકાર એવા ભરતને ક્યારેક અનધ્યાયના (રજાના) દિવસે જેમની ઇન્દ્રિયો અને બુદ્ધિ સંયમિત થયેલી છે તેવા અને આત્રેય ઋષિ જેમાં મુખ્ય છે તેવા મહાત્મા મુનિઓએ પૂછયું: — (૧—૨, ૩)

योऽयं भगवता सम्यग्ग्रथितो वेदसम्मितः ।
नाट्यवेदः कथं ब्रह्मन्नुत्पन्नः कस्य वा कृते ॥४॥

"હે બ્રહ્મન્ (ભરતમુનિ) ! વેદસમ્મત એવો આ નાટ્યવેદ આપ ભગવાને જે સમ્યગ્ રૂપે ગૂંથ્યો છે, તે (મૂળમાં) કેવી રીતે ઉત્પન્ન થયો છે ? અને (તમે એને) કોને માટે રચ્યો છે ? (૧—૪)

कत्यङ्गः किंप्रमाणश्च प्रयोगश्चास्य कीदृशः ।
सर्वमेतद्यथातत्त्वं भगवन्वक्तु मर्हसि ॥५॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

તે (નાટ્યવેદ) કેટલાં અંગવાળો છે ? તેનું પ્રમાણ (કદ) કેટલું છે ? અને તેનો (પ્રથમ) પ્રયોગ કેવી રીતે થયો હતો ? – એ બધું જ, હે ભગવન્ ! (તમે) એમના તાત્ત્વિક સ્વરૂપ સાથે કહો." (=એ બધું તમારે અમને કહેવું યોગ્ય છે.) (૧ – ૫)

तेषां तु वचनं श्रुत्वा मुनीनां भरतो मुनिः ।
प्रत्युवाच ततो वाक्यं नाट्यवेदकथां प्रति ॥६॥

તે (આત્રેય પ્રમુખ મુનિ)ઓનું વચન સાંભળીને, મુનિઓમાં ઉત્તમ એવા ભરતમુનિએ નાટ્યવેદની (ઉત્પત્તિ)કથા વિશે નીચેનું વાક્ય કહ્યું : (૧ – ૬)

भवद्भिः शुचिभिर्भूत्वा तथाऽवहितमानसैः ।
श्रूयतां नाट्यवेदस्य सम्भवो ब्रह्मनिर्मितः ॥७॥

"તમારે સૌએ પવિત્ર થઈને તથા સાવધાન મનવાળા થઈને, બ્રહ્માજીએ જેની રચના કરી છે તે નાટ્યવેદની ઉત્પત્તિ સાંભળવી જોઈએ. (૧ – ૭)

पूर्वं कृतयुगे विप्रा वृत्ते स्वायम्भुवेऽन्तरे ।
त्रेतायुगेऽथ सम्प्राप्ते मनोर्वैवस्वतस्य तु ॥८॥
ग्राम्यधर्मप्रवृत्ते तु कामलोभवशं गते ।
ईर्ष्याक्रोधादिसंमूढे लोके सुखितदुःखिते ॥९॥
देवदानवगन्धर्व यक्षरक्षोमहोरगैः ।
जम्बूद्वीपे समाक्रान्ते लोकपालप्रतिष्ठिते ॥१०॥
महेन्द्रप्रमुखैर्देवैरुक्तः किल पितामहः ।
क्रीडनीयकमिच्छामो दृश्यं श्रव्यं च यद्भवेत् ॥११॥

હે વિપ્રો ! પહેલાનાં સમયમાં, એટલે કે સ્વાયંભુવ મન્વન્તર (अन्तरे)માં કૃતયુગ (= સતયુગ) પૂરો થતાં અને મનુના વૈવસ્વત મન્વન્તરમાં ત્રેતાયુગ શરૂ થતાં આ લોકની અંદર જ્યારે ગ્રામ્ય ધર્મ ફેલાવાની શરૂઆત થઈ, કામ અને લોભના વશમાં બધા સપડાઈ ગયા તથા ઈર્ષ્યા અને ક્રોધ વગેરેથી મૂઢ બની ગયા ત્યારે કોઈક સુખ અનુભવવા લાગ્યા, તો બીજાઓ દુઃખથી ઘેરાઈ ગયા ! લોકપાલોથી પ્રતિષ્ઠિત એવો જમ્બૂદ્વીપ જ્યારે દેવો, દાનવો, ગન્ધર્વો, યક્ષ, રાક્ષસો અને મહાસર્પોથી ઊભરાયો ત્યારે મહેન્દ્ર જેમાં મુખ્ય છે એવા (સૌ) દેવોએ પિતામહ (બ્રહ્મા)ને (પાસે જઈને) કહ્યું કે –

"જે દર્શનીય હોય અને જે શ્રવણીય હોય એવા ક્રીડનીયક (રમકડાં)ની અમે ઇચ્છા રાખીએ છીએ. વેદમાં બતાવેલા (યજ્ઞાદિનો) વ્યવહાર શૂદ્ર જાતિઓમાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સંભળાવવા યોગ્ય નથી; માટે એક પાંચમો એવો વેદ (= નાટ્યવેદ) રચો કે જે સર્વ વર્ણોના લોકોને સંભળાવવા યોગ્ય હોય." (૧–૮ થી ૧૧)

न वेदव्यवहारोऽयं संश्राव्यः शूद्रजातिषु ।
तस्मात्सृजापरं वेदं पञ्चमं सार्ववर्णिकम् ॥१२॥
एवमस्त्विति तानुक्त्वा देवराजं विसृज्य च ।
सस्मार चतुरो वेदान् योगमास्थाय तत्त्ववित् ॥१३॥

"એ તત્ત્વવિદે (બ્રહ્માજીએ) સારું; એમ કરીએ." એવું તે (દેવો)ને કહીને, દેવરાજ ઈન્દ્રને વિદાય કરીને, યોગનું અવલંબન કરીને ચારેય વેદોનું સ્મરણ કર્યું. (૧–૧૩)

(नेमे वेदा यतः श्राव्याः स्त्रीशूद्राद्यासु जातिषु ।
वेदमन्यत्ततः स्त्रक्ष्ये सर्वश्राव्यं तु पञ्चमम् ॥)
धर्म्यमर्थ्यं यशस्यं च सोपदेश्यं ससङ्ग्रहम् ।
भविष्यतश्च लोकस्य सर्वकर्मानुदर्शकम् ॥१४॥

[કારણકે આ (ચાર) વેદો સ્ત્રી, શૂદ્ર વગેરેને માટે સાંભળવા યોગ્ય નથી, તેથી હું એક પાંચમો એવો વેદ કહીશ કે જે સૌને માટે સાંભળવા યોગ્ય હોય.]

ધર્મના ઉપદેશને માટે યોગ્ય, સૌને માટે પ્રાર્થનીય, યશ અપાવનાર, ઉપદેશ કરવાને માટે સક્ષમ, જેમાં (ગીત, નૃત્ય, વાદ્ય આદિનો) સંગ્રહ થયેલો છે તેવો; તથા ભવિષ્યમાં ઉત્પન્ન થનાર લોકને માટે પણ બધા પ્રકારનાં કર્મોનો જે માર્ગદર્શક બની શકે એવો હોય તેવો – (૧ – ૧૪)

सर्वशास्त्रार्थसम्पन्नं सर्वशिल्पप्रवर्तकम् ।
नाट्याख्यं पञ्चमं वेदं सेतिहासं करोम्यहम् ॥१५॥

જે સર્વ શાસ્ત્રોના જુદા જુદા વિષયોથી યુક્ત અને સર્વ પ્રકારનાં શિલ્પો (=કળાઓ)નો પ્રવર્તક હોય તેવો "નાટ્ય" નામનો પાંચમો વેદ, એના ઈતિહાસ સાથે હું (બ્રહ્મા) રજૂ કરીશ. (૧–૧૫)

एवं सङ्कल्प्य भगवान् सर्ववेदाननुस्मरन् ।
नाट्यवेदं ततश्चक्रे चतुर्वेदाङ्गसम्भवम् ॥१६॥

ભગવાને (બ્રહ્માજીએ) આવો સંકલ્પ કરીને, તથા બધા વેદોનું વારંવાર સ્મરણ કરીને, તે વેદોનાં (જુદાં જુદાં) અંગોમાંથી ઉત્પન્ન થયેલ 'નાટ્યવેદ'ને (Text–ગ્રન્થને) રચ્યો.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

जग्राह पाठ्यमृग्वेदात्सामभ्यो गीतमेव च ।
यजुर्वेदादभिनयान् रसानाथर्वणादपि ॥१७॥

ઋગ્વેદમાંથી પાઠ્ય અંશ (=ગદ્યસંવાદ)ને અને સામવેદમાંથી 'ગીત'ને લીધું, તથા યજુર્વેદમાંથી જુદા જુદા અભિનયોને અને અથર્વવેદમાંથી વિવિધ રસોને લીધા. (૧–૧૭)

वेदोपवेदैः सम्बद्धो नाट्यवेदो महात्मना ।
एवं भगवता सृष्टो ब्रह्मणा सर्ववेदिना ॥१८॥
उत्पाद्य नाट्यवेदं तु ब्रह्मोवाच सुरेश्वरम् ।
इतिहासो मया सृष्टः स सुरेषु नियुज्यताम् ॥१९॥

આ રીતે, બધું જાણનારા મહાત્મા ભગવાન બ્રહ્માજીએ વેદો અને ઉપવેદો – થી સુસમ્બદ્ધ એવો નાટ્યવેદ સર્જ્યો છે. (૧–૧૮) (ઋગ્વેદનો ઉપવેદ આયુર્વેદ, યજુર્વેદનો ધનુર્વેદ, સામવેદનો ગંધર્વવેદ તથા અથર્વવેદનો અર્થવેદ (ખેતી – વ્યાપાર) ઉપવેદ છે.)

(આ રીતે) નાટ્યવેદને ઉત્પન્ન કર્યા પછી, બ્રહ્માજીએ સુરેશ્વર (ઈન્દ્ર)ને કહ્યું કે – મેં ઈતિહાસ (=દશરૂપકો)ની રચના કરી દીધી છે; (હવે તમે) એને દેવોને વિશે પ્રયોજો. (૧–૧૯)

कुशला ये विदग्धाश्च प्रगल्भाश्च जितश्रमाः ।
तेष्वयं नाट्यसंज्ञो हि वेदः संक्राम्यतां त्वया ॥२०॥

જે (આ દશરૂપકોને ગ્રહણ કરવામાં) કુશળ હોય, જે વિદગ્ધો (= આ બાબતની વિચારણા કરી શકનારા) હોય, જે પ્રગલ્ભો (જે કશાથી નહીં ડરનારા) હોય અને જેમણે થાકને જીતી લીધો છે તેવી વ્યક્તિઓની અંદર તમે આ 'નાટ્ય' એવી સંજ્ઞાવાળો (પાંચમો) વેદ સંક્રમિત કરો (=એનો પ્રચાર–પ્રસાર કરો). (૧–૨૦)

तच्छ्रुत्वा वचनं शक्रो ब्रह्मणा यदुदाहृतम् ।
प्राञ्जलिः प्रणतो भूत्वा प्रत्युवाच पितामहम् ॥२१॥

બ્રહ્માજી વડે જે કહેવાયું હતું તે વચન સાંભળીને ઈન્દ્રે (બે હાથથી) અંજલિ રચીને, નમસ્કાર કરીને પિતામહ (બ્રહ્મા)ને કહ્યું : – (૧–૨૧)

ग्रहणे धारणे ज्ञाने प्रयोगे चास्य सत्तम ।
अशक्ता भगवन् देवा अयोग्या नाट्यकर्मणि ॥२२॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

"હે પરમ સત્તાત્મક ભગવન્, (બ્રહ્માજી) ! દેવો આ (નાટ્યવેદ)ને ગ્રહણ કરવામાં કે ધારણ કરવાની બાબતમાં, તથા એને સમજવામાં કે એનો પ્રયોગ કરવાની બાબતમાં શક્તિમાન નથી, વળી, નાટ્યકર્મ કરવાની બાબતમાં તેઓ યોગ્યતા પણ ધરાવતા નથી. (૧–૨૨)

य इमे वेदगुह्यज्ञा ऋषयः संशितव्रताः ।
एतेऽस्य ग्रहणे शक्ताः प्रयोगे धारणे तथा ॥२३॥

જે આ વેદોના રહસ્યોને જાણનારા છે અને વ્રતોના અનુષ્ઠાનમાં જે રત છે તે ઋષિઓ આ (નાટ્યવેદ)નો પ્રયોગ કરવામાં અને ધારણ કરવામાં શક્તિશાળી છે." (૧–૨૩)

श्रुत्वा तु शक्रवचनं मामाहाम्बुजसम्भवः ।
त्वं पुत्रशतसंयुक्तः प्रयोक्ताऽस्य भवानघ ॥२४॥
आज्ञापितो विदित्वाऽहं नाट्यवेदं पितामहात् ।
पुत्रानध्यापयामास प्रयोगं चापि तत्त्वतः ॥२५॥

[હવે ભરતમુનિ કહે છે કે] આ પ્રમાણે ઈન્દ્રનું વાક્ય સાંભળીને કમળમાંથી જન્મેલા બ્રહ્માજીએ મને (=ભરતમુનિને) કહ્યું : હે અનઘ (= નિષ્પાપ) ! તું સો પુત્રોથી યુક્ત છું, માટે તું આ (નાટ્ય)નો પ્રયોક્તા બન.

(આ પ્રમાણે) આજ્ઞા અપાયેલા મેં પિતામહ (બ્રહ્માજી) પાસેથી નાટ્યવેદને (બરોબર) જાણી લઈને, તે (નાટ્ય)પ્રયોગને (મારા) પુત્રોને ભણાવ્યો; તથા તેનો પ્રયોગ પણ તત્ત્વતઃ (શીખવાડ્યો). (૧–૨૫)

शाण्डिल्यं चैव वात्स्यं च कोहलं दत्तिलं तथा ।
जटिलाम्बष्टकौ चैव तण्डुमग्निं शिखं तथा ॥२६॥
सैन्धवं सपुलोमानं शाड्वलिं विपुलं तथा ।
कपिञ्जलिं बादिरं च यमधूम्रायणौ तथा ॥२७॥
जम्बुध्वजं काकजङ्घं स्वर्णकं तापसं तथा ।
कैदारिं शालिकर्णं च दीर्घगात्रं च शालिकम् ॥२८॥
कौत्सं ताण्डायनिं चैव पिङ्गलं चित्रकं तथा ।
बन्धुलं भल्लकं चैव मुष्टिकं सैन्धवायनम् ॥२९॥
तैतिलं भार्गवं चैव शुचिं बहुलमेव च ।
अबुधं बुधसेनं च पाण्डुकर्णं सुकेरलम् ॥३०॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ऋजुकं मण्डकं चैव शम्बरं वञ्जुलं तथा ।
मागधं सरलं चैव कर्तारं चोग्रमेव च ॥३१॥
तुषारं पार्षदं चैव गौतमं बादरायणम् ।
विशालं शबलं चैव सुनाभं मेषमेव च ॥३२॥
कालियं भ्रमरं चैव तथा पीठमुखं मुनिम् ।
नखकुट्टाश्मकुट्टौ च षट्पदं सोत्तमं तथा ॥३३॥
पादुकोपानहौ चैव श्रुतिं चाषस्वरं तथा ।
अग्निकुण्डाज्यकुण्डौ च वितण्ड्यं ताण्ड्यमेव च ॥३४॥
कर्तराक्षं हिरण्याक्षं कुशलं दुस्सहं तथा ।
लाजं भयानकं चैव बीभत्सं सविचक्षणम् ॥३५॥
पुण्ड्राक्षं पुण्ड्रनासं चाप्यसितं सितमेव च ।
विद्युज्जिह्वं महाजिह्वं शालङ्कायनमेव च ॥३६॥
श्यामायनं माठरं च लोहिताङ्गं तथैव च ।
संवर्तकं पञ्चशिखं त्रिशिखं शिखमेव च ॥३७॥
शङ्खवर्णमुखं षण्डं शङ्कुकर्णमथापि च ।
शक्रनेमिं गभस्तिं चाप्यंशुमालिं शठं तथा ॥३८॥
विद्युतं शातजङ्घं च रौद्रं वीरमथापि च ।
पितामहाज्ञयाऽस्माभिर्लोकस्य च गुणेप्सया ॥३९॥

શાંડિલ્ય, વાત્સ, કોહલ, દત્તિલ, જટિલ, અમ્બષ્ટક, તંડુ, અગ્નિશિખ, સૈન્ધવ, પુલોમા, શાડ્વલિ, વિપુલ, કપિંજલિ, વાદિર, યમ, ધૂમ્રાયણ, જમ્બુધ્વજ, કાકજલ, સ્વર્ણક, તાપસ, કૈદારિ, શાલિકર્ણ, દીર્ઘગોત્ર, શાલિક, કૌત્સ, તાંડાયનિ, પિંગલ, ચિત્રક, બન્ધુલ, ભલ્લક, મુષ્ટિક, સૈન્ધવાયન, તૈત્તિલ, ભાર્ગવ, શુચિ, બહુલ, અબુધ, બુધસેન, પાંડુકર્ણ, સુકેરલ, ઋજુક, મંડક, શંબર, વંજુલ, માગધ, સરલ, કર્તાર, ઉગ્ર, તુષાર, પાર્ષદ, ગૌતમ, બાદરાયણ, વિશાલ, શવલ, સુનાભ, મેષ, કાલિય, ભ્રમર, પીઠમુખ, મુનિ, નખકુટ્ટ, અશ્મકુટ્ટ, ષટ્પદ, ઉત્તમ, પાદુક, ઉપાનહ, શ્રુતિ, ચાષસ્વર, અગ્નિકુંડ, આજ્યકુંડ, વિતંડ, તાણ્ડ, કર્તરાક્ષ, હિરણ્યાક્ષ, કુશલ, દુઃસહ, લાજ, ભયાનક, બીભત્સ, વિચક્ષણ, પુણ્ડ્રાક્ષ, પુણ્ડ્રનાસ, અસિત અને સિત, વિદ્યુજ્જિહ્વ, મહાજિહ્વ, શાલંકાયન, શ્યામાયન, માઠર, લોહિતાંગ,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સંવર્તક, પંચશિખ, ત્રિશિખ, શિખ, શંખવર્ણમુખ, ષણ્ડ, શંકુકર્ણ, શક્રનેમિ, ગભસ્તિ, અંશુમાલિ, શઠ, વિદ્યુત, શાતજંઘ, રૌદ્ર અને વીર—એ (બધાં એક સો પાંચ પુત્રો)ને અમે (ભરતે) પિતામહ (બ્રહ્માજી)ની આજ્ઞાથી અને આ લોકનું કલ્યાણ થાય (=ગુણવર્ધન થાય) એવી ઇચ્છાથી (ભણાવ્યા). (૧–૨૬ થી ૩૯)

प्रयोजितं पुत्रशतं यथाभूमिविभागशः ।
यो यस्मिन्कर्मणि यथा योग्यस्तस्मिन् स योजितः ॥४०॥

[ભરતે] (કાય) ભૂમિકાના વિભાગ મુજબ (પોતાના) આ સો પુત્રોને (નાટ્યમાં) પ્રયોજ્યા. જે કાર્યમાં જે રીતે જે (પુત્ર) યોગ્ય હતો, તેને તે કર્મમાં (પ્રયોજ્યો). (૧–૪૦)

भारतीं सात्त्वतीं चैव वृत्तिमारभटीं तथा ।
समाश्रितः प्रयोगस्तु प्रयुक्तो वै मया द्विजाः ॥४१॥

હે દ્વિજો (= બ્રાહ્મણો) ! ભારતી, સાત્ત્વતી અને આરભટી વૃત્તિને આધારે (મેં=ભરતે) (નાટ્ય)પ્રયોગ પ્રયોજ્યો. (૧–૪૧)

परिगृह्य प्रणम्याथ ब्रह्मा विज्ञापितो मया ।
अथाह मां सुरगुरुः कैशिकीमपि योजय ॥४२॥

(આ ભારતી વગેરે ત્રણ વૃત્તિઓને) ગ્રહણ કરી લીધા પછી, પ્રણામ કરીને મેં (ભરતે) બ્રહ્માજીને ફરી વિનંતી કરી; તેથી દેવગુરુ (બ્રહ્માજી)એ મને (ચોથી) "કૈશિકી" વૃત્તિ પણ કહી; અને (મને તેમણે આજ્ઞા કરી કે હવે તું આ કૈશિકી વૃત્તિને પણ નાટ્યમાં) પ્રયોજ. (૧–૪૨)

यच्च तस्याः क्षमं द्रव्यं तद्ब्रूहि द्विजसत्तम ।
एवं तेनास्म्यभिहितः प्रत्युक्तश्च मया प्रभुः ॥४३॥

"હે દ્વિજોમાં શ્રેષ્ઠ (એવા ભરત મુનિ) ! તે (કૈશિકી વૃત્તિ) ને યોગ્ય એવી સામગ્રી (દ્રવ્ય) હોય તે પણ (તમારા પુત્રોને) કહો." આમ તેમના (=બ્રહ્માજી) વડે હું કહેવાયો ત્યારે મેં તે પ્રભુ (બ્રહ્માજી)ને કહ્યું કે – (૧–૪૩)

दीयतां भगवन्द्रव्यं कैशिक्याः सम्प्रयोजकम् ।
नृत्ताङ्गहारसम्पन्ना रसभावक्रियात्मिका ॥४४॥

"હે ભગવન્ ! કૈશિકી વૃત્તિને સારી રીતે પ્રયોજી શકું એવી સામગ્રી (તમે મને) આપો. આ સામગ્રી, કે જે નૃત્ત અને અંગહારથી યુક્ત હોય, અને રસ તથા ભાવની

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ક્રિયાઓને પ્રયોજી શકે એવી હોય – (તે સામગ્રી મને આપો)." (૧– ૪૪) (આ સમયે મેં = ભરતે)

दृष्टा मया भगवतो नीलकण्ठस्य नृत्यतः ।
कैशिकी श्लक्ष्णनैपथ्या शृङ्गाररससम्भवा ॥४५॥

નૃત્ય કરી રહેલા ભગવન્ નીલકંઠ (શંકર)ની [= શંકર દ્વારા પ્રયોજાયેલી] સુન્દર વેષભૂષાવાળી અને શૃંગાર રસમાંથી ઉત્પન્ન થતી કૈશિકી વૃત્તિ મેં જોઈ. (૧–૪૫)

अशक्या पुरुषैः सा तु प्रयोक्तुं स्त्रीजनादृते ।
ततोऽसृजन्महातेजा मनसाऽप्सरसो विभुः ॥४६॥

પણ, સ્ત્રીઓ વિના બીજા કોઈ પુરુષોથી આ (કૈશિકી વૃત્તિ) પ્રયોજવી શક્ય જ નથી. તેથી મહાતેજવાળા વિભુ (= બ્રહ્માજી) એ (પોતાના) મનથી અપ્સરાઓ સર્જી. (૧–૪૬)

नाट्यालङ्कारचतुराः प्रादान्मह्यं प्रयोगतः ।
मञ्जुकेशीं सुकेशीं च मिश्रकेशीं सुलोचनाम् ॥४७॥
सौदामिनीं देवदत्तां देवसेनां मनोरमाम् ।
सुदतीं सुन्दरीं चैव विदग्धां विपुलां तथा ॥४८॥
सुमालां सन्ततिं चैव सुनन्दां सुमुखीं तथा ।
मागधीमर्जुनीं चैव सरलां केरलां धृतिम् ॥४९॥
नन्दां सपुष्कलां चैव कलमां चैव मे ददौ ।
स्वातिर्भाण्डनियुक्तस्तु सह शिष्यैः स्वयम्भुवा ॥५०॥

નાટ્યના અલંકાર (રૂપ કૈશિકી વૃત્તિ)માં ચતુર એવી (અપ્સરાઓ) પ્રયોગ થકી (બ્રહ્માજીએ) મને આપી. (જેમ કે –) ૧. મંજુકેશી, ૨. સુકેશી, ૩. મિશ્રકેશી, ૪. સુલોચના, ૫. સૌદામિની, ૬. દેવદત્તા, ૭. દેવસેના, ૮. મનોરમા, ૯. સુદતી, ૧૦. સુન્દરી, ૧૧. વિદગ્ધ, ૧૨. વિપુલા, ૧૩. સુમાલા, ૧૪. સન્તતિ, ૧૫. સુનન્દા, ૧૬. સુમુખી, ૧૭. માગધી, ૧૮. અર્જુની, ૧૯. સરલા, ૨૦. કેરલા, ૨૧. ધૃત્તિ, ૨૨. નન્દા, ૨૩. સુપુષ્કલા અને ૨૪. કલમા – નામની (૨૪ અપ્સરાઓ) આપી. વળી, સ્વયંભૂ (બ્રહ્મા)એ શિષ્યો સહિતના સ્વાતિ (મુનિ)ને ભાણ્ડ (= વાદ્ય)ને વિશે નિયુક્ત કર્યા. (૧–૪૭ થી ૫૦).

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

नारदाद्याश्च गन्धर्वा गानयोगे नियोजिताः ।
एवं नाट्यमिदं सम्यग्बुद्ध्वा सर्वैः सुतैः सह ॥५१॥
स्वातिनारदसंयुक्तो वेदवेदाङ्गकारणम् ।
उपस्थितोऽहं ब्रह्माणं प्रयोगार्थं कृताञ्जलिः ॥५२॥

તથા ગાન કરવા માટે નારદ વગેરે ગન્ધર્વોને નિયુક્ત કર્યા. આ રીતે આ નાટ્ય(પ્રયોગ)ને બરાબર સમજી લઈને (હું = ભરતમુનિ) મારા બધા પુત્રોની સાથે સ્વાતિ અને નારદ સાથે રાખીને બે હાથની અંજલિ રચીને (=હાથ જોડીને) (નાટ્ય)પ્રયોગ કરવા માટે વેદ અને વેદાંગના ઉત્પત્તિકારણ એવા બ્રહ્માજીની પાસે ઉપસ્થિત થયો. (૧–૫૨)

नाट्यस्य ग्रहणं प्राप्तं ब्रूहि किं करवाण्यहम् ।
एतत्तुं वचनं श्रुत्वा प्रत्युवाच पितामहः ॥५३॥

"(મને) નાટ્યની સમજણ મળી ગઈ છે; (હવે તમે) કહો કે મારે શું કરવાનું છે ?" – આટલું વચન સાંભળીને પિતામહ (બ્રહ્માજી) એ પ્રત્યુત્તર આપ્યો– (૧–૫૩)

महानयं प्रयोगस्य समयः प्रत्युपस्थितः ।
अयं ध्वजमहः श्रीमान् महेन्द्रस्य प्रवर्तते ॥५४॥
अत्रेदानीमयं वेदो नाट्यसंज्ञः प्रयुज्यताम् ।
ततस्तस्मिन्ध्वजमहे निहतासुरदानवे ॥५५॥
प्रहृष्टामरसंकीर्णे महेन्द्रविजयोत्सवे ।
पूर्वं कृता मया नान्दी ह्याशीर्वचनसंयुता ॥५६॥

"(નાટ્ય)પ્રયોગ કરવા માટેનો મહાન એવો પ્રસંગ ઉપસ્થિત થયો છે. જેમ કે, મહેન્દ્રનો "શ્રીયુક્ત એવો આ ધ્વજપૂજન"નો પ્રસંગ ચાલે છે. આમાં 'નાટ્ય' એવી સંજ્ઞાવાળો આ વેદ પ્રયોજવામાં આવે."

આ પછી, અસુરો અને દાનવો જેમાં હણાઈ ગયા હતા અને રાજી થઈ ગયેલા દેવો જેમાં ભેગા મળ્યા હતા તેવા મહેન્દ્રના વિજય – મહોત્સવમાં મેં (ભરતે) પહેલાં તો આશીર્વાદના વચનવાળી નાન્દીવિધિ પૂરી કરી. (૧–૫૪ થી ૫૬)

अष्टाङ्गपदसंयुक्ता विचित्रा वेदनिर्मिता ।
तदन्तेऽनुकृतिर्बद्धा यथा दैत्याः सुरैर्जिताः ॥५७॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

આ (નાન્દી) અષ્ટાંગ પદોવાળી, સુન્દર અને વેદમન્ત્રોમાંથી બનાવેલી હતી. તે (નાન્દી) પૂરી થયા પછી, એક એવી અનુકૃતિ (= અનુકરણાત્મક નાટક) રજૂ કરાઈ કે જેમાં "દેવો વડે દૈત્યો જીતાઈ ગયા છે" [– એવી રજૂઆત થઈ.] (૧–૫૭)

सम्फेटविद्रवकृता च्छेद्यभेद्याहवात्मिका ।

ततो ब्रह्मादयो देवाः प्रयोगपरितोषिताः ॥५८॥

આ (અનુકૃતિ) સમ્ફેટ અર્થાત્ રોષ ભરેલાં વાક્યો, નાસભાગનાં દશ્યોથી ભરેલ, કાપાકાપી અને ચીર – ફાડથી ભરેલ યુદ્ધ જેવી હતી. આ પ્રયોગના થકી બ્રહ્માજી વગેરે દેવો ખૂબ સંતોષ પામ્યા. (૧–૫૮)

प्रददुर्मत्सुतेभ्यस्तु सर्वोपकरणानि वै ।

प्रीतस्तु प्रथमं शक्रो दत्तवान्स्वं ध्वजं शुभम् ॥५९॥

[રાજી થયેલા] તેમણે (=દેવોએ) મારા પુત્રોને (નાટ્યપ્રયોગ માટે ઉપયોગી એવાં) બધાં ઉપકરણો (=નાટ્યસામગ્રી) આપ્યાં. જેમ કે સૌ પ્રથમ તો પ્રસન્ન થયેલા ઈન્દ્રે પોતાનો શુભ ધ્વજ આપ્યો. (૧–૫૯)

ब्रह्मा कुटिलकं चैव भृङ्गारं वरुणः शुभम् ।

सूर्यश्छत्रं शिवस्सिद्धिं वायुर्व्यजनमेव च ॥६०॥

विष्णुः सिंहासनं चैव कुबेरो मुकुटं तथा ।

श्राव्यत्वं प्रेक्षणीयस्य ददौ देवी सरस्वती ॥६१॥

બ્રહ્માએ વાંકોચૂકો દંડ આપ્યો (જે વિદૂષકના પાત્રને કામ લાગે તેવો હતો), વરુણદેવે શુભ ભૃંગાર (=કમંડળ, જે પારિપાર્શ્વકને ઉપયોગી થાય તેવો હતો), સૂર્યદેવે છત્ર, શિવજીએ સિદ્ધિ અને વાયુદેવતાએ વીંઝણો (પંખો) આપ્યો. (૧–૬૦). વિષ્ણુદેવે સિંહાસન, કુબેરે મુકુટ આપ્યો; તથા (વાણીની) દેવી સરસ્વતીએ પ્રેક્ષણીય (= જોવાલાયક માત્ર જે નાટ્યપ્રયોગ હતો, તે)ને શ્રાવ્યત્વ અર્પ્યું. (=નાટ્યને સાંભળી પણ શકાય એવું બનાવ્યું.) (૧–૬૧)

शेषा ये देवगन्धर्वा यक्षराक्षसपन्नगाः ।

तस्मिन्सदस्यभिप्रेतान्नानाजातिगुणाश्रयान् ॥६२॥

બાકીના જે દેવો, ગન્ધર્વો, યક્ષ, રાક્ષસ અને પન્નગો (નાગજાતિના લોકો) તે સભાગૃહમાં હતા તેમણે (પોતપોતાને) અભિપ્રેત જુદા જુદા પ્રકારની અને વિવિધ ગુણોવાળી (ચીજો આપી.) (૧–૬૨)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

अंशांशैर्भाषितं भावान् रसान् रूपं बलं तथा ।
दत्तवन्तः प्रहृष्टास्ते मत्सुतेभ्यो दिवौकसः ॥६३॥

સ્વર્ગમાં રહેનારા (=દિવૌકસ) દેવો, કે જેઓ રાજી થયા હતા તેમણે સૌએ મારા (ભરતના) પુત્રોને થોડા થોડા અંશે ભાષણ, ભાવો, રસો, રૂપ અને બળ આપ્યાં. (૧–૬૩)

एवं प्रयोगे प्रारब्धे दैत्यदानवनाशने ।
अभवन्क्षुभिताः सर्वे दैत्या ये तत्र सङ्गताः ॥६४॥

આ પ્રમાણે જ્યારે, (જેમાં) દૈત્યો અને દાનવોના વિનાશનું નિરૂપણ થયું હતું તે (નાટ્ય)પ્રયોગ શરૂ થયો ત્યારે ત્યાં જે ભેગા મળેલા દૈત્યો હતા તે બધા ખળભળી ઊઠ્યા. (૧–૬૪)

विरूपाक्षपुरोगांश्च विघ्नान्प्रोत्साह्य तेऽब्रुवन् ।
न क्षमिष्यामहे नाट्यमेतदागम्यतामिति ॥६५॥

(તોડફોડ જેવાં) વિઘ્નોને, ઉશ્કેરીને વિરૂપાક્ષ જેમાં આગળ પડતો હતો તેવા તે દૈત્યો બોલ્યા : "અમે આવા નાટ્યપ્રયોગને નહીં ખમી ખઈએ; આવી જાવ." (૧–૬૫)

ततस्तैरसुरैः सार्धं विघ्ना मायामुपाश्रिताः ।
वाचश्चेष्टां स्मृतिं चैव स्तम्भयन्ति स्म नृत्यताम् ॥६६॥

ત્યાર પછી તે અસુરાની સાથે વિઘ્નોએ માયાનું પણ આશ્રયણ કર્યું. (અને તેના થકી તેઓ)એ [તે નાટ્યપ્રયોગમાં] નૃત્ય (=અભિનય) કરી રહેલા (નટો)ની વાણી, ચેષ્ટા અને સ્મૃતિને સ્થગિત કરી દીધી ! (૧–૬૬)

तथा विध्वंसनं दृष्ट्वा सूत्रधारस्य देवराट् ।
कस्मात्प्रयोगवैषम्यमित्युक्त्वा ध्यानमाविशत् ॥६७॥

સૂત્રધારના (નાટ્યપ્રયોગનો) વિધ્વંસ થતો જોઈને દેવરાજ ઇન્દ્ર, "આ નાટ્ય – પ્રયોગ કોને કારણે વિષમતાને પામ્યો ?" એમ બોલીને, ધ્યાનમાં સરકી પડ્યા. (૧–૬૭)

अथापश्यत्सदो विघ्नैः समन्तात्परिवारितम् ।
सहेतरैः सूत्रधारं नष्टसंज्ञं जडीकृतम् ॥६८॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હવે (ઈન્દ્રે ધ્યાનમાં) જોયું કે વિઘ્નોથી ચારેય બાજુએથી સભાગૃહ ઘેરાઈ ગયું છે અને બીજાઓની સાથે સૂત્રધારને પણ જડ જેવો બનાવીને બેભાન કરી દેવામાં આવ્યો છે. (૧ – ૬૮)

उत्थाय त्वरितं शक्रः गृहीत्वा ध्वजमुत्तमम् ।
सर्वरत्नोज्ज्वलतनुः किञ्चिदुद्वृत्तलोचनः ॥६९॥
रङ्गपीठगतान्विघ्नानसुरांश्चैव देवराट् ।
जर्जरीकृतदेहांस्तानकरोज्जर्जरेण सः ॥७०॥

સર્વરત્નોથી ઉજ્જવળ શરીરવાળા અને કંઈક ઊંચા થયેલા લોચનવાળા ઈન્દ્ર (ધ્યાનમાંથી) તરત જ ઊઠ્યા. (૧–૬૯), (હવે) તે દેવરાજે (ઈન્દ્રે) (પોતાના) 'જર્જર' નામના આયુધથી રંગપીઠ ઉપર ફેલાઈ ગયેલાં વિઘ્નોને અને અસુરોને જર્જરિત દેહવાળા બનાવી દીધા. (૧ – ૭૦)

निहतेषु च सर्वेषु विघ्नेषु सह दानवैः ।
सम्प्रहृष्य ततो वाक्यमाहुः सर्वे दिवौकसः ॥७१॥

બધા દાનવોની સાથે જ્યારે તમામ વિઘ્નો હણાઈ ગયાં ત્યારે હર્ષિત થઈ ગયેલા બધા દેવોએ આ વાક્ય ઉચ્ચાર્યું – (૧–૭૧)

अहो प्रहरणं दिव्यमिदमासादितं त्वया ।
जर्जरीकृतसर्वाङ्गा येनैते दानवाः कृताः ॥७२॥

અહો ! શું દિવ્ય એવું પ્રહારક (શસ્ત્ર) તમે (ઈન્દ્રે) પ્રાપ્ત કર્યું છે ? કે જેનાથી આ દાનવોને સર્વાંગે જર્જરિત કરી દેવામાં આવ્યા છે. (૭૨)

यस्मादनेन ते विघ्नाः सासुरा जर्जरीकृताः ।
तस्माज्जर्जर एवेति नामतोऽयं भविष्यति ॥७३॥

કેમ કે આ (શસ્ત્ર)ના વડે અસુરો સહિતના તે વિઘ્નોને જર્જરિત કરી દેવામાં આવ્યા છે, તેથી હવે તો આ (શસ્ત્ર)નું નામ "જર્જર" એવું જ પડશે. (૭૩)

शेषा ये चैव हिंसार्थमुपयास्यन्ति हिंसकाः ।
दृष्ट्वैव जर्जरं तेऽपि गमिष्यन्त्येवमेव तु ॥७४॥

વળી, હિંસા કરવાના આશયવાળા બાકી રહેલા જે હિંસકો (અસુરો) હશે, તેઓ પણ આ "જર્જર" ને જોઈને જ, આ જ રીતે (જર્જરિત) થઈ જશે. (૧–૭૪)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

एवमेवास्त्विति ततः शक्रः प्रोवाच तान्सुरान् ।
रक्षाभूतश्च सर्वेषां भविष्यत्येष जर्जरः ॥७५॥

તે સુરો (=દેવો)ની પ્રત્યે ઇન્દ્રે પણ કહ્યું કે – "સારું, એમ જ થાવ. આ જર્જર સૌને માટે રક્ષક બની રહો." (૧–૭૫)

प्रयोगे प्रस्तुते ह्येवं स्फीते शक्रमहे पुनः ।
त्रासं सञ्जनयन्ति स्म विघ्नाः शेशास्तु नृत्यताम् ॥७६॥

પરંતુ, ઉજ્જવલ એવા ઇન્દ્રપૂજનમાં તે (નાટ્ય પ્રયોગ ફરીથી શરૂ થતાં જ, છટકી ગયેલા, બાકી રહી ગયેલા વિઘ્નોએ અભિનય કરી રહેલા (નટસમૂહ) ઉપર ત્રાસ ઉત્પન્ન કરવા માંડ્યો. (૧–૭૬)

दृष्ट्वा तेषां व्यवसितं दैत्यानां विप्रकारजम् ।
उपस्थितोऽहं ब्रह्माणं सुतैः सर्वैः समन्वितः ॥७७॥

તે દૈત્યોના વિઘ્ન ઉત્પન્ન કરનાર વ્યવસાયને જોઈને હું (ભરત) (મારા) બધા પુત્રોની સાથે બ્રહ્માજીની પાસે ઉપસ્થિત થયો. (૧–૭૭)

निश्चिता भगवन्विघ्ना नाट्यस्यास्य विनाशने ।
अस्य रक्षाविधिं सम्यगाज्ञापय सुरेश्वर ॥७८॥

હે ભગવન્ ! આ નાટ્યનો વિનાશ કરવા માટે આ વિઘ્નો (=વિઘ્નકારક અસુરો) કૃતનિશ્ચય જણાય છે. માટે હે સુરેશ્વર ! આ (નાટ્ય)ની યોગ્ય રીતે રક્ષા થાય એવી વ્યવસ્થા ઊભી કરવા (તમે) આજ્ઞા આપો. (૧–૭૮)

ततश्च विश्वकर्माणं ब्रह्मोवाच प्रयत्नतः ।
कुरु लक्षणसम्पन्नं नाट्यवेश्म महामते ॥७९॥

ત્યાર પછી બ્રહ્માએ વિશ્વકર્માને (બોલાવીને) કહ્યું "હે મહામતિ ! પ્રયત્નપૂર્વક (તમે) બધાં લક્ષણોથી યુક્ત હોય એવા નાટ્યગૃહનું નિર્માણ કરો." (૧–૭૯)

ततोऽचिरेण कालेन विश्वकर्मा महच्छुभम् ।
सर्वलक्षणसम्पन्नं कृत्वा नाट्यगृहं तु सः ॥८०॥
प्रोक्तवान्द्रुहिणं गत्वा सभायान्तु कृताञ्जलिः ।
सज्जं नाट्यगृहं देव तदवेक्षितुमर्हसि ॥८१॥

ત્યારે તે વિશ્વકર્માએ થોડાક જ સમયમાં મોટું અને શુભકારી, તથા બધાં જ લક્ષણોથી યુક્ત એવું નાટ્યગૃહ રચીને પછી, (૮૦); (દેવોની) સભામાં (જઈને)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

હાથ જોડેલા (વિશ્વકર્મા)એ દ્રુહિણ (=બ્રહ્માજી)ની પાસે જઈને કહ્યું :" હે દેવ ! નાટ્યગૃહ તૈયાર થઈ ગયું છે, તે (હવે આપે) જોવા યોગ્ય છે. (૧–૮૦, ૮૧)

ततः सह महेन्द्रेण सुरैः सर्वैश्च सेतरैः ।
आगतस्त्वरितो द्रष्टुं द्रुहिणो नाट्यमण्डपम् ॥८२॥

ત્યાર પછી તરત જ મહેન્દ્ર, સૌ દેવો અને બીજાઓની સાથે રહેલા દ્રુહિણ (=બ્રહ્મા) નાટ્યમંડપને જોવા આવી પહોંચ્યા. (૧–૮૨)

दृष्ट्वा नाट्यगृहं ब्रह्मा प्राह सर्वान्सुरांस्ततः ।
अंशभागैर्भवद्भिस्तु रक्ष्योऽयं नाट्यमण्डपः ॥८३॥

નાટ્યગૃહને જોયા પછી બ્રહ્માએ બધા દેવોને કહ્યું :– "આ નાટ્યમંડપને તમારે બધાએ પણ થોડા થોડા અંશે સાચવવાનો છે." (૧–૮૩) જેમ કે –

रक्षणे मण्डपस्याथ विनियुक्तस्तु चन्द्रमाः ।
लोकपालास्तथा दिक्षु विदिक्ष्वपि च मारुताः ॥८४॥

આ (નાટ્ય)મંડપના રક્ષણને માટે ચન્દ્રમાને નિયુક્ત કરવામાં આવ્યા, (ચારેય) દિશાઓમાં લોકપાલોને તથા વિદિશાઓ (=નૈઋત્ય, વાયવ્ય, ઈશાન અને અગ્નિ ખૂણાઓ)માં મારુતોને નિયુક્ત કર્યા.

नेपथ्यभूमौ मित्रस्तु निक्षिप्तो वरुणोऽम्बरे ।
वेदिकारक्षणे वह्निर्भाण्डे सर्वदिवौकसः ॥८५॥

નેપથ્ય ભૂમિમાં (રંગભૂમિની પાછળનો ભાગ) મિત્ર (=સૂર્ય)ને અને (રંગભૂમિની ઉપરના) આકાશમાં વરુણને (રક્ષણ માટે) સ્થાપ્યા. વેદિકાનું રક્ષણ કરવા અગ્નિદેવતાને અને ભાણ્ડ (સંગીતના વાજીંત્રો)ને સાચવવા માટે આકાશમાં રહેનારા (વાદળો)ને નિયુક્ત કરવામાં આવ્યા. (૧–૮૫)

वर्णाश्चत्वार एवाथ स्तम्भेषु विनियोजिताः ।
आदित्याश्चैव रुद्राश्च स्थिताः स्तम्भान्तरेष्वथ ॥८६॥

(બ્રાહ્મણાદિ) ચારેય વર્ણોને (નાટ્યગૃહના) થાંભલાઓ સાચવવા વિનિયુક્ત કર્યા, બીજા (નાના – મોટા) થાંભલાઓને વિશે (બાર) આદિત્યો અને (અગિયાર) રુદ્રોને ઊભા રાખવામાં આવ્યા. (૧–૮૬)

धारणीष्वथ भूतानि शालास्वप्सरसस्तथा ।
सर्ववेश्मसु यक्षिण्यो महीपृष्ठे महोदधिः ॥८७॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ધારણીઓ (સ્તંભોને જેમાં રોપવામાં આવ્યા હોય તે સ્થાનો) ઉપર ભૂતોને (અન્ય સચેતન જીવોને), શાલાઓ (=ઉપરના માળો) ઉપર અપ્સરાઓ નિયુક્ત કરી; તથા બીજા ઓરડામાં યક્ષિણીઓને અને પૃથિવીતલને વિશે મહાસમુદ્રને નિયુક્ત કર્યો. (૧–૮૭)

द्वारशालानियुक्तौ तु कृतान्तः काल एव च ।
स्थापितौ द्वारपत्रेषु नागमुख्यौ महाबलौ ॥८८॥

દ્વારશાળા ઉપર 'યમરાજ' અને 'કાળ'ને જ વિનિયુક્ત કરવામાં આવ્યા, તથા મહાબળવાન એવા (શેષનાગ અને ગુલિકનાગ) કે જે બે બધા નાગોમાં મુખ્ય હતા તેમને દ્વારપત્ર/દ્વારપુત્ર (=કમાડ) ઉપર બેસાડવામાં આવ્યા. (૧–૮૮)

देहल्यां यमदण्डस्तु शूलं तस्योपरि स्थितम् ।
द्वारपालौ स्थितौ चोभौ नियतिर्मृत्युरेव च ॥८९॥

દેહલી (ઉંબરા) ઉપર યમનો દંડ અને તે(દ્વાર)ની ઉપર ત્રિશૂળને મૂક્યું; તથા દ્વારપાળ તરીકે 'નિયતિ' અને 'મૃત્યુ'ને ઊભા રાખ્યા. (૧–૮૯)

पार्श्वे च रङ्गपीठस्य महेन्द्रः स्थितवान्स्वयम् ।
स्थापिता मत्तवारण्यां विद्युद्दैत्यनिषूदनी ॥९०॥

રંગપીઠની પાછળ/એક બાજુ ઉપર મહેન્દ્ર પોતે ઊભા રહ્યા. દૈત્યોને મારી નાખનારી વિદ્યુતને "મત્તવારિણી"ના ભાગમાં સ્થાપવામાં આવી. (૧–૯૦)

स्तम्भेषु मत्तवारण्याः स्थापिताः परिपालने ।
भूतयक्षपिशाचाश्च गुह्यकाश्च महाबलाः ॥९१॥

મત્તવારિણીના થાંભલાઓ ઉપર ચારે તરફથી રક્ષણ કરવા માટે મહાબળવાન એવા ભૂતો, યક્ષો, પિશાચો અને ગુહ્યકોને નીમવામાં આવ્યા. (૧–૯૧)

जर्जरे तु विनिक्षिप्तं वज्रं दैत्यनिबर्हणम् ।
तत्पर्वसु विनिक्षिप्ताः सुरेन्द्रा ह्यमितौजसः ॥९२॥

જર્જર (અર્થાત્ ઈન્દ્રધ્વજ)ની ઉપર દૈત્યોનો વિનાશ કરનારું વજ્ર મૂકવામાં આવ્યું, તથા અમિત તેજવાળા સુરેન્દ્રોને (=દેવોને) તે (વજ્ર)ના સાંધાઓ પર ગોઠવ્યા. (૧–૯૨) જેમ કે –

शिरःपर्वस्थितो ब्रह्मा द्वितीये शङ्करस्तथा ।
तृतीये च स्थितो विष्णुश्चतुर्थे स्कन्द एव च ॥९३॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

મસ્તકસ્થાનીય સાંધા ઉપર બ્રહ્માજીને બેસાડ્યા, બીજા સાંધાઓ ઉપર શંકરને સ્થાપ્યા, ત્રીજા સાંધા ઉપર વિષ્ણુ ઊભા રહ્યા અને ચોથા સાંધા ઉપર સ્કન્ધ (કુમાર કાર્તિકેય) જ ગોઠવાયા. (૧–૯૩)

पञ्चमे च महानागाः शेषवासुकितक्षकाः ।
एवं विघ्नविनाशाय स्थापिता जर्जरे सुराः ॥९४॥

પાંચમા સાંધા ઉપર મહાનાગો, જેવા કે – શેષ, વાસુકિ અને તક્ષક નીમાયા. – આમ વિઘ્નોનો વિનાશ કરવા માટે જર્જર ઉપર (જુદા જુદા) દેવોને સ્થાપવામાં આવ્યા. (૧ – ૯૪)

रङ्गपीठस्य मध्ये तु स्वयं ब्रह्मा प्रतिष्ठितः ।
इष्ट्यर्थं रङ्गमध्ये तु क्रियते पुष्पमोक्षणम् ॥९५॥

રંગપીઠના મધ્યભાગમાં તો સ્વયં બ્રહ્માજીની જ પ્રતિષ્ઠા થઈ ! આથી ઈષ્ટ – કામના (=પ્રયોગની સફળતા) માટે [અથવા – इज्यार्थम् પાઠ મુજબ – "રંગપીઠની પૂજા કરવા માટે] રંગના મધ્યભાગ ઉપર પુષ્પ ચઢાવવામાં આવે છે. (૧–૯૫)

पातालवासिनो ये च यक्षगुह्यकपन्नगाः ।
अधस्ताद्रङ्गपीठस्य रक्षणे ते नियोजिताः ॥९६॥

પાતાળમાં રહેનારા જે યક્ષો, ગુહ્યકો અને પન્નગો છે તેઓને રંગપીઠની નીચેના ભાગમાં રક્ષણ માટે નીમવામાં આવ્યા. (૧ – ૯૬)

नायकं रक्षतीन्द्रस्तु नायिकां च सरस्वती ।
विदूषकमथौङ्कारः शेषास्तु प्रकृतीर्हरः ॥९७॥

[નાટ્યપ્રયોગ દરમ્યાન] ઈન્દ્ર નાયકની રક્ષા કરે છે અને સરસ્વતી નાયિકા (બનેલી નટી)ની રક્ષા કરે છે. ઓમકાર (=પ્રણવ) જે વિદૂષક (બન્યો હોય, તે નટ)ની અને બાકી રહેલી પ્રકૃતિ (અર્થાત્ નટ–નટીના સમૂહ)ની રક્ષા હર (=શંકર) કરે છે. (૧–૯૭)

यान्येतानि नियुक्तानि दैवतानीह रक्षणे ।
एतान्येवाधिदैवानि भविष्यन्तीत्युवाच सः ॥९८॥

આ જે જે દેવતાઓને અહીં (નાટ્યના) રક્ષણ માટે નિયુક્ત કરવામાં આવ્યા છે, તેઓ તે તે (સ્થાનના) અધિદેવતાઓ બની રહેશે" એમ તેમણે (બ્રહ્માજીએ) કહ્યું. (૧–૯૮)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

एतस्मिन्नन्तरे देवैः सर्वैरुक्तः पितामहः ।
साम्ना तावदिमे विघ्नाः स्थाप्यन्तां वचसा त्वया ॥९९॥

એટલામાં વચ્ચે જ બધા દેવોએ પિતામહ (બ્રહ્માજી)ને કહ્યું : "આ વિઘ્નોને તમારે (બ્રહ્માજીએ) સામયુક્ત વચનો (=સમજાવટ ભર્યાં વચનો)થી (શાન્ત) બેસાડવા જોઈએ. (૧–૯૯)

पूर्वं साम प्रयोक्तव्यं द्वितीयं दानमेव च ।
तयोरुपरि भेदस्तु ततो दण्डः प्रयुज्यते ॥१००॥

સૌથી પહેલાં તો સામ (=સમજાવટ)નો ઉપાય પ્રયોજવો જોઈએ, બીજે તબક્કે દાનને પણ પ્રયોજી જોવું જોઈએ. આ બે (=સામ અને દાન)ની ઉપર, (જરૂર પડે તો) ભેદનીતિ વાપરવી જોઈએ, અને ત્યાર પછી જ (અર્થાત્ ન છુટકે જ) દંડ પ્રયોજવો યોગ્ય છે." (૧–૧૦૦)

देवानां वचनं श्रुत्वा ब्रह्मा विघ्नानुवाच ह ।
कस्माद्भवन्तो नाट्यस्य विनाशाय समुत्थिताः ॥१०१॥

(આ પ્રમાણે) દેવોનું વચન સાંભળીને, બ્રહ્માજીએ તે વિઘ્નોને કહ્યું – "નાટ્યનો વિનાશ કરવા માટે આપ સૌ શા માટે ઉદ્યત થયા છો?" (૧–૧૦૧)

ब्रह्मणो वचनं श्रुत्वा विरूपाक्षोऽब्रवीद्वचः ।
दैत्यैर्विघ्नगणैः सार्धं सामपूर्वमिदं ततः ॥१०२॥

બ્રહ્માજીનું આ વાક્ય સાંભળીને વિરૂપાક્ષે દૈત્યો અને વિઘ્નોના સમૂહની સાથે પહેલાં સામ(=મન્ત્રણા) કરી લીધા પછી, કહ્યું – (૧–૧૦૨)

योऽयं भगवता सृष्टो नाट्यवेदः सुरेच्छया ।
प्रत्यादेशोऽयमस्माकं सुरार्थं भवता कृतः ॥१०३॥

"[હે બ્રહ્માજી !] તમે દેવોની ઈચ્છાથી આ જે નાટ્યવેદની રચના કરી છે, તે દેવોને (રાજી કરવા) માટે તમે અમારું અપમાન કરવાના આશયથી રચ્યો છે (એમ અમને લાગે છે.) (૧–૧૦૩)

तन्नैतदेवं कर्तव्यं त्वया लोकपितामह ।
यथा देवास्तथा दैत्यास्त्वत्तः सर्वे विनिर्गताः ॥१०४॥

તો, હે લોકપિતામહ ! તમારે આવું નહોતું કરવું જોઈતું. કારણકે જેમ સૌ દેવો તમારામાંથી પ્રકટ્યા છે એમ (અમે) દૈત્યો પણ તમારામાંથી જ પ્રકટ્યા છીએ." (૧–૧૦૪)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

विघ्नानां वचनं श्रुत्वा ब्रह्मा वचनमब्रवीत् ।
अलं वो मन्युना दैत्या विषादं त्यजतानघाः ॥१०५॥

વિઘ્નો (=વિશેષ રૂપે હનન = ભાંગફોડ કરનારા દૈત્યો)નું આવું કહેવું સાંભળીને બ્રહ્માજીએ આ વાક્ય કહ્યું : હે અનઘો (= નિષ્પાપ, નિખાલસ) દૈત્યો ! તમે રોષ કરવાથી અટકી જાવ, અને (મારા તરફની નિરાશાથી જન્મેલ) વિષાદને છોડી દો. (૧–૧૦૫)

भवतां देवतानां च शुभाशुभविकल्पकः ।
कर्मभावान्वयापेक्षी नाट्यवेदो मया कृतः ॥१०६॥

મેં આ જે નાટ્યવેદ રચ્યો છે તે તમારા (=દૈત્યોના) અને દેવતાઓના શુભ અને અશુભનાં કારણને સમજાવનારો છે; તથા (દેવો અને દૈત્યોનાં) કર્મો, ભાવો (=સ્વભાવો) અને વંશ(ને પ્રકટ કરવા)ની અપેક્ષા સાથે રચ્યો છે. (૧–૧૦૬)

नैकान्ततोऽत्र भवतां देवानां चानुभावनम् ।
त्रैलोक्यस्यास्य सर्वस्य नाट्यं भावानुकीर्तनम् ॥१०७॥

અહીં (=નાટ્ય પ્રયોગમાં) કેવળ તમારું (=દૈત્યોનું) જ, કે દેવોનું જ અનુભાવન (=અનુકરણ) નથી રજૂ કરવામાં આવતું. આ નાટ્ય તો આ સકળ ત્રિલોકના ભાવોનું અનુકીર્તન રજૂ કરનાર છે.

क्वचिद्धर्मः क्वचित्क्रीडा क्वचिदर्थः क्वचिच्छमः ।
क्वचिद्धास्यं क्वचिद्युद्धं क्वचित्कामः क्वचिद्वधः ॥१०८॥

[ડૉ. શ્રી તપસ્વી નાન્દીએ કરેલો અનુવાદ :– અહીં કેવળ તમારું જ કે ફક્ત દેવોનું જ અનુભાવન (ચારિત્ર્ય દર્શન) નથી. નાટ્ય તો આ સકળ ત્રિલોકનું ભાવાનુકીર્તન છે. (=સકળ સંસારના ભાવોનું કલાના માધ્યમથી પ્રકાશન છે.]"

ક્યાંક ધર્મ, ક્યાંક ક્રીડા, ક્યાંક અર્થ (=રાજકારણ), ક્યાંક શમ (અથવા શ્રમ), ક્યાંક હાસ્ય, ક્યાંક યુદ્ધ, ક્યાંક કામ, તો વળી બીજે ક્યાંક વધ – (આ નાટ્યમાં રજૂ થાય છે.) (૧ – ૧૦૮)

धर्मो धर्मप्रवृत्तानां कामः कामोपसेविनाम् ।
निग्रहो दुर्विनीतानां विनीतानां दमक्रिया ॥१०९॥
क्लीबानां धाष्टर्यजननमुत्साहः शूरमानिनाम् ।
अबुधानां विबोधश्च वैदुष्यं विदुषामपि ॥११०॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ईश्वराणां विलासश्च स्थैर्यं दुःखार्दितस्य च ।
अर्थोपजीविनामर्थो धृतिरुद्विग्नचेतसाम् ॥१११॥
नानाभावोपसम्पन्नं नानावस्थान्तरात्मकम् ।
लोकवृत्तानुकरणं नाट्यमेतन्मया कृतम् ॥११२॥

ધર્મમાં પ્રવૃત્ત થયેલાઓને માટે ધર્મ, કામનું સેવન કરનારાઓને માટે કામ, દુર્વિનીતો (= બહેકી ગયેલા, અભિમાનથી બેકાબુ બનેલાઓ)નું નિયંત્રણ અને વિનીત વ્યક્તિઓની દમનક્રિયા (=સંયમિત પ્રવૃત્તિઓનું પ્રદર્શન થાય છે.)

નપુંસક લોકોની ધૃષ્ટતાનું પ્રકટીકરણ, શૂરવીરો અને સ્વામાનીઓનો ઉત્સાહ, અબુધ લોકોને માટે બોધ અને વિદ્વાનોને માટે વૈદુષ્ય (દર્શાવાય છે.)

ઈશ્વરો (ધનવાન માલિકો) માટે વિલાસ અને દુઃખથી પીડાયેલાઓને માટે સ્થિરતા (કેવી હોઈ શકે ? – એ), (કેવળ) પૈસાને માટે જીવનાર વ્યક્તિને માટે (સાચો) 'અર્થ' અને ઉદ્વિગ્ન ચિત્તવાળાઓને માટે ધૃતિ (કેવી હોવી જોઈએ ?) (તેનું નિરૂપણ થાય છે.)

આમ, મેં (ભરતમુનિએ) જુદા જુદા પ્રકારના ભાવોથી યુક્ત, જુદી જુદી અવસ્થાઓવાળું અને લોકવૃત્તના અનુકરણ સ્વરૂપ એવું 'નાટ્ય' રચ્યું છે. (૧–૧૦૯ થી ૧૧૨)

उत्तमाधममध्यानां नराणां कर्मसंश्रयम् ।
हितोपदेशजननं धृतिक्रीडासुखादिकृत् ॥११३॥

ઉત્તમ, અધમ અને મધ્યમ પ્રકારના માણસોનાં કર્મ ઉપર આધારિત એવું આ (નાટ્ય) હિતનો ઉપદેશ કરનારું હોવા ઉપરાંત (લોકોને) ધૃતિ, ક્રીડા (મનોરંજન) અને સુખ વગેરે આપનાર છે. (૧–૧૧૩)

(एतद्रसेषु भावेषु सर्वकर्मक्रियास्वथ ।
सर्वोपदेशजननं नाट्यं लोके भविष्यति ॥)
दुःखार्तानां श्रमार्तानां शोकार्तानां तपस्विनाम् ।
विश्रान्तिजननं काले नाट्यमेतद्भविष्यति ॥११४॥

[અધિક શ્લોક : – વિવિધ રસોમાં, જુદા જુદા ભાવોમાં અને સર્વ પ્રકારની ક્રિયાઓને વિશે પ્રવૃત્ત થયું હોવાથી લોકમાં આ નાટ્ય સૌને ઉપદેશ આપનારું બની રહેશે.]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

દુઃખથી પીડાયેલા, શ્રમથી કચડાયેલા અને શોકમાં ડૂબેલા બિચારાં /દુઃખિયારાં લોકોને માટે આ નાટ્ય (ભજવાતું હશે એટલા) સમયગાળામાં વિશ્રાન્તિ આપનારું બની રહેશે. (૧–૧૧૪)

धर्म्यं यशस्यमायुष्यं हितं बुद्धिविवर्धनम् ।
लोकोपदेशजननं नाट्यमेतद्भविष्यति ॥११५॥
न तज्ज्ञानं न तच्छिल्पं न सा विद्या न सा कला ।
नासौ योगो न तत्कर्म नाट्येऽस्मिन् यन्न दृश्यते ॥११६॥

આ નાટ્ય લોકમાં હિતોપદેશ કરનારું હોવાથી ધર્મ–પ્રવર્તક, યશકારક, આયુષ્યવર્ધક, હિતકારી અને બુદ્ધિને પણ વધારનારું બની રહેશે. (૧–૧૧૫)

એવું કોઈ જ્ઞાન નથી, એવું કોઈ શિલ્પ નથી, એવી કોઈ વિદ્યા કે એવી કોઈ કલા નથી; એવો કોઈ યોગ નથી કે એવું કોઈ કર્મ નથી કે જે આ નાટ્ય(પ્રયોગ)માં ન દર્શાવી શકાય. (૧–૧૧૬)

तन्नात्र मन्युः कर्तव्यो भवद्भिरमरान्प्रति ।
सप्तद्वीपानुकरणं नाट्यमेतद्भविष्यति ॥११७॥

માટે તમારે (=દૈત્યોએ) દેવતાઓ તરફ રોષ રાખવાની જરૂર નથી, ટૂંકમાં આ નાટ્ય તો સાતેય દ્વીપો(માં બનતી ઘટનાઓ)ના અનુકરણ રૂપ બની રહેશે. (૧–૧૧૭)

(येनानुकरणं नाट्यमेतत्तद्यन्मया कृतम् ॥)
देवानामसुराणां च राज्ञामथ कुटुम्बिनाम् ।
ब्रह्मर्षीणां च विज्ञेयं नाट्यं वृत्तान्तदर्शकम् ॥११८॥

[કારણકે મેં આ નાટ્યને ‘અનુકરણ’ સ્વરૂપવાળું બનાવ્યું છે, તેથી] દેવો, અસુરો, રાજાઓ, કુટુમ્બીજનો (=ગૃહસ્થીઓ) અને બ્રહ્મર્ષિઓના વૃત્તાન્તને બતાવનારું આ ‘નાટ્ય’ છે – એમ (તમારે અસુરોએ) જાણવું / સમજવું જોઈએ. (૧–૧૧૮)

योऽयं स्वभावो लोकस्य सुखदुःखसमन्वितः ।
सोऽङ्गाद्यभिनयोपेतो नाट्यमित्यभिधीयते ॥११९॥

લોક(સમૂહ)નો સુખ – દુઃખથી સમન્વિત જે આ સ્વભાવ છે તે જ જ્યારે અંગ (વાણી) વગેરેના (=આંગિક, વાચિક વગેરે) અભિનયોથી યુક્ત (થઈને રજૂ) થાય છે ત્યારે તે ‘નાટ્ય’ એવા નામે ઓળખાય છે. (૧–૧૧૯)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(वेदविद्येतिहासानामाख्यानपरिकल्पनम् ।
विनोदकरणं लोके नाट्यमेतद्भविष्यति ॥
श्रुतिस्मृतिसदाचारपरिशेषार्थकल्पनम् ।
विनोदजननं लोके नाट्यमेतद्भविष्यति ॥)
एतस्मिन्नन्तरे देवान् सर्वानाह पितामहः ।
क्रियतामद्य विधिवद्यजनं नाट्यमण्डपे ॥१२०॥

[અધિક શ્લોકો :– વેદવિદ્યા અને ઈતિહાસ(ની કથાઓ)નું જેમાં આખ્યાન રૂપે પરિકલ્પન થશે તેવું આ નાટ્ય આ લોકમાં વિનોદ જન્માવનારું બની રહેશે. શ્રુતિ, સ્મૃતિ, સદાચાર અને બાકી રહી જતી વિગતોની કલ્પનાઓ જેમાં રજૂ થઈ શકશે તેવું આ 'નાટ્ય' આ લોકમાં વિનોદ આપનારું બની રહેશે.]

(આમ નાટ્ય – સ્વરૂપનું કથન ચાલુ હતું) એટલામાં વચ્ચે જ પિતામહ બ્રહ્માજીએ સૌ દેવોને કહ્યું કે – આ નાટ્યમંડપમાં આજે વિધિવત્ યજ્ઞ કરવામાં આવે. (૧–૧૨૦)

बलिप्रदानैर्होमैश्च मन्त्रौषधिसमन्वितैः ।
भोज्यैर्भक्ष्यैश्च पानैश्च बलिः समुपकल्प्यताम् ॥१२१॥

બલિ ચઢાવવા વડે અને મન્ત્રો તથા ઔષધિઓથી યુક્ત એવા હોમ વડે તેમાં ભોજ્ય અને ભક્ષ્ય પદાર્થોથી તથા પેય (પીણાંઓ) વડે બલિને સમર્પિત કરવામાં આવે. (૧–૧૨૧)

मर्त्यलोकगताः सर्वे शुभां पूजामवाप्स्यथ ।
अपूजयित्वा रङ्गं तु नैव प्रेक्षां प्रवर्तयेत् ॥१२२॥

(અહીં જો યજ્ઞ કરશો તો જ, હે દેવો !) તમે સૌ પણ, કે જેઓ પૃથિવીલોકમાં (પૂજ્ય દેવો તરીકે ખ્યાતિ પામ્યા) છો, તેઓ શુભ પૂજા પામી શકશો. વળી, રંગભૂમિની પૂજા કર્યા વિના તો ક્યારેય પ્રેક્ષા = (નાટ્યપ્રયોગ)નો પ્રારંભ કરવો જ નહીં. (૧–૧૨૩)

अपूजयित्वा रङ्गं तु यः प्रेक्ष्यां कल्पयिष्यति ।
निष्फलं तस्य तत् ज्ञानं तिर्यग्योनिं च यास्यति ॥१२३॥

રંગભૂમિની પૂજા કર્યા વિના જે (સૂત્રધાર) પ્રેક્ષ્યાને (નાટ્યપ્રયોગને) બતાવશે તેનું જ્ઞાન નિષ્ફળ જશે અને તે તિર્યક્ યોનિ (= પશુ પક્ષીનો જન્મ) પામશે. (૧–૧૨૩)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

यज्ञेन संमितं ह्येतद्रङ्गदैवतपूजनम् ।
तस्मात्सर्वप्रयत्नेन कर्तव्यं नाट्ययोक्तृभिः ॥१२४॥

રંગ–દેવતાનું આવું પૂજન તે યજ્ઞ કરવા બરોબર છે, માટે નાટ્ય યોજનારાઓએ બધા પ્રયત્નો કરીને તે (પૂજન) તો કરવું જ જોઈએ. (૧–૧૨૪)

नर्तकोऽर्थपतिर्वापि यः पूजां न करिष्यति ।
न कारयिष्यत्यन्यैर्वा प्राप्नोत्यपचयं तु सः ॥१२५॥

નર્તક હોય કે ધનપતિ (=રાજા) હોય – પણ જે (રંગદેવતાની) પૂજા કરશે નહીં, અથવા બીજા પાસે (પૂજા) કરાવશે નહી, તે નુકસાન પામશે. (૧–૧૨૫)

यथाविधि यथादृष्टं यस्तु पूजां करिष्यति ।
स लप्स्यते शुभानर्थान् स्वर्गलोकं च यास्यति ॥१२६॥

જે વ્યક્તિ વિધિ મુજબ (શાસ્ત્રમાં) જોવા મળતું હોય તે રીતનું પૂજન કરશે, તે કલ્યાણકારી લાભોને મેળવશે અને સ્વર્ગલોકમાં પણ જશે. (૧–૧૨૬)

एवमुक्त्वा तु भगवान्द्रुहिणः सहदैवतैः ।
रङ्गपूजां कुरुष्वेति मामेवं समचोदयत् ॥१२७॥

આ પ્રમાણે કહીને બીજા દેવતાઓની સાથે રહેલા ભગવાન્ દ્રુહિણ (=બ્રહ્માજી)એ મને "(તું) રંગપૂજા કર" એમ પ્રેરણા કરી.

इति भारतीये नाट्यशास्त्रे नाट्योत्पत्तिर्नाम प्रथमोऽध्यायः ॥

આમ ભરતમુનિએ રચેલા નાટ્યશાસ્ત્રમાં "નાટ્યોત્પત્તિ" નામનો પ્રથમ અધ્યાય પૂરો થયો.

● ● ●

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

પ્રકરણ–૬

નાટ્યશાસ્ત્ર (પ્રથમ–અધ્યાય)

ટૂંકા/હેતુલક્ષી પ્રશ્નો

(૧) નાટ્યશાસ્ત્રની રચના કોણે કરી છે ? – જ. ભરતમુનિએ

(૨) કોના વડે કહેવાયેલા નાટ્યશાસ્ત્રની રચના ભરતમુનિએ કરી છે ?
જ. બ્રહ્માજીએ કહેલાં

(૪) બ્રહ્માનું બીજું નામ શું છે ? – જ. દ્રુહિણ.

(૫) કોની વિનંતીથી ભરતમુનિએ નાટ્યવેદની ઉત્પત્તિકથા કહી છે ?
જ. આત્રેય વગેરે મુનિઓની

(૬) આ લોકમાં ગ્રામ્ય ધર્મ ક્યારે ફેલાવા લાગ્યો ? – જ. ત્રેતાયુગમાં

(૭) આ ત્રેતાયુગ કયા મન્વન્તરમાં શરૂ થયો છે ?
જ. મનુના વૈવસ્વત મન્વંતરમાં

(૮) મહેન્દ્ર જેમાં પ્રમુખ છે એવા દેવોએ પિતામહ બ્રહ્મા પાસે જઈને શું માંગ્યું ? જ. ક્રીડનીયક (રમકડું)

(૯) ઈન્દ્રે કેવા ક્રીડનીયકની માંગણી કરી હતી ?
જ. જે 'દશ્ય' પણ હોય અને જે 'શ્રાવ્ય' પણ હોય તેવા ક્રીડનીયકની

(૧૦) 'નાટ્યવેદ' કેટલામો વેદ છે ? જ. પાંચમો વેદ છે.

(૧૧) પાંચમો (નાટ્ય)વેદ કયા વર્ણ માટે લખાયો છે ?
જ. સર્વ વર્ણોની પ્રજા માટે લખાયો છે.

(૧૨) વર્ણોના ભેદભાવ વિના – સાર્વવર્ણિક વેદ રૂપે શું લખાયું છે ?
જ. પાંચમો નાટ્યવેદ.

(૧૩) નાટ્યવેદની રચના કરવા માટે બ્રહ્માએ ઋગ્વેદમાંથી શું લીધું ?
જ. પાઠ્ય અંશ (=વાચિક અભિનય લીધો.)

(૧૪) નાટ્યવેદની રચના માટે સામવેદમાંથી શું લીધું ? – જ. ગીત તત્ત્વ લીધું.

(૧૫) ચાર ઉપવેદો કયા કયા છે ?
જ. ઋગ્વેદનો ઉપવેદ આયુર્વેદ છે, યજુર્વેદનો ધનુર્વેદ (શસ્ત્રવિદ્યા),

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સામવેદનો ગંધર્વવેદ (સંગીતવિદ્યા) અને અથર્વવેદનો ઉપવેદ અર્થવેદ (ખેતી અને વ્યાપારવિદ્યા) છે. (એક મતાન્તરઃ સુશ્રુતના મતે આયુર્વેદ તે અથર્વવેદનો ઉપવેદ છે.)

(૧૬) આંગિક અભિનય શેમાંથી લીધો ?
જ. યજુર્વેદમાંથી આંગિક અભિનય લીધો.

(૧૭) નાટ્યવેદની રચના વખતે રસ ક્યાંથી લીધા ?
જ. અથર્વવેદમાંથી રસ લીધા.

(૧૮) ઈન્દ્રે દેવોને કઈ બાબતમાં અયોગ્ય કહ્યા છે ?
જ. નાટ્યને ધારણ કરવા અને ભજવવા માટે દેવોને અયોગ્ય કહ્યા છે.

(૧૯) નાટ્યપ્રયોગ કરનારાઓમાં કેવા ગુણો હોવા અપેક્ષિત છે ?
જ. નટો કુશળ, વિદગ્ધ, પ્રગલ્ભ અને શ્રમને જીતી લેનારા હોવા જોઈએ. (દેવોમાં આ ગુણો ન હતા; કેમ કે તેઓ સુખિયા જીવો હતા.)

(૨૦) નાટ્યવેદનો પ્રયોગ કરવામાં કોણ યોગ્ય હતું ?
જ. ઋષિ મુનિઓ, દા.ત. ભરતમુનિ.

(૨૧) ભરતને કેટલા પુત્રો હતા ?
જ. એક સો.

(૨૧) શાંડિલ્ય, વાત્સ્ય, કોહલ, દત્તિલ વગેરે કોના નામો છે ?
જ. ભરતના પુત્રોના.

(૨૨) ભરતે કોની આજ્ઞાથી પોતાના પુત્રોને નાટ્યપ્રયોગ શીખવ્યો ?
જ. પિતામહ બ્રહ્માની.

(૨૩) ભરતના પુત્રોની નામાવલીમાં કુલ કેટલાં નામો છે ?
જ. (સો નહીં,) એકસો પાંચ.

(૨૪) ભરતે કઈ કઈ વૃત્તિને આધારે નાટ્યપ્રયોગ પ્રયોજ્યો ? –
જ. ભારતી, સાત્ત્વતી, અને આરભટી.

(૨૫) ભરતને બહ્માજી પાસેથી છેલ્લી કઈ વૃત્તિ મળી ?
જ. કૈશિકી વૃત્તિ.

(૨૬) કૈશિકીવૃત્તિની સામગ્રી કઈ કઈ છે ?
જ. નૃત્ત અને અંગહાર.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૨૭) કૈશિકીવૃત્તિ કયા રસમાંથી નિષ્પન્ન થઈ છે ?
જ. શૃંગાર રસમાંથી.

(૨૮) કઈ વૃત્તિ પુરુષોથી પ્રયોજવી શક્ય નથી ?
જ. કૈશિકીવૃત્તિ.

(૨૯) કઈ વૃત્તિ સ્ત્રીઓથી જ પ્રયોજી શકાય એવી છે ?
જ. કૈશિકી વૃત્તિ.

(૩૦) બ્રહ્માજીએ અપ્સરાઓનું સર્જન કેમ કર્યું ?
જ. પુરુષોથી કૈશિકીવૃત્તિ ભજવી શકાય એમ ન હતું, તેથી.

(૩૧) બ્રહ્માએ નાટ્ય માટે કેટલી અપ્સરાઓ સર્જી ?
જ. ૨૪. (ચોવીસ)

(૩૨) બ્રહ્માએ નાટ્યમાં ગાન કરવા કોને નિયુક્ત કર્યા ?
જ. નારદ વગેરે ગન્ધર્વોને.

(૩૩) નાટ્યવેદ રચાયા પછી ભરતે પહેલો નાટ્યપ્રયોગ કયા પ્રસંગે કર્યો ?
જ. ઇન્દ્રમહ (ઇન્દ્રધ્વજપૂજન) પ્રસંગે.

(૩૪) પહેલા નાટ્યપ્રસંગની 'નાન્દી' કેટલાં પદવાળી હતી ?
જ. અષ્ટાંગ પદોવાળી નાન્દી હતી.

(૩૫) પહેલી નાટ્યાનુકૃતિમાં કઈ વસ્તુ હતી ?
જ. 'દેવો વડે દૈત્યો જીતાઈ ગયા'ની વસ્તુ હતી.

(૩૬) પહેલા નાટ્યપ્રયોગમાં કેવા પ્રકારનાં વાક્યોનો ઉપયોગ કરાયો હતો ?
જ. 'સંફેટ' પ્રકારનાં વાક્યો.

(૩૭) રાજી થયેલા દેવોએ કોને ઉપકરણો (=નાટ્યસામગ્રી) આપેલ હતી ?
જ. ભરતના સો પુત્રોને.

(૩૮) નાટ્યપ્રયોગમાં ઉપયોગી 'સિંહાસન' કોણે આપ્યું ?
જ. વિષ્ણુએ.

(૩૯) વિદૂષકને ઉપયોગી થાય એવો વક્રદંડ કોણે આપ્યો ?
જ. બ્રહ્માએ

(૪૦) વરુણદેવે કયું ઉપકરણ આપ્યું ? – જ. ભૃંગાર (કમંડળ અથવા ઝારી)

(૪૧) વાયુદેવે શું આપ્યું ? જ. વીંઝણો (પંખો).

(૪૨) શિવજીએ શું આપ્યું ? – જ. સિદ્ધિ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૪૩) છત્ર કોણે આપ્યું ? – જ. સૂર્યે.

(૪૪) મુકુટ કોણે આપ્યો ? – જ. કુબેરે.

(૪૫) દેવી સરસ્વતીએ કયું નાટ્યોપકરણ આપ્યું ?
જ. પ્રેક્ષણીયને શ્રાવ્યત્વ આપ્યું.

(૪૬) નાટ્યપ્રયોગમાં 'વાણી' કોણે આપી ? – સરસ્વતીએ

(૪૭) સરસ્વતી દેવી થકી નાટ્યપ્રયોગ કેવો બન્યો ?
જ. શ્રવણીય (=સાંભળવા યોગ્ય) બન્યો.

(૪૮) આ બધાં નાટ્યોપકરણથી જ્યારે નાટ્યપ્રયોગ શરૂ થયો ત્યારે કોણ ખળભળી ઊઠ્યા ?
જ. દૈત્યો (રોષે ભરાયા.)

(૪૯) અસુરોએ વિઘ્નોની સાથે કોનું આશ્રયણ કર્યું ?
જ. માયાનું.

(૫૦) અસુરોની માયાથી નાટ્યપ્રયોગમાં શું થયું ?
જ. નટોની વાણી, ચેષ્ટા અને સ્મૃતિ સ્થગિત થયા.

(૫૧) ઇન્દ્રે ધ્યાનમાં શું જોયું ?
જ. સભાગૃહ વિઘ્નોથી ઘેરાઈ ગયું છે અને સૂત્રધાર જડ થઈને, બેભાન પડ્યો છે.

(૫૨) ઇન્દ્રે કયા આયુધથી વિઘ્નોને ખોખરાં કરી દીધા ? 'જર્જર' (ઊભો બાંબુ/વાંસડો)

(૫૩) દૈત્યો શેનાથી જર્જરિત દેહવાળા થઈ ગયા ?
જ. ઇન્દ્રના 'જર્જર' નામના આયુધથી

(૫૪) ઇન્દ્રના આયુધનું નામ 'જર્જર' કેમ પડ્યું ?
જ. તે આયુધથી દૈત્યોને જર્જરિત કરવામાં આવ્યા હતા, માટે.

(૫૫) દૈત્યોએ ફરીથી ઉપદ્રવ શરૂ કર્યો ત્યારે નાટ્યની રક્ષા ગોઠવવાનું બ્રહ્માને કોણે કહ્યું ?
જ. ભરતમુનિએ.

(૫૬) બ્રહ્માએ કોને બોલાવીને નાટ્યગૃહનું નિર્માણ કરાવ્યું ?
જ. વિશ્વકર્માને.

(૫૭) વિશ્વકર્માએ નાટ્યગૃહનું નિર્માણ કર્યુ તે પહેલાં ભરતે નાટ્યપ્રયોગ ક્યાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કર્યો હતો ?

જ. ખુલ્લા આકાશ નીચે. (મુક્ત આકાશી મંચ ઉપર)

(૫૮) બ્રહ્માએ વિશ્વકર્માએ બાંધેલા નાટ્યગૃહની રક્ષા કરવાનું કામ કોને સોંપ્યું ?

જ. દેવોને.

(૫૯) બ્રહ્માએ ચન્દ્રમાને કોની રક્ષા માટે નિયુક્ત કર્યા ?

જ. નાટ્યમંડપની

(૬૦) નાટ્યગૃહની દિશાઓ અને વિદિશાઓની સાચવણી કોને સોંપાઈ ?

જ. લોકપાલો અને મરુતોને.

(૬૧) નેપથ્યભૂમિની સાચવણી કોને સોંપાઈ ?

જ. સૂર્ય (મિત્ર) ને.

(૬૨) વરુણદેવને ક્યાં સ્થાપ્યા ? જ. આકાશમાં.

(૬૩) વાદળોને કોને (શું) સાચવવા કહ્યું ?

જ. ભાણ્ડ (સંગીતનાં વાજીંત્રો)

(૬૪) 'વેદિકા'નું રક્ષણ કોણે કરવાનું છે ? – જ. અગ્નિએ.

(૬૫) નાટ્યગૃહના થાંભલા કોણ સાચવશે ?

જ. ચારેય વર્ણના લોકો.

(૬૬) આદિત્યો અને રુદ્રોને શું કામ સોંપ્યું ?

જ. નાના મોટા થાંભલાઓ સાચવવાનું.

(૬૭) અપ્સરાઓને ક્યાં ગોઠવી ?

જ. માળાઓ ઉપર

(૬૮) મહાસમુદ્રને શું સાચવવાનું સોંપ્યું ?

જ. પૃથિવીતલને

(૬૯) નાટ્યગૃહની દ્વારશાળા ઉપર કોને ઊભા રાખ્યા ?

જ. યમરાજ અને કાળને.

(૭૦) દ્વારપત્ર ઉપર કોને સ્થાપ્યા ? જ. શેષનાગ અને ગુલિક નાગને.

(૭૧) યમદંડને ક્યાં મૂક્યો ?

જ. દેહલી ઉપર

(૭૨) ત્રિશુળને ક્યાં મૂક્યું ?

જ. દ્વારની ઉપર

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૭૩) મહેન્દ્ર પોતે ક્યાં ઊભા રહ્યા ?
જ. રંગપીઠની પાછળ. (પાર્શ્વમાં)

(૭૪) 'મત્તવારિણી'નો ભાગ કોણ સાચવશે ?
જ. વિદ્યુત

(૭૫) 'જર્જર' ની ઉપર શું મૂકવામાં આવ્યું ?
જ. વજ્ર

(૭૬) વજ્રના ચાર સાંધાઓ ઉપર કોને કોને નિયુક્ત કર્યા છે ?
જ. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને કાર્તિકેય (=સ્કન્ધ)

(૭૭) નાટ્યપ્રયોગની સફળતા માટે પહેલાં શું થાય છે ?
જ. રંગપીઠના મધ્યભાગે પુષ્પ ચઢાવવામાં આવે છે.

(૭૮) નાટ્યપ્રયોગમાં નાયક અને નાયિકાની રક્ષા કોને કોને સોંપવામાં આવી છે ?
જ. ઈન્દ્રને અને સરસ્વતીને

(૭૮) વિદૂષકને કોણ સાચવશે ?
જ. ૐ કાર.

(૭૯) શંકર કોને કોને સાચવશે ?
જ. અન્ય નટ – નટીઓને.

(૮૦) નાટ્યગૃહની સાચવણી જુદા જુદા દેવોને સોંપ્યા પછી, (નાટ્યગૃહની સાચવણી દેવોએ સ્વીકારી લીધા પછી) દેવોએ બ્રહ્માને શી સલાહ આપી ?
જ. દૈત્યો અને વિઘ્નોની સાથે "સામ" (સમજાવટ) થી કામ લેવાની સલાહ દેવોએ આપી.

(૮૧) 'સામ' ના ઉપાય પછી, કયા ક્રમે, કયો ઉપાય વાપરવો જોઈએ ?
જ. સામ પછી બીજા ક્રમે 'દાન' અને ત્રીજા ક્રમે 'ભેદ' ઉપાય વાપરવો.

(૮૨) 'દંડ' ઉપાય ક્યારે વાપરી શકાય ?
જ. આગળના ત્રણ ઉપાય નિષ્ફળ જાય ત્યારે, ન છુટકે જ.

(૮૩) દૈત્યોનો અગ્રેસર કોણ હતો ?
જ. વિરૂપાક્ષ

(૮૪) દૈત્યોએ પહેલા નાટ્યપ્રયોગમાં તોડફોડ મચાવી હતી – તેનું વિરૂપાક્ષે શું

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

કારણ આપ્યું છે ?

જ. દૈત્યોને એમ લાગ્યું હતું કે તમે અમારું (દૈત્યોનું) અપમાન કરવા (હલકા ચીતરવા) આ નાટ્યપ્રયોગ ગોઠવ્યો છે; તથા નાટ્યવેદ દેવોની માંગણીથી બનાવ્યો છે.

(૮૫) બ્રહ્માજીએ શો ખુલાસો કર્યો ?

જ. નાટ્યપ્રયોગથી કેવળ દેવો કે કેવળ દાનવોનું અનુકરણ (મજાક/મશ્કરી) નથી રજૂ કરાતું; આમાં તો ત્રણેય લોકનું "અનુકીર્તન" (=શાબ્દિક પુનઃકથન) રજૂ કરવામાં આવે છે.

(૮૬) નાટ્યમાં શું શું રજૂ થઈ શકે છે ?

જ. ધર્મ, ક્રીડા, અર્થ, શમ, હાસ્ય, યુદ્ધ, કામ, વધ જેવી તમામ ઘટનાઓ રજૂ થઈ શકે છે.

(૮૭) 'નાટ્ય' હિતોપદેશને જન્માવનારું હોવા ઉપરાંત શું કરે છે ?

જ. ધૃતિ, ક્રીડા અને સુખ પહોંચાડે છે.

(૮૮) 'નાટ્ય' હિતોપદેશ કરનારું હોવાથી બીજું શું શું કરે છે ?

જ. ધર્મપ્રવર્તક, યશકારક, આયુષ્યવર્ધક અને બુદ્ધિવર્ધક છે.

(૮૯) 'નાટ્ય'માં શું શું રજૂ કરી શકાય છે ?

જ. કોઈ પણ જ્ઞાન, શિલ્પ, વિદ્યા, કલા, યોગ, કર્મ વિગેરે.

(૯૦) સાતેય દ્વીપોની ઘટનાઓનું અનુકરણ ક્યાં રજૂ થાય છે ?

જ. નાટ્યમાં.

(૯૧) નાટ્યસ્વરૂપના કથન દરમ્યાન બ્રહ્માજીએ એકાએક (વચ્ચે) શું કહ્યું ?

જ. દેવોને વિધિવત્ યજ્ઞ કરવાનું કહ્યું.

(૯૨) રંગભૂમિની પૂજા કર્યા વિના જો નાટ્યપ્રયોગ કરવામાં આવે તો શું થાય ?

જ. સૂત્રધારનું જ્ઞાન નિષ્ફળ જાય અને બીજે જન્મે તે તિર્યક્ યોનિમાં જાય.

(૯૩) રંગપૂજન કરનારને શું લાભ થશે ?

જ. આ લોકમાં કલ્યાણકારી લાભો મળશે, અને પછી સ્વર્ગલોક મળશે.

(૯૪) 'નાટ્ય' ની સાચી ઓળખ આપતાં ભરતે શું કહ્યું છે ?

જ. "ભાવોનું અનુકીર્તન" – તે નાટ્ય છે.

(૯૫) નાટ્યશાસ્ત્રના પ્રથમ પ્રવક્તા કોણ છે ?

જ. બ્રહ્મા.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

(૯૬) મહેશ્વર શંકરે નાટ્યને કેવી રીતે પુષ્ટ કર્યું ?
જ. તાંડવ અને લાસ્ય નૃત્ય આપીને.

(૯૭) ભરતમુનિએ નાટ્યશાસ્ત્રને લગતાં કયા પાંચ પ્રશ્નો રજૂ કર્યા છે ?
જ. (૧) નાટ્યવેદ કેવી રીતે ઉત્પન્ન થયો ?
(૨) નાટ્યવેદ કોને માટે ઉત્પન્ન કર્યો છે ?
(૩) નાટ્યવેદનાં કેટલાં અંગો છે ?
(૪) નાટ્યવેદનું પરિમાણ (=વિસ્તાર) કેટલું છે ?
(૫) નાટ્યવેદનો પ્રયોગ કેવી રીતે થાય છે ?

(૯૮) નાટ્ય રૂપી ક્રીડનીયકની શી વિશેષતા હોય છે ?
જ. નાટ્ય 'દશ્ય' (દેખવા યોગ્ય) હોવા ઉપરાંત 'શ્રવ્ય' (સાંભળવા યોગ્ય) પણ હોય છે, એટલે કે તેનાથી ચક્ષુરિન્દ્રિય અને કર્ણેન્દ્રિયને આનંદ મળે છે.

(૯૯) નાટ્યના 'દશ્ય' ભાગમાં શું હોય ? અને 'શ્રવ્ય' ભાગમાં શું હોય ? જ. દશ્ય ભાગમાં નૃત્ય હોય અને શ્રવ્ય ભાગમાં કથા – આખ્યાન હોય.

(૧૦૦) નૃત્ય રૂપ 'દશ્ય'થી શેની પ્રાપ્તિ થાય ? અને કથા – આખ્યાન રૂપ 'શ્રવ્ય'થી પ્રેક્ષકોને શેની પ્રાપ્તિ થાય ?
જ. નૃત્યથી આહ્લાદ/વિનોદનની પ્રાપ્તિ થાય, અને કથા – આખ્યાનથી વ્યુત્પત્તિ (જ્ઞાન)ની પ્રાપ્તિ થાય.

(૧૦૧) 'ક્રીડનીયક' શબ્દમાં જોડાયેલા 'क' પ્રત્યયનો શો અર્થ વિચારવામાં આવ્યો છે ?
જ. અહીં क પ્રત્યય સ્વાર્થે નથી, પણ "અજ્ઞાતાર્થક" છે. અર્થાત્ નાટ્યપ્રયોગ દ્વારા, પ્રેક્ષકોને ખબર પણ ના પડે તેવી રીતે તેમના મનમાં હિતકારક ઉપદેશ પહોંચાડી શકાય છે.

(૧૦૨) 'નાટ્ય'ને 'વેદ' કેમ કહ્યો છે ?
જ. ઋગ્વેદ વગેરે ચારેય વેદોમાંથી જ અમુક અમુક તત્ત્વો લઈને 'નાટ્ય'નું નિર્માણ કર્યું છે, તેથી તેને પણ "વેદ" સંજ્ઞા અપાઈ છે.

(૧૦૩) ભરતમુનિએ 'નાટ્ય'નું ગૌરવ બતાવવા/વધારવા 'નાટ્ય'ની કેવી કેવી રીતે ઓળખ આપી છે ?
જ. ભરતમુનિએ નાટ્યને "ક્રીડનીયક" અને "પાંચમો વેદ" કહીને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

ઓળખ આપી છે.

(૧૦૪) નાટ્યને 'ક્રીડનીયક' તરીકે ઓળખાવીને તેના કયા પાસા તરફ આંગળી ચીંધાઈ છે ?

જ. નાટ્ય રસપ્રદ હોય છે – એ તરફ ધ્યાન દોરવા તેને 'ક્રીડનીયક' કહેવાયેલ છે.

(૧૦૫) નાટ્યને 'પાંચમો વેદ' કહીને શેના તરફ અંગુલિનિર્દેશ કરવામાં આવેલ છે ?

જ. નાટ્ય પ્રમાણભૂત છે, મોક્ષદાયક છે એમ સૂચવવા તેને પંચમવેદ કહ્યો છે.

(૧૦૬) નાટ્યશાસ્ત્રના પ્રથમાધ્યાયમાં કઈ કઈ ત્રણ ઉત્પત્તિકથાઓ આવેલી છે ?

જ. (૧) નાટ્યવેદ (Text), (૨) પ્રથમ નાટ્યપ્રયોગ અને; (૩) નાટ્યગૃહ.

(૧૦૭) નાટ્યગૃહનું પહેલા નિર્માણ થયું કે નાટ્યવેદનું નિર્માણ થયું ?

જ. નાટ્યવેદનું પ્રથમ નિર્માણ થયું.

(૧૦૮) નાટ્યપ્રયોગ પહેલા થયો કે 'નાટ્યગૃહ'નું નિર્માણ પહેલા થયું ?

જ. નાટ્યપ્રયોગ પહેલા થયો.

(૧૦૯) પહેલા નાટ્યપ્રયોગ કેવળ દૃશ્ય હતો કે શ્રવણીય પણ હતો ?

જ. કેવળ દૃશ્ય (=જોવા લાયક) જ હતો.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧

Vasant Bhatt Collection, Gujarat